॥ હરિઃૐ ॥

પૂજ્ય શ્રીમોટા

વિરચિત

# જીવનલહરિ

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪

© હરિઃૐ આશ્રમ, સુરત, નડિયાદ.

❑

| **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** | **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** |
|---|---|---|---|---|---|
| પ્રથમ | ૧૯૫૬ | ૧૦૦૦ | ત્રીજી | ૨૦૦૭ | ૨૫૦ |
| બીજી | ૧૯૭૪ | ૧૦૦૦ | ચોથી | ૨૦૧૦ | ૧૦૦૦ |

❑ પૃષ્ઠ : ૧૮ + ૨૨૨ = ૨૪૦

❑ કિંમત : **રૂ.** ૨૦/-

❑ **પ્રાપ્તિસ્થાન :**
હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની**
ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની**
બી/૮, રીપલ એપાર્ટમેન્ટ, નારાયણનગર,
પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪, ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

## (ચોથી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાના આદેશને માથે ચઢાવી જીવનપર્યંત
અવિવાહિત રહીને બાળકો, યુવાનોને સમુદ્ર તરણનો
અનુભવ કરાવનાર, નૌકા તાલીમ કેંદ્ર
અને મોન્ટર્સ ક્લબ, શિનોર, જિ. વડોદરાના સ્થાપક,
આ સંસ્થાઓમાં 'ડિઝાસ્ટર મેનેજમેન્ટ'ના વિવિધ કોર્સ
ચલાવી યુવાનોને ટ્રેનિંગ આપનાર,
સાગરખેડૂ, સાગર દિશાશોધક, ગુજરાત સરકારના
હસ્તે માનદ કમાંડરની પદવી પામનાર
અને
જીવનમાં જે કાંઈ પામ્યા છે, તે સર્વ પૂજ્ય શ્રીમોટાને
કારણે છે, એવી સમજ ધરાવનાર
માનદ કમાંડર **શ્રી પ્રકાશચંદ્ર એમ. પટેલને**
**'જીવનલહરિ'**ની આ ચોથી આવૃત્તિ
સમર્પિત કરતાં અમો આનંદ અનુભવીએ છીએ.

ગુરુપૂર્ણિમા — **ટ્રસ્ટીમંડળ,**
તા. ૨૫-૭-૨૦૧૦ — હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

# ભાવાંજલિ

## (પ્રથમ આવૃત્તિ)

## શ્રી ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલને

અધ્યક્ષ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય

(અનુષ્ટુપ)

મને મળ્યા કૃપાથી શા ! ને આવ્યા ઉપયોગમાં,
સંકલ્પ જે થયા તે આપે પાર ઉતારિયા,
ને કેટકેટલાનેયે આવ્યા શા ખપમાં તમે !
એવો વિસ્તાર ક્યાં ક્યાં છે ! શા ભળો સર્વમાં તમે ! ૧-૨

સંપૂર્ણ સાદગી કેવી પ્રેમગૌરવથી ભરી,
નમ્રતા આપની દેખી ધરું ભાવ હૃદે ચહી. ૩

કેવી કૃતાર્થતા સેવો કર્મે રત તમે રહી !
મળેલાં કર્મમાં પોતે સંપૂર્ણ દક્ષતા ધરી-
-પાર ઉતારવા તેને કૌશલ દાખવો ચહી,
કર્મમાં કાળવિક્ષેપ નકામો સહી લો નહીં. ૪-૫

કર્મ ફળાવવા પૂર્ણ તે તે કર્મની સાથની-
-યોગ્ય વ્યક્તિતણો ખ્યાલ આપને ઊગતો ત્યહીં. ૬

કર્મના સાથની સ્પૃહા આપની નીરખી સદા,
બોધપાઠ મને કેવો શીખવા મળતો તદા ! ૭

મળ્યું જે કર્મ તેનો શો ઉકેલ તુર્ત લાવીને,
-મૂકવા કર્મને ઊંચું, કૌશલ્ય કેવું દાખવો ! ૮

કર્મ ઉકેલવા કેવી હૃદે તત્પરતા વસે,
ને બુદ્ધિગમ્ય નિવેડો શીઘ્ર શા લાવી તે મૂકે ! ૯

કેટ-કેટલું જ્યાં ત્યાંયે કર્મ માટે ફર્યાં કરો !
શરીરશ્રમ ના જાણો, મહત્ત્વ કર્મનું ધરો. ૧૦

આપ અનેક સંસ્થામાં સંકળાયેલ શા ખરા !
આવવા ખપમાં કેવી આપની ઉપયોગિતા ! ૧૧

આપદા કેટલાંઓની ટાળવા કૃતનિશ્ચયી-
-કેવા છો આપ ! શાં એવાં થયાં દર્શન ભાવથી. ૧૨

કેવા નિપુણ સંસારે, કુશળ વ્યવહારમાં,
સર્વ સાથે મળી કર્મ કરવા શી પ્રસન્નતા ! ૧૩

નરી સરળતા મુગ્ધ કરી નાંખે જ એવી શી !
ભળી જવા બીજાનામાં શી વ્યવહારીતા ખરી ! ૧૪

બીજાને સમજી લેવા, તેનું તારતમ્ય દિલથી-
-હૈયાસૂઝ વરેલી છે, કુનેહ આપમાં વળી. ૧૫

એવા હું આપને પ્રેમે '**जीवनलहरि**' ધરી,
થઉં કૃતાર્થ પાદોમાં આ ભાવાંજલિ, હું સ્તવી. ૧૬

બાવળા
તા. ૧૨-૬-૧૯૭૧ **- મોટા**

॥ હરિઃૐ ॥

# સંપાદકના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

**'જીવનલહરિ'**ની ગઝલોમાં પૂજ્ય શ્રીમોટાને વ્યક્ત થવાને હું નિમિત્ત બની છું, તેનો મને ઘણો આનંદ થાય છે. એ આનંદ મારા સામાન્ય જીવનને ઉન્નત થવાને પ્રેરણાપદ બનો એવી પ્રાર્થના છે.

પૂજ્ય શ્રીમોટા સાથેનો હૃદયનો સંબંધ બાંધવાનો હેતુ આ સંસારી જીવનમાંથી ઊંચે આવવાનો છે, એવી બુદ્ધિની સમજણ હોવા છતાં, તેવી સમજણ ઘણી વખત ઊડી જતી હોય છે. એવી વેળાએ જો તેઓશ્રીનાં ચરણે હૃદયનો ભાવ અને દર્દભર્યો આર્તપોકાર પડ્યા કરતો રહે તો કાંઈક સફળતા મળે, પણ તે થવું સહેલું નથી અને તેમ થઈ શકતું નથી તેનો મને જરૂર અફસોસ છે. સાથે સાથે હાથ જોડી બેસી રહીને નિરાશામાં ડૂબી જવાનું બને તો તો પૂજ્ય શ્રીમોટાને લજવ્યા ગણાય.

સ્મરણ, પ્રાર્થના, ભજન, કીર્તન, આત્મનિવેદન, આત્મસમર્પણ અને પૂજ્ય શ્રીમોટાની જીવંત સન્મુખતા, આટલાં અને આવાં સાધનો અખંડપણે કર્યા કરવાનું બને તો સારું, એમ હૃદયથી સમજાયું તો છે, પરંતુ તે હજી પૂરેપૂરું અમલમાં મૂકી શકાયું નથી. તે બતાવે છે કે હજી મને ઊર્ધ્વ જીવનની ઊંડી ઉત્કટ ભૂખ લાગી નથી.

પરંતુ સાથે સાથે એ પણ સાચું છે કે તેઓશ્રી સાથેના સંપર્કથી હાલના આવા જીવનમાં પણ એવા ઊર્ધ્વ જીવન અંગેના સંસ્કાર કેળવાયે જાય તોપણ એવો સંપર્ક જીવનવિકાસ થવા માટે ઉપયોગનો છે જ. અને એવા સંપર્કથી જો ઉત્સાહ, ખંત, ઉદ્યમ, ત્યાગ, ધીરજ આદિ ગુણો કેળવાયે જાય તો તે પણ એક મોટી

મદદ છે. એ પણ મને સમજાય તો છે જ કે શ્રીમોટા પરત્વે પ્રબળ અનુરાગ, સ્વાર્થ કે ગરજ, હજુ પૂરેપૂરી પ્રગટેલી નથી, તે પણ મારે કબૂલ કરવી ઘટે.

અંતમાં પૂજ્ય શ્રીમોટામાં મારું દિલ રમ્યા કરે. મારું મન, દિલ, બુદ્ધિ, પ્રાણ, અહમ્ અને ચિત્ત એ બધાં જ પૂજ્ય શ્રીમોટામાં સતત રહ્યા અને રમ્યા કરે તથા મારા હૃદયનો અનુરાગ તેમનામાં પ્રબળપણે જીવતો થાય એવી મારી હૃદયની પ્રાર્થના છે.

તેમના પ્રતિ મારામાં અનુરાગ જીવતો થાય એવા મારા પ્રયત્નો શ્રીપ્રભુ આ જીવનમાં પ્રેરાવ્યા કરે એવી મારી અભિલાષા છે. પૂજ્ય શ્રીમોટાને આ રીતે વ્યક્ત થવાને પ્રભુએ મને કૃપા કરી નિમિત્ત બનાવી તે મારા જીવનનો એક અણમૂલો લહાવો ગણું છું.

**કાંતાબહેન રામભાઈ પટેલ**

‘અચ્યુત’
બાકરોલ રોડ,
વલ્લભ વિદ્યાનગર

તા. ૧૨-૬-૧૯૭૧

॥ હરિઃૐ ॥

# લેખકના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

શ્રી રમણભાઈ અમીને (એલેમ્બિકવાળા, વડોદરા) 'જીવન-અનુભવગીત' મારી લખાયેલી ગઝલોનો સંગ્રહ છપાવવાનું કર્યું, તે વેળાએ શ્રીમતી ડૉ. કાંતાબહેન રામભાઈ પટેલે મને વિનંતી કરી કે 'મોટા, મને પણ તમે રોજ એક એક ગઝલ પોસ્ટકાર્ડમાં લખી મોકલો, અને એવી બસો સોળ ગઝલ થતાં, હું પણ તેનો સંગ્રહ છપાવવાનું જરૂર કરીશ.' તે ઉપરથી શ્રીપ્રભુકૃપાથી ગઝલો લખવાનું શરૂ થયું.

જીવદશાનાં વલણોમાં કેવી કેવી રીતે ભરાઈ પડવાનું થતાં, તેવાં વમળોમાંથી મુક્ત થવા કેવું કેવું મથવાનું બન્યું, તેવા જ્ઞાનભક્તિ-યુક્ત અને ધ્યેયના હેતુની સભાનતાવાળી જાગૃતિથી, જે ભારે સંગ્રામની, મથામણની અંતરમાં અંતરથી જે સૂક્ષ્મ પ્રક્રિયા પ્રવર્ત્યા કરેલી તેનો ઇતિહાસ આમાંની શરૂ શરૂની ગઝલોમાં આલેખાયેલો છે.

શ્રીપ્રભુકૃપાથી તે જીવદશાના કાળમાં સાધનામાં એકાગ્રભાવે જે પરોવાઈ જવાનું બન્યું હતું, તેવા કાળમાં આ જીવથી તેવાં તેવાં વલણોમાંથી છૂટવાને દિલમાં દિલથી દિલની જાગૃતિપૂર્વકની જે લડાઈ જીવંત ચાલ્યા કરી હતી, તેની પણ કથા તે ગઝલોમાં વ્યક્ત થયેલી છે.

તુલસીદાસ અને સુરદાસ આદિ ભક્તોએ પોતાનાં ભજનોમાં **'મૈં પતિતન મેં નામી'** એવું મસ્તભાવથી ગાયું છે, તે હકીકત પણ સમજવા જેવી છે. પોતે શ્રીપ્રભુની ચેતનામાં પ્રતિષ્ઠિત થયા કેડે જ્યારે તેવા જ્ઞાની-ભક્ત-કવિ પોતે જ્યારે વિહંગાવલોકનથી ગત જીવનને પરખે ત્યારે હાલના અનુભવાતા પ્રત્યક્ષ ચેતનાત્મક જીવનની સરખામણીમાં તે જીવદશાવાળું જીવન ખરેખર **'પતિતન મેં નામી'** જેવું જ, તે તે મહાન જ્ઞાની-ભક્તને લાગ્યું હોય, તો તેમાં કશું પણ નવાઈ જેવું નથી.

મારા જીવનની તેવી ગાથા આ ગઝલો દ્વારા જે વ્યક્ત થયેલી છે, તેનો જો કંઈ જશ હોય તો આ રીતે શ્રીપ્રભુકૃપાથી જેઓ આવું લખાવવાને પ્રેમથી પોતે નિમિત્ત બન્યા છે, તેમને ફાળે જાય છે. જીવદશાના સાધનાકાળમાં જે જે જીવદશાનાં વલણોમાં કેવું કેવું ઝઝૂમવું પડ્યું હતું, અને યાહોમ કરીને તેમાં ઝુકાવવાનું શ્રીપ્રભુકૃપાથી પ્રગટ્યું હતું, તેવી બધી હકીકતનું દર્શન પણ તેવી તેવી ગઝલોમાં સ્પષ્ટ રીતે વ્યક્ત થયેલું છે.

સ્મરણને આ લેખકે જે રીતે દોહરાવ્યું છે, તે વાંચીને સહૃદયી વાચકને હૃદયમાં લાગ્યા વિના નહિ જ રહે કે લેખક, સ્મરણને કેવા ભાવે અને કેવી રીતે પોતે ઝોડની પેઠે ભાવથી સ્મરણને વળગેલા હતા, અને સ્મરણથી તેમનો જીવનવિકાસ કેવાં કેવાં વલણોમાંથી પસાર થતાં થતાં, કેવો કેવો થયા કર્યો, તેની પણ કથની તેવી તેવી ગઝલોમાં વ્યક્ત થયેલી છે.

આ જીવે જીવનમાં જુદા જુદા તબક્કામાં જે જે તપ, તપશ્ચર્યા અને સંગ્રામ ખેલ્યાં છે, તે બધી હકીકતની જાણ આ સંસારમાંના કેટલાય માનવીઓને આજે પણ છે જ.

અભય, નમ્રતા, મૌન અને એકાંતની સાધનાની પરમ, ચરમકક્ષાએ શ્રીપ્રભુકૃપાથી પહોંચાયા વિના, સાધનાના ઉચ્ચતમ ક્ષેત્રમાં દૈવાસુર સંગ્રામમાં તેનો સામનો થવા જે દૈવીશક્તિના બળની જરૂર પડ્યા કરતી હોય છે, અને તેવું બળ તો સાધનાના માર્ગમાં જેઓ અવિરતપણે એકધારા ધ્યેયના હેતુને જીવનમાં જીવંત સાકાર થવા દેવા અને તેને અનુભવવા જેમને મરણિયો નિશ્ચય પ્રગટેલો છે, તેવા મરજીવા જે ખેલ ત્યારે શ્રીપ્રભુકૃપાથી ખેલે છે અને જે આનંદભાવમાં રેલે છે, તેવી હકીકતની કંઈક ઝાંખી એવી કેટલીક ગઝલોમાં વ્યક્ત પણ થયેલી છે.

મારા જીવનના સાધનાના વિકાસમાર્ગમાં હુકમનું કોઈ અનેરું અને આગવું સ્થાન છે. અને હુકમનું કેવું પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક જીવતું

પાલન કરેલું છે, તેની ઝલક પણ તે પ્રકારની ગઝલોમાં વ્યક્ત થયા વિના રહી શકી નથી એવું નથી. વળી, અનુભવદશાની હકીકતો પણ તે તે ગઝલોમાં વ્યક્ત થઈ છે.

જીવનવિકાસની સાધનાનો ઈતિહાસ ભલે ના લખાયો હોય, પરંતુ આ ગઝલો તેવા સાધનાના ઈતિહાસની આછીપાતળી કંઈક ઝાંખી કરાવી જાય છે ખરી.

આ શરીર પડવાનું છે અને એ તો નિશ્ચિત હકીકત. તેવી વેળાએ શ્રીપ્રભુકૃપાથી આવું લખવાનું જે પ્રભુદત્ત નિમિત્ત મળ્યું છે, તેને હું શ્રીપ્રભુની મહેરબાની અનુભવું છું. અને જે જીવ એવું નિમિત્ત બન્યો, એને હું મારા જીવનનું સદ્‌ભાગ્ય અને સૌભાગ્ય ધારીને, તેવા જીવનો હૃદયથી અહેશાનમંદ થાઉં છું.

આ ગઝલોના છ ખંડ પાડ્યા છે. તેમાં જે છેલ્લો ખંડ છે 'તમે અને અમે'. એમાં શ્રીપ્રભુકૃપાથી મળેલાંને સંબોધવાનું બન્યું છે. શ્રીપ્રભુ-કૃપાથી આ જીવે આ સાધનાના વિકાસમાર્ગે જે મથામણ કરી છે, તે કેટલાય જીવે જાતે જોયેલી હકીકત છે. કોઈ સાધુ મહાત્મા હિમાલયની ગુફામાંથી આવીને તેમના જીવનની કોઈક તેવા પ્રકારની હકીકત કહે, તો તે હકીકતને આપણે માનવી પડે, જ્યારે આ જીવની સ્થિતિમાં તેવું મુદ્દલે નથી. एणे તો આ જ સંસારમાં રહીને મળેલું પ્રત્યેક કર્મ શ્રીપ્રભુપ્રીત્યર્થે જીવનવિકાસના હેતુની સભાનતાથી જે કર્મયજ્ઞ કર્યા કરેલો છે, અને તે પણ સંસ્થાની મુખ્ય જવાબદારીના પદે રહીને, તે તે કર્મથી કેટલાયને આ જીવે સંતોષ પ્રેર્યો છે, અને તેવી હકીકત શ્રી ઠક્કરબાપા વગેરેની *પ્રસ્તાવનામાંથી વાચકને તાદૃશ્યપણે તેવી યોગ્યતા પુરવાર થવાને મળી રહે તેવું છે.

'તમે અને અમે' એમાં મળેલાંને જે કથેલું છે, તે હકીકત કોઈકને આકરી લાગશે, પરંતુ મને જે સમજાયું છે, જણાયું છે, તેમનું તેમનું જેવું જીવદશાનું અનુભવાયું છે, તે હકીકતને મેં સંપૂર્ણપણે વફાદાર રહીને આલેખી છે.

*'કર્મગાથા' પુસ્તકની પ્રસ્તાવના

(ગઝલ)

**'સ્વજનથી ભોગવાયું જે જીવન, આલેખ્યું તેવું છે,**
**અમારી જાત પર લઈ તે અમે વર્ણન કરેલું છે.'**

તેમ છતાં કોઈકને તેથી માઠું લાગી આવે તો તેવા જીવને જો આ જીવ પરત્વે તેમના દિલમાં ખરેખરો ભાવ જીવતોજાગતો પ્રગટેલો હશે તો તેવું તેમના પરત્વે લખાયેલું તેમને યોગ્ય રીતે ગોદાટીરૂપે લખાયેલું સમજીને આભારવશ થયા વિના નહિ રહે. જોકે આ ગઝલો કોઈ એક વ્યક્તિને ઉદ્દેશીને નહિ, પરંતુ મારી સાથે સંબંધમાં આવેલાં સૌ સ્વજનોને ઉદ્દેશીને લખાયેલી છે, તેની સૌ નોંધ લે. ભાવનાદર્દી ભાવુક દિલને આ જોડકણાં ગમશે એવી અપેક્ષિત શ્રદ્ધા છે.

શ્રીમતી ડૉક્ટર કાંતાબહેન રામભાઈ પટેલે જે ભાવથી આ બધું છપાવવાનું સ્વીકાર્યું છે, તે માટે તેમનો ખરા હૃદયથી આભાર માનું છું. તે સાથે શ્રી રમણભાઈ અમીને આ પુસ્તક જલદીથી છાપી આપવાની જે ગોઠવણ કરી આપી તેવા તેમના સદ્‌ભાવની કદર કર્યા વિના કેમ રહી શકાય ?

અંતમાં આ પરત્વે સૌ સ્વજનોને નીચેનું સંબોધન કરી વિરમું છે.

(ગઝલ)

**જીવનપથ ચાલતો જે છે ખરે ! તેનાંય લક્ષણ છે,**
**ખરેખર ચાલતાનો શો પરિશ્રમ ઓર બોલે છે !**

•

**જીવનમાં આવતી જે જે મુસીબતને સ્વીકારીને,**
**-કરીને સામનો એનો વિજયમાં ફેરવાવાને.**
**હૃદયના પ્રાર્થનાભાવે પદે પોકાર પાડીને,**
**સમર્પ્યા તે કરી સઘળું જીવે જે, તે જીવન પામે.**

C/o. પી. ટી. પટેલ **-મોટા**
કુંજરાવ (વાયા આણંદ)
તા. ૮-૬-૧૯૭૧

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (પ્રથમ આવૃત્તિ)

**'જીવનલહરિ'**ની ગઝલો ભાઈ સોમાભાઈ ભાવસારે પોતાના હાથે સારા અક્ષરમાં ઉતારી આપી તેનાં મથાળાં કરી, એને ક્રમવાર ગોઠવીને તેને પુસ્તકાકારે છપાવવા યોગ્ય સ્થિતિમાં કરી આપી, તથા તેના છાપકામનું પ્રૂફ વગેરેનું પ્રેસનું કામકાજ પણ તેમણે જે પ્રેમભાવે કર્યું છે, તે કાજે તેમનો હૃદયથી આભાર માનીએ છીએ.

મેસર્સ આર. આર. શેઠની કંપનીવાળા શ્રી ભગતભાઈએ અમારાં છપાતાં અને છપાનારાં પ્રકાશનોના મુખ્ય વિક્રેતા બનવાનું પ્રેમથી સ્વીકાર્યું છે, અને પુસ્તકોના વેચાણની રકમ વેળાસર અમોને પ્રાપ્ત થઈ શકે તેવી જે સગવડ અને સરળતા પ્રેમભાવે કરી આપી છે, તે માટે તેમનો ઘણો ઘણો આભાર માનીએ છીએ અને તેમના તે ભાવની અમે કદર કરીએ છીએ.

અંતે શ્રીમતી ડૉક્ટર કાંતાબહેન પટેલે પૂજ્ય શ્રીમોટાને આ રીતે વ્યક્ત થવાનું જે નિમિત્ત આપ્યું અને તે નિમિત્તે જે આ બસો સોળ ગઝલો લખાઈ છે, તે કાજે તેમનો પણ હૃદયથી આભાર માનું છું.

હરિઃૐ આશ્રમ,
નડિયાદ.
તા. ૨૫-૮-૧૯૭૧

**નંદુભાઈ**
વ્યવસ્થાપક ટ્રસ્ટી

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (બીજી આવૃત્તિ)

શ્રીસદ્‌ગુરુ સ્થૂળ દેહ નથી, તે તો સાધકના દિલમાં પ્રગટેલો ભાવ છે. જ્યાં સુધી ભાવ હૃદયમાં સ્થાપિત હોય ત્યાં સુધી જ સદ્‌ગુરુનું જીવનપ્રેરક સાચું સાંનિધ્ય. સ્થૂળ સાંનિધ્ય ઉપકારક ખરું, પણ ખાસ ઉપયોગી નહિ.

આ સમજણ તો સૌને હોય છે. છતાં, ગુરુના ભાવાત્મક સાંનિધ્યને દિલમાં પ્રગટાવવું અતિ કઠણ છે. પૂજ્ય શ્રીમોટાનાં નિકટ પરિચયનાં સ્વજન ડૉ. કાંતાબહેન પટેલે પોતાનું દિલ પૂજ્ય શ્રીમોટામાં રમ્યા કરે એ માટેનાં સાધનોની સરળ સમજ પ્રગટે તેવી દોરવણી આપવા પૂજ્ય શ્રીમોટાને વિનંતી કરેલી. પૂજ્યશ્રીના દિલમાં સતત પ્રભુપ્રેમના ભાવની છોળો તો ઊછળ્યા જ કરે. એમનું દિલ એટલે પ્રેમ અને ભાવથી છલકાતો સાગર.

પૂજ્યશ્રી રોજ એક ગઝલની રચના કરે અને તે ટપાલથી ડૉ. કાંતાબહેન ઉપર રવાના કરે. આમ, ભાવસિંધુમાંથી ઊછળેલી આવી બસો સોળ જેટલી ગઝલોની લહેરો ડૉ. કાંતાબહેનના હૃદયના અંતરભાવોને સતત ભીંજવતી રહી. ‘જીવનલહરિ’ એ આ બસો સોળ ગઝલ લહરિનો સમૂહ છે. પૂજ્યશ્રીના હૃદયમાં પ્રવેશવાનો સરળ છતાં જીવનભરની સાધના માગતો રાજમાર્ગ તેમાં સ્પષ્ટ વર્તાય છે.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય પૂરા પ્રેમભાવથી અને ચીવટથી શ્રી જયંતીભાઈ જાનીએ કરી આપ્યું છે. તેમના સહકારની અમો કદર કરીએ છીએ.

આ પુસ્તકની આવરણ ડિઝાઈન ખૂબ જ ઉત્સાહથી અને આકર્ષક રીતે તૈયાર કરી આપનાર શ્રી મયૂરભાઈ જાનીનો અમો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

ટાઈટલને ચાર રંગમાં છાપી આપવા બદલ સાહિત્ય મુદ્રણાલયના નિયામકો શ્રી શ્રેયસભાઈ પંડ્યા તથા શ્રી યજ્ઞેશભાઈ પંડ્યાનો અમો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

ચિખોદરાના વતની **શ્રી ચૂનીભાઈ ડાહ્યાભાઈ પટેલ**ના આર્થિક સહયોગથી આ પુસ્તકની બીજી આવૃત્તિ પ્રગટ કરતાં અમો આનંદ અનુભવીએ છીએ. આશા છે કે સૌ કોઈ આ પુસ્તકને પ્રેમથી વધાવશે.

હરિઃૐ આશ્રમ, **સી. ડી. શાહ**
નડિયાદ. મૅનેજિંગ ટ્રસ્ટી
તા. ૧૪-૨-૧૯૯૯
મહાશિવરાત્રી

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (ચોથી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાને ડિસેમ્બર, ૧૯૭૦માં હરિઃૐ આશ્રમ, કુંભકોણમ્‌માં જવાનું હતું, તેમાં નિમિત્તયોગે ફેરફાર થયો અને શ્રી રમણભાઈ અમીન સાહેબના મહી નદીના કાંઠે ફાજલપુરના ફાર્મ હાઉસના સ્થળે જવાનું થયું. કોઈ અકળ રીતે તે સ્થળે ગઝલોનું સ્ફુરણ થતાં **'જીવનઅનુભવગીત'**માં તે પ્રકાશિત થઈ.

ત્યાર બાદ પણ એ પ્રવાહ ચાલુ રહેતાં **'જીવનલહરિ'**નું પ્રકાશન સને ૧૯૭૧માં શક્ય બન્યું. પૂજ્ય શ્રીમોટાની સાધનાની અને ખાસ કરીને સ્મરણ, હુકમ, ગરીબી વગેરે અંગેની ગઝલો વાંચતાં જ સમજી શકાય એવી સરળ ભાષા તેમાં છે. આ **'જીવનલહરિ'**ની બીજી આવૃત્તિ સને ૧૯૯૯માં તેમ જ ત્રીજી આવૃત્તિ સને ૨૦૦૭માં પ્રકાશિત થઈ હતી. હાલમાં જિજ્ઞાસુ સ્વજનોને તે ઉપલબ્ધ બને એ ભાવનાથી તેની ચોથી આવૃત્તિનું પ્રકાશન કરાયું છે.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય પૂરા સદ્‌ભાવથી અને ચોકસાઈપૂર્વક શ્રી જયંતીભાઈ જાનીએ કરી આપ્યું છે. ટાઇટલ ડિઝાઇનનું કાર્ય શ્રી મયૂરભાઈ જાનીએ કરી આપ્યું છે. આ પુસ્તકને સદ્‌ભાવથી છાપી આપવાનું કાર્ય સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુભાઈ પંડ્યાએ કરી આપ્યું છે. પૂજ્ય શ્રીમોટા પરત્વેના ભક્તિભાવથી પ્રેરાઈને આ સર્વેએ આ પ્રકાશનમાં આપેલા સહકાર બદલ, તે સૌના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

અગાઉની આવૃત્તિઓની જેમ આ ત્રીજી આવૃત્તિને પણ સ્વજનો ઉમળકાથી આવકારશે એવી આશા અને શ્રદ્ધા છે.

ગુરુપૂર્ણિમા | **ટ્રસ્ટીમંડળ,**
તા. ૨૫-૭-૨૦૧૦ | હરિઃૐ આશ્રમ, સુરત

# અનુક્રમણિકા


| ખંડ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | જીવદશાનાં વલણોમાંથી | ૧-૭૦ |
| ૨. | હુકમ | ૭૧-૮૭ |
| ૩. | ગરીબી | ૮૮-૯૮ |
| ૪. | સ્મરણાદિ સાધન | ૯૯-૧૫૫ |
| ૫. | અનુભવ હકીકત | ૧૫૬-૧૮૭ |
| ૬. | તમે અને અમે | ૧૮૮-૨૧૬ |


❑

# જીવનલહરિ

❑

પૂજ્ય શ્રીમોટા

**‘હું સર્વત્ર વિદ્યમાન છું.’**


‘જીવનદર્શન’, ૧૦મી આ., પૃ. ૩૮૨

**- શ્રીમોટા**

હરિ:ૐ

## ખંડ - ૧

# જીવદશાનાં વલણોમાંથી



ખુદાના તે ફિરસ્તાએ કરામત શી કરી મુજ પર !
મને ભભરાવીને ભૂરકી ખરેખર આંજી દીધો છે.

હરિઃૐ

## જીવનનો રાહબર વહાલો.

નજર વાંકીચૂકી કેવી જીવનની તો વળેલી તે,
જીવનનો રાહબર વહાલો અમારો તો હરિ શો છે !

ગજું જીવનું ન બાકી ત્યાં કરો લાખો પ્રયત્નો છો,
ચરણની ભક્તિ લાગ્યાથી પ્રભુ તેમાં ફળાયું છે.

કશુંયે ફાવવાના ના, કૃપાશક્તિ નિરાળી છે,
પ્રયત્નો સર્વ કરવામાં મણા બાકી ન રાખી છે.

લઈ લઈ આશરો હરિનો અમે શો પંથ કાપ્યો છે !
ઈશારે एहना ચાલી અમે જ્યાં ત્યાં ધપાવ્યું છે.

હરિઃ ૐ

## હરિને તો રીઝવવો છે

અમે નીચું જ ઘાલીને સતત ચાલ્યા કરેલું છે,
ન જોયું આમ કે તેમ નજરમાં પ્રિય ધાર્યો છે.

નજરથી ના ખસે વહાલો હૃદય નેડો જ એવો તે,
-પ્રભુ તારા વિશે જીવતો, અમારે દિલ લાગ્યો છે.

અમારા દિલમાં કેવો રમ્યા કરતો હરિ રહે છે !
પળેપળ જીવતો દિલમાં હરિ ધારી જ રમવું છે,

જુદીજુદી રીતે પ્રેમે હરિની સાથ રમવું છે,
કરી કરી ખેલ જુદા શા હરિને તો રીઝવવો છે !

હરિ:ૐ

# જીવન રળવા મળેલું છે

તને ભૂલી જીવન સઘળું અમે એળે ગુમાવ્યું છે,
અમારો કાન પકડાવી હૃદય તેં ભાન જગવ્યું છે.

રહમથી તારી તેવી તે ઉઠાયું ને ચલાયું છે,
મને આળસ શી મરડાવી કરી બેઠો મથાવ્યો છે !

પડી પાછળ સતત મુજને કરી ગોદાટી ચલવ્યો છે,
ભણાવ્યા પાઠ મોંઘા શા ! જીવનનું મૂલ્ય શીખવ્યું છે.

જીવન મોંઘામૂલું કેવું જીવન રળવા મળેલું છે !
હૃદય તે પ્રીછવાથી તો ચરણ તારે જિવાયું છે.

હરિઃૐ

## हरि प्रत्यक्ष शो मात्र !

કુટેવો કેટલી કેવી હતી જીવન અમારે તે !
હતા મૂરખા પૂરા એવા પડી ના જાણ એનીયે.

કંઈક મુશ્કેલી ને વિઘ્નો પથે અડચણ, મુસીબત ને
-જીવન પ્રકટાવીને, અમને કરેલા દેખતા તેં છે.

અમારે જીવવાકેરી હવે તો નેમ एक જ છે,
હૃદય પ્રત્યક્ષ જીવંત તને ધારી જ જીવવું છે.

हरि વિના બીજું લક્ષ ન કોઈ જ અમારે છે,
જીવન પ્રત્યક્ષ જો કો' હો हरि શો एक માત્ર જ છે !

હરિઃૐ

## પથે ચલવ્યા કરેલા છે !

જીવન ના જાણીબૂજીને અમે એળે ગુમાવ્યું છે,
જીવનની સાચી સમજણ શી હતી ના કંઈ જ અમને તે !

ખૂલી ગઈ આંખ શી રીતે ઓચિંતી, અણધારી !
ખરેખર એ જ મૂરખાના જીવનની મોટી અચરજ શી !

ખૂલ્યાં નયનો હૃદય ત્યારે ગતાગમ સૌ પડેલી છે,
નવાં તે માંડવા પગલાં વિશે દિલને પરોવ્યું છે,

હૃદય મંડ્યા રહેવાથી હૃદયમાં પ્રાણ જાગીને,
કૃપાથી હોંશે હોંશે શા પથે ચલવ્યા કરેલા છે !

હરિઃૐ

# કળા અદ્‌ભુત તારી છે

મુરાદો કેવી જીવનની હતી શી રીત તેને તેં
-કરી શો જાદુ તે મુજપર ! પ્રભુ બદલાવી નાખી છે !

પ્રભુ હું પાંસરો પૂરો હતો ના શો બધી રીતે !
બધે રખડ્યા કરેલાને ખીલે શી રીત બાંધ્યો છે ?

પ્રભુ તુજ રીતરસમકેરી ન કો’ને ખ્યાલ જાગે છે,
કળા અદ્‌ભુત તારી છે, મને તુજ સંગ જોડ્યો છે.

મને બુડથલને ચાહીને, હૃદયમાં પ્રેમ તુજ વિશે,
-ધીરે ધીરે લઈ પાસે કઈ રીતે જગાડ્યો છે !

હરિઃૐ

## જીવન પલટાવી નાખ્યું છે

નજર મુજ કેવી કેવી ક્યાં બધે ઘૂમ્યા જ કરતી'તી !
વળી ખંધાઈ નયનોમાં ભરાયેલી હતી શી શી !

નર્યા શા મોહ ને લોભે જીવનમાં ખદ્બદ્યા કરતો !
વળી કામાદિ-તૃષ્ણાની હતી બદબો શી જીવનમાં !

જીવનમાં વક્રતા કેવી હતી વકરેલી બહુ રીતે !
જીવન ફંટાયેલું કેવું જુદી જુદી દિશામાંયે !

જીવન એવાયને તેં તો કુનેહે શી કળાથીયે-
-ચઢાવીને અવરરંગે, જીવન પલટાવી નાખ્યું છે.

હરિઃૐ

## જીવન શો ઓપ બદલે છે !

જીવનનું ઠામઠેકાણું કશું જ્યારે પૂરું નહોતું,
અને બેડોળ એવાના જીવનનું પૂછવાનું શું !

જીવનને ઠામ એવાને કઈ રીત પાડવાનું તે-
-ગતાગમ કંઈ કશી નહોતી, પ્રભુએ તે સુઝાડ્યું છે.

સ્મરણથી ભાવ વધવાથી જીવનનું એવું નહોતું તે-
-બધું ગૌણત્વ પામીને, મહત્ત્વ ભાવ પામ્યો છે.

મહત્ત્વ ભાવનું જ્યારે જીવનમાં શ્રેષ્ઠ પ્રકટે છે,
શું ત્યારે આપ પોતાનો જીવન શો ઓપ બદલે છે !

હરિ:ૐ

## સફાળા શું જગાયું છે !

અમારી જિંદગાનીની ન કંઈ પરવા હતી અમને,
દળી દળીને જ કુલડીમાં બધુંયે વાળી દીધું છે.

ધુમાડાના ભર્યા કીધા પ્રભુ મેં બાચકા શા શા !
પ્રયત્નો શા કર્યા મિથ્યા ! હવામાંના હડાકા શા !

જીવનમાંનું બધું તેજ હવામાં તો વિલાયું છે,
હૃદય તે ભાન સ્ફુરવાથી સફાળા શું જગાયું છે !

જગાયું ત્યારથી મેં તો પડ્યું પ્રભાત જાણીને,
થતા એકીટશે એવા પ્રયત્ને દોટ માંડી છે.

હરિઃૐ

# પ્રભુપંથે પળેલો શો !

જુવાનીનાં દીવાનીનાં નયનનો કેફ કેવો તે !
ચઢી તે ફંદના છંદે બગાડેલું જીવન છે તે.

પછીથી વર્તવા માંડ્યું નજર ફાવે ગમે તેવું,
જીવનમાં ચીતરી માર્યાં કૂંડાળાંયે કૂંડાળાં શું !

પછીથી કોણ જાણે શી ઊંડી ગભરામણે મુજને,
ભયંકર દિલ ગભરાવી મૂક્યો કેવો હતો જીવને !

પથે તેથી વળી હું શો ગયો સીધો પૂરેપૂરો !
સ્મરણનો આશરો લઈને પ્રભુપંથે પળેલો શો !

હરિઃૐ

## બચાવી શો લીધેલો છે !

પડેલું પેટમાં અન્ન પ્રભુ જેનું, પરત્વે તે-
-વફાદારી જીવંતી શી રખવજે તું કૃપા કરીને !

નભાવ્યો છે, જીવનમાં ને મદદ જેની મળેલી છે,
પ્રભુજી તેમનાં સંકટ સમયમાં સહાય તું કરજે.

પડી ઓચિંતી શી ફાળ હૃદય અણધારી જે મુજને !
ઊગરવા તે થકી અમને, કૃપા તારી જરૂરી છે.

મને શો કેટલીવાર પ્રભુ, તેં તો ઉગાર્યો છે !
મને ઉધમાતથી એવા બચાવી શો લીધેલો છે !

હરિઃૐ

# મને શરણે લીધેલો છે

થૂંકી થૂંકી વળી પાછું ફરી ગળવાનું કીધું છે,
મહા અચરજ અહા ! કેવું જુગુપ્સા આ થયેલી કે !

'સબડતો' તો નરકમાં શો ! છતાં ત્યાં સુખ લાગ્યું છે,
નરાધમ પાપી કેવો હું ન તેનું ભાન જાગ્યું છે !'

ઘણીયે વાર લાતો શી પ્રભુ ખા ખા કીધી છે મેં !
મહા બુડથલ પૂરેપૂરો કશી ના સાન આવી છે.

કરુણા કેવી વર્ષાવી પતિતની પર પ્રભુ, તેં તો !
મને શરણે લીધેલો છે કરી દઈ જાગતો પૂરો.

હરિઃૐ

# પ્રભુ તેં હામ પ્રેરી છે

જીવન અજ્ઞાન અંધારે થયેલાં કર્મ શાં શાં તે !
-ગણાવ્યે પાર ના આવે, જીવન હાલત બૂરી થઈ છે.

ન જાણું, શી રીતે મુજને સમજ ઓચિંતી પ્રકટી, ને
-મને પકડાવીને કાન, સીધે પંથે વળાવ્યો છે.

ચીંધેલા પંથ તારે તેં ભરાવ્યાં ડગ ભરેલાં છે,
કદીક ડોલી ગયો છું જો, પ્રભુ તેં હામ પ્રેરી છે.

નિરાશામાં ઘણીવાર ડૂબેલો શો હતો ! ત્યારે-
-તને સ્મરવાનું દિલ યાદ થયું, તેથી ઉઠાયું છે.

હરિઃૐ

## તને સ્મરવાનું ઊગ્યું છે

થતાંમાં પંથ રોકામણ, હૃદય ત્યારે શી અકળામણ !
ભયંકર કારમી ઉલઝન ઊગી; શી આગ લાગી છે !

સહારો પ્રાર્થનાકેરો હૃદયનો માત્ર આશ્રય જે,
-સતત લીધા કરી; કેવા પ્રયત્નો મેં કરેલા છે !

ઘણીવેળા ફવાયું ના, કદીક મુજથી ફવાયું છે,
'કૃપા તારી જ તે વેળા શી વર્ષી !' એમ લાગ્યું છે.

પથે અડચણ મને નડતાં, તને સ્મરવાનું ઊગ્યું છે,
સ્મરી સ્મરી, પ્રાર્થતાં તુજને સહારો મેળવેલો છે.

હરિઃૐ

# ગમે તેવું થતાંમાંયે

જીવનમાં હુમલા શા શા અનેકે વાર પ્રકટ્યા છે !
ચણેલું ઊથલાવી, શો મને ડો'ળાવી નાખ્યો છે !

અને તે હુમલા કેવા જબર, બળવાન, ચઢિયાતા !
-બધાયે એકથી એકે પ્રભાવે ખાસ નામીચા.

દબાવી દઈ જ મુખડાને પરોવાવી જ દીધું છે,
-ડુબાયું ત્યાં; છતાં પાછું કર્યા કર્યું ડોકિયું શું મેં !

ચરણ-અમૃત-રસ પ્યાસ હૃદય ઉત્કટ લગાડી છે,
ગમે તેવું થતાંમાંયે ઊંચે, તે આણી મૂકે છે.

હરિઃૐ

## મહદ સદ્‌ભાગ્ય મારું તે

જીવન અટવી વિશે કેવો ભૂલો હું તો પડેલો જે !
થતા સઘળા પ્રયત્નો શા કર્યા, તોયે ન ફાવ્યો છે !

બધે ચોમેર ના રસ્તો, જઈ જઈને વળ્યો પાછો,
ન ક્યાંયે રાહ દેખ્યો ને પૂરો અટવાઈ મરેલો છું.

ન કોઈ ભોમિયો મળતો, પૂછે કોને જઈને, ને
હૃદયમાં વેદના ત્યારે થતી કેવી કથું કોને ?

પ્રભુને યાદ કરવાનું સૂઝ્યું તે વળ જીવનનું-
-મહદ સદ્‌ભાગ્ય મારું તે ખરેખર સાંપડેલું શું !

હરિઃૐ

## મને છોડી નખાવે છે

જીવનમાં કેટલું કેવું ભયંકર શું સતાવે છે !
ઊંચો નીચો મને કેવો કરી મૂકી, નચાવે છે !

કહીં કહીંના મને સ્વાદ નરક જેવા ચખાડે છે,
રમાડીને મને તેમાં હૃદય મશગૂલ રખાવે છે.

અરે ! તેવી સ્થિતિમાંયે ડૂબેલો શો હતો ! તોયે-
-હૃદયમાં આંચકો ઉત્કટ મને કેવો તું પ્રેરે છે !

અને ઓચિંતું અણધાર્યું હૃદય શું જોમ પ્રકટે છે !
ભયંકર પાશમાંથી તે મને છોડી નખાવે છે.

હરિઃૐ

# જગાડીને મથાવ્યો શો

મને એ વેદનાએ શો જગાડ્યો કેટલીવાર ?
જગાડીને મથાવ્યો શો જવાને નીકળી પાર !

જીવનમાં મેં સીધે રાહે ખચીત ચાલ્યા કરેલું છે.
છતાંયે જાણું ના, કેમ નીચે ઊંધું પડાયું છે !

અરે ! એવી અને એવી દશામાંયે કહીં સુધી -
-મર્યો અટવાઈ ખોળી શો ! કશું બીજું ન સૂઝ્યું છે.

છતાંયે કોણ જાણે કે અકલ્પ્ય ને અકથ્ય શી-
-હૃદયમાં વેદના મૂગી થયા કેવી કરેલી છે !

હરિઃૐ

# પતિતની આબરૂ તુજ પર

અમારે તારી સોબતમાં જીવનને ગાળવાનું છે,
છતાં તોયે કઈ રીતે ફસાવાનું બનેલું છે !

ફસાયા શા પૂરેપૂરા; ડૂબેલા શા હતા તેમાં !
નીકળવાનું કશું ભાન ઊગ્યું કેમે કરીયે ના.

પ્રભુ મુજ પાંસરો કેવો ન બોલાવ્યો હતો તેને,
-છતાં તેણે ચઢી વહારે, ગ્રહી કર ખેંચિયો મુજને.

પ્રભુ ઉપકાર તારા તે થયા શા કેટલા મુજ પર !
ગણાવ્યે પાર ના આવે; પતિતની આબરૂ તુજ પર.

હરિઃૐ

# હરિની તે કૃપાલીલા

જુદી જુદી જીવનમાં શી જુદા જુદા જીવનકાળે,
ભયંકર વાસના તીવ્ર ઊઠી કેવી હતી ત્યારે !

રમાડ્યો શો મને એણે ભુલાવીને જીવનભાવ !
થયો ગુલતાન રમવે શો ! હું કેવો છેક નાદાન !

સ્મરણનો છંદ લાગેલો ખરેખર ખપ મને લાગ્યો,
સ્મરણ અભ્યાસથી પ્રેમે હૃદય તે યાદ આવ્યો શો !

હરિ જ્યાં યાદ આવ્યો છે, હરિપદ ચિત્ત પ્રેરવવા
-મથાયું કેવું ઉત્કટ ત્યાં ! હરિની તે કૃપાલીલા.

હરિઃૐ

## કરાવી ગડમથલ કેવી !

'જીવનમાં કંઈક બગડ્યું છે,' પડી સમજણ કૃપાથી તે,
અને તે સમજણે કેવો મને ઊંઘવા ન દીધો છે !

કરાવી ગડમથલ કેવી ! ઘણુંયે ફેરવાયું છે,
સતત યત્ને જ મંડાવી મહેનત શી કરાવી છે !

મહેનત જે થતી સાચી, મીઠાં ફળ શાં ઉગાડે છે !
જીવન સમૃદ્ધ કેવુંયે અનુપમ ભવ્ય ખીલવે છે !

જુદી જુદી જીવનકક્ષા તણો અનુભવ નિરાળો છે,
બધા અનુભવથી તારવતાં, મળેલું સત્ય જુદું છે.

હરિઃૐ

## મને દર્શન કરાવ્યાં છે

બધું પાકી જઈ કેવું પરુ જ્યાં ત્યાંથી નીકળે છે !
વળી ગંદું થયેલું શું ! જુગુપ્સા દિલ ઊપજે છે.

હૃદય અણગમતું તે તે છે, છતાંયે તે જીવનમાં છે;
થવા છુટકારો એનાથી ઝઝૂમવાને ઝુકાવ્યું છે !

પ્રભુ, કુરૂપતાનાં શાં મને દર્શન કરાવ્યાં છે !
જીવન સૌંદર્યની કરવા પ્રતિષ્ઠા દિલ પ્રેર્યો છે.

જીવન પ્રસ્થાપના પ્રભુની કરીને જંપવાનું છે,
અમારી ગડમથલમાં તે મદોન્મત્ત મસ્તી કેવી છે !

હરિઃૐ

# કરામત શી કૃપાની ત્યાં !

ભયંકર કારમી પળ તે જીવનમાં આવી પહોંચી ને
-સફાળો શો જગાડીને મને બેઠો કરેલો છે !

જહીંતહીં ખૂબ અફળાતાં, થયો કેવો પરેશાન !
બધું ઉજ્જડ પૂરેપૂરું થયું ખેદાનમેદાન,

'ઊગરવા શો મથ્યો છું તે જીવન ઈતિહાસ ન્યારો છે;'
ઝઝૂમીને ઝઝૂમીને ખરો લડનાર પ્રીછે તે.

જીવનનું ધ્યેય અનુભવવા હૃદયની તીવ્ર જિજ્ઞાસા,
મને શી કામ લાગી છે; કરામત શી કૃપાની ત્યાં !

હરિઃૐ

# અમારું દિલ જાણે છે

મહામુશ્કેલીથી કેવા અમે દિવસ વિતાવ્યા છે !
ભયંકર હાડમારીમાં અમે જીવન નિભાવ્યું છે.

જીવનને તારવા કેવા ભગીરથ યત્ન કીધા છે !
અમે શા પંથ મરડાયા ! વીતક કથની રસીલી છે.

જીવનમાં નિત્ય ઝૂઝવાનું અમારે પંથ આવ્યું છે,
અમે શી પ્રેમ મસ્તીથી ખરેખર તે બજાવ્યું છે !

અમે શિર વેગળું મૂકી પરાક્રમથી ઝઝૂમીને,
-મથ્યા કેવું સતત એ તો, અમારું દિલ જાણે છે.

હરિઃૐ

## તને પોકાર પાડ્યો છે

અમે તો દોષ કિસ્મતને કદીયે ના દીધેલો છે,
નૂતન સર્જાવવું જીવન અમારા બાવડામાં તે.

‘થયા છે કેટલા જીવ ખરેખર શિવ જીવનમાં,’
અમારી તે નજર સામે સતત તરતું રહે દિલમાં.

જીવનના ધ્યેય ઉન્માદે, નશીલા પ્રેમ ઉન્મેષે,
ફના કેવા થયેલાથી જીવન નકશો બનેલો છે !

પથે બેઠા જહીં હેઠા, તને પોકાર પાડ્યો છે;
હૃદયપોકારનો તેવો હૃદય ઉત્તાર મળેલો છે.

હરિઃૐ

## હવે પંચાત તેની છે

અવરના તે અમે કેવા શું ન્યાયાધીશ બનેલા તે !
ખરાખોટા અને કેવા જગતમાં ન્યાય તોળ્યા છે !

'જીવનમાં ન્યાય કોઈક અમારો તોળનારો છે,'
અમે શા સાવ બુડથલ કે 'અમે તેયે ન જાણ્યું છે.'

અવરની કંઈક પંચાતે અમે શું માથું ઘાલ્યું છે,
અમારું ના અમે જોયું હવે પંચાત તેની છે.

અમારો ન્યાય કરવાને તને સોંપી જ દીધું છે,
હવે તો શો ચરણ તારે શરણ પૂરો પડેલો છે !

હરિઃૐ

# હૃદય હિંમત ઊગી ગઈ છે

જીવનનો દોષ નીરખવા શી તાલાવેલી સેવી છે !
વળી તે પારખી દોષ અમે કેવા મઠાર્યા છે !

નવું બળ તેથી જીવનમાં અમે તો મેળવેલું છે.
જીવન ઉપયોગ તે લેતાં ઉમેરો શો થયેલો છે !

જીવનપથ સામના કેવા મળે છે ઉત્તરોત્તર તે !
-બધાનોયે જ પ્રત્યુત્તર અમે વાળ્યા કરેલો છે.

કદીક ભીરુ બનેલા ને કદીક પાછા હઠેલાયે,
છતાં પાછી શી અણધારી, હૃદય હિંમત ઊગી ગઈ છે.

હરિઃૐ

## પ્રભુની મહેરબાની છે

જીવન અમ વાંકુંચૂકું જે સીધું કરવા જીવનમાં તે,
મળેલી દૃષ્ટિ નૂતન તે, પ્રભુની મહેરબાની છે.

કશુંક વાંકું સીધું કરવા સતત મંડ્યા રહેલા શા !
હૃદયમાં કેળવી ભાવ કર્યા કરી પ્રાર્થના દિલમાં.

જીવનની એકબાજુમાં હૃદયમાં ભાવ કેળવવા,
અમે સાધન લીધેલાં છે જીવન ઉપયોગમાં કેવાં ?

વધારે મેળવેલા શા હૃદયબળથી જીવન-નાતે,
બધાયે સામનાનો શો કીધો છે સામનો પ્રીતે !

હરિ:ૐ

## જીવનને તે તરાવે છે

કઢંગી શી પરિસ્થિતિ મને લબડાવી મારે છે !
ન ચસવા આમ કે તેમ જરીપણ તે થવા દે છે.

છતાં ત્યાંયે મરી મથીને જવા છૂટી મથાયે છે,
જવાયે છે છૂટી, પાછું બીજાં વમળો ફસાવે છે.

જીવનમાં માત્ર સથવારો હરિ તુજ એકલાનો છે,
ફસાવાના સમય ટાણે, મદદ દેવા સ્મરેલો છે,

જીવનની વિકૃતિવેળા તટસ્થભાવ જીવતો તે
-ખરેખર ખૂબ ખપનો, ને જીવનને તે તરાવે છે.

હરિઃૐ

# મળેલું કર્મ કીધું છે

જીવનમાં બહુ સ્થળે રખડ્યો, ઘણાનેય મળ્યો છું હું,
મળ્યો જેને જીવનમાં હું રીઝવવા શો મથેલો છું !

બધાંનો પ્રેમ મેળવવો ન નાની વાત તે તો છે,
અવરને ચાહવાથી તો જીવનમાં બળ મળેલું છે.

ખૂણા વાંકાચૂકા સહુના સહ્યા કરી પ્રેમથી જીવને,
બધાંની સાથ સહકારે મળેલું કર્મ કીધું છે.

હૃદયથી ચાહી ચાહીને જીવનમાં જે મળેલાં છે,
પ્રભુના કર્મમાં તેનો પૂરો ઉપયોગ કરવો છે.

હરિ:ૐ

## હૃદયથી ચાહવાનાં શાં !

જીવનમાંના દુરાચાર વળી શા દોષ ને પાપ
-નથી તુચ્છકાર કરવાનાં; જુદું અમ છે જીવનમાપ.

સકળ જે દોષ કરનારાં અને હો પાપ કરનારાં,
અમારે તે બધાંનેયે હૃદયથી ચાહવાનાં શાં !

અમારો વેશ જુદો છે, જીવનનો ભેખ ન્યારો છે,
જીવન જીવવા તણો હેતુ જુદો, બીજાંથી શો અમ છે!

સકળ માનવના અંતરનું ખરેખર સૂક્ષ્મ જે તત્ત્વ,
-હૃદયથી સંકળાયેલું પરસ્પર ચેતના સાથ.

હરિઃૐ

## પ્રભુ ભાવ જીવંતો છે

ન નરતાને કદી નરતું અમારે પ્રીછવાનું છે,
બધાંનામાં પ્રભુકેરું રૂડું અસ્તિત્વ કેવું છે !

પ્રભુ વહાલો સમાયો છે બધે સારાં જ, નરસાંમાં,
કૃપાથી આ જીવન કેવું મળ્યું છે તે અનુભવવા !

જીવન નિમિત્તનું અમ છે, બીજું જીવન અમારે ના;
નિમિત્તની રીત જીવનમાં અમારે વર્તવાનું છે.

ભલે નિમિત્તામાં સાધન રહી હો પ્રકૃતિ તોયે,
નિમિત્તને વર્તવા દિલમાં પ્રભુ ભાવ જીવંતો છે.

હરિઃૐ

# हरि જ્યાં ત્યાં બધાંનામાં

સહ્યા અન્યાય કેવાયે, છતાં ના દિલ બગાડ્યું છે;
પ્રભુની તે કૃપા શક્તિ તણી બલિહારી ન્યારી છે.

મનુષ્ય કેટલો પામર ! છતાં हरिમાં જહીં જીવે,
અખંડિત ભાવ જ્યાં એને તહીં તે સાવ જુદો છે.

हरि જ્યાં ત્યાં બધાંનામાં બધે સારાંય, નરસાંમાં,
બધાંનામાં નિમિત્તે રસ हरिનો શો અનુભવવા !

ગુણ દ્વંદ્વો જ નિમિત્તો, છતાં ત્યાંયે हरि લીલા;
મળેલું છે જીવન મુક્ત થવાને પ્રકૃતિથી ત્યાં.

હરિઃૐ

## છતાં અભ્યાસલતથી શો !

જીવનમાં કેટલું કેવું અમે નખ્ખોદ વાળ્યું છે !
હતી અક્કલ છતાં ના કંઈ, અમે તેને વિચાર્યું છે.

જીવનમાં શા બહુ ખત્તા અમે ખાધા કરેલા છે !
પડ્યો શો માર તેનો ત્યાં કૃપાથી ભાન જાગ્યું છે !

શરૂ શરૂમાં હૃદય ભાન સ્ફુરે ને લુપ્ત થઈ જાયે,
છતાં અભ્યાસલતથી શો મથ્યો ભાન ટકવવાને !

કૃપા જેમાં અને તેમાં મને પ્રભુની મળેલી છે,
હૃદય જીવતું રહેવાયું, બલિહારી પ્રભુની તે.

હરિઃૐ

## જીવન કેવું રમાડે છે !

જીવનમાં તો અમે કેવી નરી ખણખોદ કીધી છે !
મૂરખ શિરોમણિ કેવા ! ન પાછું વાળી જોયું છે.

દીધે રાખ્યું ઊંધું ઘાલી ગમે તેવું જ વર્ત્યા ને,
કશી વિવેકની સમજણ અમે વર્તન ન રાખી છે.

નસીબ સંજોગથી કેવા પડ્યા ખાડા વિશે ઊંડે,
થયાં શાં ખોખરાં હાડ ! તહીંથી બુદ્ધિ જાગી છે.

વળાવી ભક્તિને પંથે મને કેવો જિવાડ્યો છે !
હવે ખોળે લઈ મુજને જીવન કેવું રમાડે છે !

હરિઃૐ

## હૃદય આનંદ રેલે છે

હૃદય સમજણ નહોતી કે 'અમે જીવતર બગાડ્યું છે',
જીવન અંકુશવિનાનું જીવ્યા કેવું કરેલું તે !

પડી જ્યાં લાત બરડામાં, શું મેથીપાક ખાધો છે !
જીવન જીવવાનું કંઈ ભાન હૃદય તે વેળ જાગ્યું છે.

સ્મરણ, કીર્તન, ભજનભાવ, નિવેદન, પ્રાર્થના, સાધન,
કર્યા કરીને હૃદયભાવ જગાડ્યા શો કરેલો છે !

હૃદયના ભાવ સિંચનથી લીલોછમ શો બગીચાને-
-બનાવ્યો છે ! નિહાળીને હૃદય આનંદ રેલે છે.

હરિઃૐ

# ફૂંફાડા કેટલા માર્યા

ખુદાના તે ફિરસ્તાએ કરામત શી કરી મુજ પર !
મને ભભરાવીને ભૂરકી ખરેખર આંજી દીધો છે.

મહાઅદ્ભુત શક્તિ શી રહી છે માનવાતીત તે !
મને અનુભવથી બતલાવી કબૂલાવ્યું શું બુદ્ધિને !

મુલાયમ માટીના લોંદા સમો મુજને કરી કરીને,
–ક્રમે કરીને ભૂમિકાને, ઊગવવા યોગ્ય બનવી છે.

મૂરખ થઈ શો થયો સામે વળી બળવો કરેલો છે,
ફૂંફાડા કેટલા માર્યા કશા ના કામ લાગ્યા છે.

હરિઃૐ

## ખરેખરું બળ ચરણ તુજ છે

જીવનમાં જંપવાવારો મને ના ક્યાંય આવ્યો છે,
ચરણ તારે ઢળ્યો તોયે વળી ઊધડો લીધેલો છે.

વળી છે હાશ જ્યાં સહેજે, ઉચાળા શા ભરાવ્યા છે !
અનેકે ખૂબ નાટારંગ પ્રભુ કેવા ભજાવ્યા છે !

મને કેવા અનુભવ તું અભિનવ શા કરાવે છે !
ગમે તેવી સ્થિતિમાંયે ચરણ તારા ન છોડ્યા છે.

ચરણ એ તો જીવાદોરી શી અણમોલી ગરીબની છે !
પતિતને જીવવાકેરું ખરેખરું બળ ચરણ તુજ છે.

હરિઃૐ

## સ્મરણથી ઊઘડેલા છે

અમે ફંદે ફસાયેલા પૂરેપૂરા જીવનમાં શા !
શું રગદોળાયેલા તેમાં ખરેખર સાવ ભરપૂર ત્યાં !

અચાનક શો સ્મરણ કીમિયો કૃપાથી લાધિયો મુજને !
મને એણે જગાડીને સફાળો શો ઉઠાડ્યો છે !

‘નરકની તે રમતમાં શો હૃદય ગુલતાન’દિલમાં તે,
સ્મરણથી ભાન જાગીને, મને મુક્ત કરાવ્યો છે.

મહિમા શો સ્મરણકેરો શું ગાવું હું ફરી ફરીને !
પ્રભુના સર્વ દરવાજા સ્મરણથી ઊઘડેલા છે.

હરિઃૐ

## જીવનની સર્વ બાબતમાં

બહુ રીતે ઘણીવેળા જીવન મચકોડ ખાધી છે,
શી અપરંપાર જીવનમાં અકથ્ય વેદના સહી છે !

જતાંમાં વેદના વિશે મનાદિનું તહીં લક્ષ,
ઉરાડી ઠેકડી, દર્શન નમાલાનું કરાવ્યું છે !

જીવનની સર્વ બાબતમાં મને મર્દાનગી બક્ષી,
કૃપાથી શો મરદ મુજને ચરણ તારે બનાવ્યો છે !

જીવન વિકાસને અર્થે જરૂરી સર્વ કૈં કૈં તે,
-જીવનમાં ગુણ ને ભાવ પ્રકટતાં, સર્વ પ્રકટે છે.

હરિઃૐ

## હૃદય જોડી રખાવે છે

જીવનની કારમીપળની નિરાશા કેવી જબ્બર છે !
ગરતમાં નાખી દઈ પૂરા શું નિજનું ભાન ભૂલવે છે !

છતાં તે વેળ ક્યાંથીયે છતો ઓચિંતો શો થઈને !
હૃદયબળ પ્રેરીને જીવતો ઘણી વેળા કરેલો છે.

પૂરા બારેય તે વાંસ ડુબાતાં, મૃત્યુ નજદીક છે,
પ્રભુ તે વેળ આવીને ગ્રહી મુજ બાંય તરવે છે.

પ્રભુ, તુજ હેત એવું તે પતિત પરનું, પ્રભુ મુજને
-હૃદયથી સંકળાવીને હૃદય જોડી રખાવે છે.

હરિઃૐ

# પ્રસાદીરૂપ ધાર્યો છે

જીવનમાં સાવધાની ને હૃદય શી સાવચેતીયે !
-પૂરેપૂરાં જીવંતાં શાં અમે ધારણ કર્યા કરીએ !

અમે જાગ્રત હૃદય ત્યારે કૃપાથી ચેતતા રહીને,
થતા હુમલાની સામે શા હૃદય કૃતનિશ્ચયી થઈએ !

શું કપરા કાળને જીવને પ્રસાદીરૂપ ધાર્યો છે,
સ્વીકારી આવકારીને અમે હર્ષે વધાવ્યો છે.

હરિઃૐ

# પ્રભુ ત્યાં દોડી આવ્યો છે

ચીલો વાંકોચૂંકો કેવો જીવન અમને મળેલો તે,
કૃપાથી તેં સુઝાડ્યું તો બધું સ્પષ્ટ જણાયું છે.

ભરાઈ શા પડ્યા અધવચ, ભયંકર ભુલભુલવણી તે-
-નીકળવાનીય બારી તે અમોને ના જડેલી છે.

બહુ અટવાઈ ત્યાંના ત્યાં ફર્યા કેવા કરેલા તે !
પ્રયત્નો શા ગયા ફોગટ ! પ્રભુ ત્યાં દોડી આવ્યો છે.

કશું મિથ્યા જતું ના છે, ટકાયું શા પ્રયત્ને તે !
હૃદય આલિંગને મારી પ્રભુ શી થાબડી પીઠ છે !

હરિ:ૐ

## નમાવીને ગમાડ્યો છે

પ્રયત્નો મેં કરેલા જે પૂરેપૂરા ફળ્યા ના તે,
પ્રયત્નો તેં કરાવેલા જીવન કેવા ફળેલા છે !

સતત ગોદાટી જીવનમાં પડી મુજ પાછળે, મુજને
-કરાવ્યા શી કરેલી તે હજીયે યાદ આવે છે !

મને શો માર માર્યો છે ! મને ડામો દીધેલા છે,
મને પૂરો નમાવ્યો છે, નમાવીને ગમાડ્યો છે.

કદીક માથાં જ પટક્યાં છે કદીક રોઈ વિતાવ્યા દિન,
કદીક શો હારતાં મુજને હૃદય ઉપાડી લીધો છે !

હરિઃૐ

# થતાં ત્યાં પ્રાર્થના દિલથી

ભયંકર કારમી પળમાં નમાલો ના થવા દીધો,
સ્મરણલત શી લગાડીને મહદ ઉપકાર કીધો છે !

જીવનમાં કેટલો કેવો વિકટ અંધારપિછોડો-
-જીવન પથરાઈને, મુજને પથે બેફામ કીધો છે.

મને ત્યારે જણાતું ના પથે આગળનું પગલું ને
-બળદ ઘાંચીની રીતે શો શું ત્યાંનું ત્યાં ફરાયું છે !

થતાં જ્યાં આડુંતેડું કૈં તને તે તે નિવેદીને
-થતાં ત્યાં પ્રાર્થના દિલથી, પથે અજવાળું પાડ્યું છે.

હરિઃૐ

# કૃપા તે તારી અદ્‌ભુત છે !

નરકમાં ને નરકમાં મેં શું આળોટ્યા જ કીધું છે !
ન તેનું ભાન જાગ્યું છે, શો અંધાપો ખરેખર તે !

જહીં પછડાટ કારમી શી જીવનમાં વાગતાં હૃદયે !
હૃદય સ્મરવા તણી ચાનક મને કેવી લગાડી છે !

કરી શો પ્રેમ તેં મુજને પ્રભુ, તેં પાસ ખેંચ્યો છે !
ખભો તેં થાબડી મારો મને ઉત્સાહ પ્રેર્યો છે.

જીવનમાં ખળભળી ઊઠતાં, ટટારી કેવી બક્ષી છે !
મને પડવા ન દીધો છે, કૃપા તે તારી અદ્‌ભુત છે !

હરિઃૐ

## પડ્યો તોયે ન છોડ્યું છે

મથામણ શી કર્યા કરવે જીવન જીવતું રહેલું છે,
કદીક ગૂંચે પડેલું તે પ્રયત્ને બહાર નીકળ્યું છે.

જીવન ઊંચે વળી નીચે, વળી શી ચડતી પડતીયે,-
-અનેકેવાર નીરખીને, હવે નિશ્ચિંત થયું છે તે.

જીવનને તારવાનો શો ફરી ફરી યત્ન કીધો છે !
છતાં ઊથલા વળી પાછા શું વારંવાર ખાધા છે !

કદી કેડો ન મૂક્યો છે, બરાબર પકડી રાખ્યું છે,
પડ્યો તોયે ન છોડ્યું છે, કૃપા ત્યારે થયેલી છે.

હરિ:ૐ

# હૃદય વહાલામહીં વહાલો

શી આડીતેડી વાતોની બડાશો કેવી મારીને !
-તને કંટાળો આપું છું, પૂરો નાદાન એવો છું.

થઈ તારો હૃદયથી શો ! તને ના જંપ વળવા દઉં !
કરી બડબડ ચરણ આગળ તને પજવ્યા કરું છું હું.

હૃદય વહાલામહીં વહાલો તને કેવો ગણું છું હું !
નિરાંતે ના છતાં તુજને જરાયે બેસવા દઉં છું.

અડપલાં તેં પ્રભુ મારાં કશાં ના લક્ષ લીધાં છે,
શી અમર્યાદ તેં છૂટ મને આપી જ દીધી છે !

હરિઃૐ

## હૃદય છંદ સ્ફુરેલો છે

જીવનનું મેં પ્રભુ કેવું બહુ નખ્ખોદ વાળ્યું છે,
ઊંધું ઘાલી, દીધે રાખ્યું ન પાછું વાળી જોયું છે.

કૃપાથી મોકલી આપ્યો ખુદાના તે ફિરસ્તાએ,
મને શો જાળમાં પકડી પ્રભુગમ ખેંચી લીધો છે !

ધીરે ધીમે મને રાહે ક્રમે કરીને ચલાવ્યો છે,
પ્રભુ પ્રતિના જીવનમાં શો પછી રંગ લગાડ્યો છે !

હવે સંપૂર્ણ ભક્તિમાં ઊંડો આસ્વાદ લાગ્યો છે,
પળેપળ તે હરિરસનો હૃદય છંદ સ્ફુરેલો છે.

હરિઃૐ

# પ્રયત્ને રસ ઝરંતો છે

કંઈ કંઈ જાતની નફરત મને કેવી હતી જીવને !
અનેકે પૂર્વગ્રહ કેવા પ્રવર્તેલા હતા જીવને !

પડેલી ટેવ સમજણ ને અનેકે આગ્રહો શા તે,
બધાં અડચણરૂપે તે તો, અનુભવ તેં કરાવ્યો છે.

જીવનમાં ગેડ એવી જે મને જ્યારે ઊગી ગઈ છે,
મથાયું સર્વથી મુક્ત થવાને કેવું કેવુંયે !

સતત મથતું રહેવાથી વિષયમાં દિલ લાગે છે,
અને તે દિલના ભાવે પ્રયત્ને રસ ઝરંતો છે.

હરિઃૐ

## કૃપાનું દાન આપ્યું તે

નકામી વાતમાં કેવો લીધેલો રસ બહુવિધ,
પથે અમ વિસ્તર્યો, ચાલ્યો; શું ખોયું ગાંઠનું ગર્થ !

મને તેં ભાન પ્રેરાવ્યું, કૃપાની શી પ્રસાદી તે !
મને સંસારી જીવનથી ઉઠાડી, ચેતવેલો છે.

મને શો હાથ આપીને ઉપર લેવા મથ્યો છે તું !
પડ્યો તોયે ઘણી વાર, ઊભું પાછું થવાયું છે.

મને મારું સતત ભાન રહેવા જીવતું હૃદયે
-કૃપાનું દાન આપ્યું, તે મહદ ઉપકાર કીધો છે.

હરિ:ૐ

# ખરા ગુણ તેથી ફૂટ્યા છે

શી આડીતેડી જીવનમાં નજર તેં ફેરવેલી છે !
જીવ્યો જીવન ગમે તેવું શું ડાફરિયાં જ માર્યા છે !

હવે જે સાલવા લાગ્યું જીવનના ધ્યેયને લીધે,
હૃદયમાં ધ્યેયને લક્ષી જીવન જીવવા ચહેલું છે.

છતાં તોયે કંઈક વાર અવળચંડું ચલાયું છે,
જીવન આદર્શને ભાને તુરત ચેતી જવાયું છે.

ચલાતાં ચેતીને જીવને પથે પગલાં ભરાયાં જે
-શી ધરપત, હામ, વિશ્વાસ, ખરા ગુણ તેથી ફૂટ્યા છે.

હરિ:ૐ

## જીવનનો રાહબર માન્યો

જીવનમાં સીધું જોવાનું કદીયે ના થયેલું છે,
હવે તો જીવવું કેમ મને તેં તો ઉગાડ્યું છે.

પ્રભુ, તેથી તને સાચો જીવનનો રાહબર માન્યો,
ચીંધેલા માર્ગપર પૂરો થઈ સાવધ હું શું ચાલ્યો !

લથડિયાં તોય ખાધાં છે, વળી ઊભું થવાયું છે;
ચલાતાં જ્યાં છતાં ઊંધું; કૃપાથી ત્યાં જગાયું છે.

કરે ચેતાવવાને શું મને તું કેટલી વાર ?
કઈ રીત માનું તુજ એવા મહદ ઉપકાર આભાર ?

હરિઃૐ

# પડાયું ને ઉઠાયું છે

મગજનું કંઈ જ ઠેકાણું ન મારું સહેજ રહેતું જે,
જીવન આદર્શ જાગ્યાથી હૃદય સમજણ પડેલી છે.

હવે ચેતેલ ને જીવતો સતત આદર્શ મુજ સામે,
ધરી એકીટશે તેને ધપવવાને મથ્યો યત્ને.

જીવનમાં જે થયા યત્નો સફળ એ ના થયેલા છે,
નિરાશામાં છતાં મુજને કદી ડૂબવા ન દીધો છે.

ફરી ફરી શું ઘણી વાર પડાયું ને ઉઠાયું છે,
મને ટેકો ટકી જીવવા પ્રભુએ શો કરેલો છે !

હરિઃૐ

## કૃપાથી શો મળેલો છે !

કવાણું કેટલું કેવું જીવનમાંનું જણાયું છે,
જણાતી વેદના ઉત્કટ ખરેખર તીવ્ર જન્મી છે.

અને એ વેદના લીધે કવાણાને હઠાવાને,
કૃપાથી હલમલી જઈને જબરજસ્ત મથાયું છે.

વળી એવી મથામણમાં મનાદિ સર્વ પ્રોયાં છે,
કરણને સર્વનો સાથ કૃપાથી શો મળેલો છે !

પ્રદેશે સૂક્ષ્મ કરણોએ મને નડતર થયેલાં છે,
છતાં ત્યાં સૂક્ષ્મ વિવેકે, બધે સૂતરું થવાયું છે.

હરિઃૐ

# પડેલો જે શરણચરણે

ભયંકરમાં ભયંકર શી મુસીબત કારમી જીવને-
-કહીંથી જન્મી, મુશ્કેલી ખડી કેવી કરી દે છે !

પરંતુ માંહ્યલો કેવો ખરેખર મર્દ પાકો તે !
ભલે હો તીવ્ર તોફાન નમી ત્યાંયે પડે ના તે !

ટટાર શો ઊભો રહીને બધાંનો સામનો કરશે !
ભલે કટકા થઈ પડશે,છતાં અણનમ ઊભો ટકશે.

પ્રભુ એવાની ઇતબાર સદા જીવતી રખાવે છે,
પડેલો જે શરણચરણે પ્રભુ તેને જ રક્ષે છે.

હરિ:ૐ

# હૃદય લહે તુજ લગાડી છે

જીવનમાં કેટલી વાર જવાયું આડફંટે છે,
અહીંતહીં ખૂબ અથડાઈ કુટાઈ શું મરાયું છે !

જીવનવિકાસકેરી ના કશી સમજણ ઊગેલી તે,
ગમે તેવું જ સ્વચ્છંદે શું વર્તાયું જીવનમાં છે !

કંઈક અથડામણે ઊંડી હૃદયમાં શી વ્યથા થઈ છે !
વ્યથા તે ઉગ્રથી જાગી જવાયું ને ઉઠાયું છે.

પછી તો શી સ્મરણ લગની હૃદયમાં અગ્નિની પેઠે
-સળગતી તે રહી ભભૂકી, હૃદય લહે તુજ લગાડી છે.

હરિઃૐ

## કૃપાથી શો થયેલો તે !

જીવનમાં મેં બધે જ્યાં ત્યાં બગાડી કેવું મૂક્યું છે !
પડ્યું નજરે બધું ત્યારે થયો બેબાકળો શો યે !

મગજ સૂમસામ કેવું તે થયેલું તો હતું ત્યારે !
ગતાગમ ના કશી પડતી 'થવાનું શું હવે મુજને ?'

ન જાણું શી રીતે પલટો શું ઓચિંતો જ પ્રકટેલો ?
ઊથલપાથલ થઈ કેવી થયું ઊંધું છતું પોતે !

પ્રચંડ, ઉગ્ર પુરુષાર્થ જીવનને સાધવા કાજે,
-કૃપાથી શો થયેલો તે ! હૃદય તે એકલું જાણે.

હરિ:ૐ

# હૃદયમાં સાચી લાગી છે

પરણવા ઊઘલી નીકળ્યો છતાં તૈયારી ના કંઈ છે,
અમે બેઆબરૂ કેવા થવાના પાકી સમજણ છે !

બધાનો દોષ કાઢ્યો છે, પૂરો શો પાઠ ભજવ્યો છે !
અમારે નિત્ય ધપવું છે, અનંતાનંત ઠરવું છે.

પ્રભુને દિલથી ભજવા છે, હરિને હૈયે ધરવા છે,
હરિથી પ્યાર કરવો છે, હરિ શો યાર વહાલો છે !

સ્મરણથી ભક્તિ સેવી છે, સ્મરણથી દિલ હરિમાં છે,
સ્મરણથી શી જીવન કિંમત હૃદયમાં સાચી લાગી છે.

હરિઃૐ

## સફાળો શો જગાડ્યો છે !

નકામું કેટલું કેવું બહુ જ રખડ્યા કરેલું છે,
કહીં કહીંનું અજુગતુંયે અરે ! ચાખ્યા કરેલું છે.

જીવનનો ભ્રષ્ટ આચાર નરાતાર અધમ શો તે !
હૃદય દંડે જ સદ્‌ગુરુના સફાળો શો જગાડ્યો છે !

કરુણા સદ્‌ગુરુની કે મને નિજની લઈ ઓથે,
હૃદયથી ચાહી ચાહીને ઊંચે શો આણી મૂક્યો છે !

જીવનના ધ્યેયની ગરજે ગુરુની ભક્તિ જાગી છે,
હૃદય જાગેલી ભક્તિથી મથાતાં, તત્ત્વ સ્ફુરે છે.

હરિઃૐ

# જીવન ઉતારશે પાર

જીવન સૌભાગ્ય સદ્‌ભાગ્ય અમારાં નંદવાણાં છે,
સૂઝ્યું ત્યારે ઘણું મોડું થઈ કેવું ગયેલું છે !

છતાંયે હાથ ઘસી છેક અમે બેસી રહ્યા ના, તે
-અમારાથી થતું જે જે થવા લીલું મથેલા તે.

મથેલું એકલું કર્મ જીવન વિકાસને યજ્ઞો,
પૂરેપૂરું ફળાવામાં, ન યોગ્ય કામ આવે છે.

મથામણ પ્રક્રિયામાં શી હૃદયની ભાવનાપૂર્ણ !
-જીવંતી જો પરોવાય, જીવન ઉતારશે પાર.

હરિઃૐ

# પથે શો તારવેલો છે !

‘જઈ આઘે પડ્યો પાછો,’ કૃપાથી જ્યાં ઊગેલું જે,
મને ભારે મથાવીને પ્રભુ, પાડ્યો જ ઠેકાણે.

મને કેવો હલાવ્યો છે ! ઉપર નીચે કરાવ્યો છે,
ફવાતાં કૈંક તાવ્યો છે; પ્રભુ, તુજ મહેરબાની તે.

હરાવીને તરાવ્યો છે તરાવીને હઠાવ્યો છે,
વળી પાછો જ ધક્કેલ્યો પથે એમ જ ધપાવ્યો છે.

પથે અથડાઈ જ્યાં પ્રાર્થું મદદ તારી મળેલી છે,
મને અડચણ સમયમાં તેં પથે શો તારવેલો છે !

હરિઃૐ

## રટણ લહેનું લગાડીને

મને ગડભાંજ જીવનમાં અરે ! એવીય જાગી કે,
વમળમાં નાખી દઈ મુજને ચઢાવ્યો છે જ ચગડોળે !

કશું ઠેકાણું ક્યાંયે તેં ન પડવા મારું દીધું છે,
મને રખડાવી મારીને પ્રભુ, ગરદન મરાવ્યો છે.

ચમત્કારિક કઈ રીતે મને પાછો વળાવીને,
મને મુજ દેખતું કીધો, શી અચરજ ને નવાઈ તે !

સ્મરણ પાટે ચઢાવીને, રટણ લહેનું લગાડીને,
પદે પ્રેરી મનાદિને, મને હૃદયે લગાડ્યો છે.

હરિઃૐ

# પ્રભુએ શિખવાડ્યું છે

જીવનમાં વિઘ્ન આવી શાં મને ગભરાવી મૂક્યો છે !
પરંતુ તે સમય હૃદયે જીવનહેતુ સ્ફુરેલો છે.

પડે છે વિઘ્ન મુશ્કેલી અને દુઃખ આપદા જીવને,
ખમીર ગુણ આદિ કેળવવા જીવનમાં તે મળેલાં છે.

ભયંકર કારમા કેવા પ્રસંગો સાંપડેલા છે !
ખરેખર તેથી મુજ જીવન હૃદય મજબૂત બનેલાં છે.

બધે જેમાં અને તેમાં પ્રભુએ શિખવાડ્યું છે,
જીવનહેતુ જ તે સહુમાં પરખીને વર્તવાનું છે.

હરિઃૐ

## અનુભવવું જીવનને છે

જીવન ઊડઝૂડિયું જીવીને પૂરું દેવાળું કાઢ્યું છે,
જીવન સમજ્યા વિના જીવી જીવન સર્વસ્વ ખોયું છે.

ભલે ખોયું છતાંયે તે હજી બાકી રહ્યું બહુ છે,
હવે નિશ્ચય થયેલો કે અનુભવવું જીવનને છે.

હૃદય સમજ્યો જહીંથી તે પૂરી દરકાર રાખી છે,
કમજરે ના જવા દીધું મળેલું સર્વ કૈં જે તે.

જીવનને તે ફળવવાને, ઊંડું દિલ સમજી સમજીને,
જીવનહેતુની રીતિએ, હવે જીવવું કરેલું છે.

હરિઃૐ

## અમે જેહાદ માંડી છે

અમારે ને તમારે તે કશી કંઈ ભાંજગડ શી છે ?
નકામા વેવલાવેડા હવે કરવા જ છોડી દે.

તું તારે તુંમહીં હૃદયે પૂરેપૂરો જ મંડી રહે,
હૃદય એકાગ્ર કેંદ્રિત જીવન ધ્યેયે નિરંતર રહે.

જીવન જેને જ મળવું છે, મળી લઈને હૃદય તેને,
જીવન આનંદ અનુભવવા, અમે જેહાદ માંડી છે.

અમારાં બાવડાં સાબૂત, વળી મજબૂત કેવાં છે !
હૃદય આધાર ધરી અમ પર, અમારે પાર જીવવું છે.

હરિઃૐ

# બધું સંભાળી તું લેજે

કશી નાદાનિયત મારી પ્રભુ, તું લક્ષ ના લેજે,
ભલે કદી જો કરે શિક્ષા નવાજી લઈશ પ્રેમે તે.

થઈ અણજાણમાં કૈં કૈં શી છોકરમત અમારી જે,
પડી તુજ પાય લળી લળીને, કૃપા કરી તું જવા દેજે.

કદીક શિરજોરી તુજ પર શી થતાં આઘાત દિલ લાગે !
જણાવી તે તને દઈને કરું શો કરગર્યા ચરણે !

શું પશ્ચાત્તાપ દિલ ભડકે બળી, વીનવું છું હું તુજને,
પ્રભુ, તુજ પેટ મોટું છે બધું સંભાળી તું લેજે.

હરિઃૐ

## લહેજત દિલ પ્યારી છે !

તને સંતોષ દેવાને અમે કેવું મથેલા તે !
છતાંયે ક્યાંક ને ક્યાંક છબરડા વાળિયા શા છે !

જણાયું તેમ તો ત્યારે નીચું જોવાપણું થયું છે,
ન ગભરાયા વિના તેથી લડત જારી જ રાખી છે.

પૂરી જીતવા તણી આશા હૃદય ધારણ કર્યા કરી છે,
નજીક શો લાવવા હૃદયે મથામણ શી સતત અમ છે !

અમારે ને હરિ તારે હવે છેટું રહ્યું ના છે,
શું પકડી પાડવાની શી લહેજત દિલ પ્યારી છે !

હરિઃૐ

# પથે સાહસ કરેલાં છે

પ્રભુને રાખીને સામે જીવંતો એકલક્ષે તે,
ભીષણ સંગ્રામ ખેલ્યા શા ! અનુભવવા હૃદય હરિને.

જીવન આદર્શનો હેતુ સતત જીવતો જ ટકવાને,
કૃપા તારીથી કેવુંયે મથ્યા કર્યું છે જ તરવાને.


કદીક હાર્યો, કદીક જીત્યો, કદીક માથાં કૂટેલાં છે,
કદીક લમણે દઈ હાથ હતાશા કેવી વ્યાપી છે !

છતાં તેવી દશામાંયે કડી હિંમત શી રાખી છે !
કૃપાબળ પુરવઠે ભારે પથે સાહસ કરેલાં છે.

હરિઃૐ

# ખંડ - ૨

## હુકમ



હુકમ એ શબ્દની માત્ર ન એકલી જોડણી તે છે,
હુકમ એ તો ખરું ઍંજિન જીવન ખેંચી જનારું છે.

હરિઃૐ

## હુકમ કેવી નિસરણી છે !

પ્રભુ મેં તો હુકમ તારા જીવન ઓવારી પાળ્યા છે !
જીવનનેયે મૂકી હોડે હુકમપાલન કરેલું છે.

હુકમ કપરા હતા કેવા ઘડીક બુદ્ધિ થતી ચક્કર,
છતાં હિંમત દઢાવીને શું વર્તાયું હુકમ રીત !

હુકમ એ તો ઘડાવાની શી અણમોલી પ્રસાદી છે !
હૃદય તે પાળવા ટાણે સમજ દિલ તેવી ઊગી છે.

જવા ઓળંગી મર્યાદા અનેકે રીત જીવનની
-કૃપાથી જે મળેલો તે, 'હુકમ કેવી નિસરણી છે' !

હરિઃૐ

## હુકમ પ્રેમે ઉઠાવ્યો છે !

હુકમ શું સૂક્ષ્મદર્શક તે જીવનનું યંત્ર સાચું છે,
હશે નાનું છતાં મોટું કરાવી તે બતાવે છે.

નજર સામે બધું ખુલ્લું પૂરેપૂરું જણાવીને,
બધું ચોક્કસ દીવા જેવું જીવનમાં સ્પષ્ટ પ્રગટાવે.

જીવનનું વાંકુંચૂકું તે જણાયાથી કરી જીવને
-બધું તે યોગ્ય કરવાને મથાવાનું કરાવે છે.

હુકમ આદર્શની કેવી દીવાદાંડી જીવનની છે !
હૃદય તે ભાવથી મેં શો હુકમ પ્રેમે ઉઠાવ્યો છે !

હરિ:ૐ

# અનુગ્રહની નિશાની છે

હુકમ એ તો અમારા શા જીવનકૌવતનું લક્ષણ છે,
કૂવામાં કેટલું પાણી હુકમપાલન બતાવે છે.

હુકમપાલનથી જીવનની મરામત શી થયેલી છે !
હુકમ મળવાથી જીવનનું અમારું ગાડું ગબડ્યું છે.

જીવનમાં ગુણ ને ભાવ હુકમથી દિલ વરતાયે,
હુકમના હેતુ સમજણથી જીવન ઊઠતું રહે છે તે.

હુકમ એ સદ્‌ગુરુના તે હૃદયની દિવ્ય કરુણા છે,
ચરણની પાસ લેવાને અનુગ્રહની નિશાની છે.

હરિઃૐ

# હુકમ એ તો ખરું ઍંજિન

હુકમ એ શબ્દની માત્ર ન એકલી જોડણી તે છે,
હુકમ એ તો ખરું ઍંજિન જીવન ખેંચી જનારું છે.

મળે કો' ભાગ્યશાળીને હુકમ શો સદ્‌ગુરુનો તે !
હુકમને પાળતાં કેવાં જીવનરત્નો જડેલાં છે !

હુકમ એ તો તરી પાર જવા નૌકા મળેલી છે,
થવા નિશ્ચિંત સંપૂર્ણ હુકમ તે રીત પાળ્યો છે.

હુકમ તે સદ્‌ગુરુ દિલને અનુભવવા પિછાણ્યો છે,
હુકમ એ સદ્‌ગુરુનું શું અનુભવ ગૌરીશંકર છે !

હરિઃૐ

# હુકમ એ તો ઘરેણું છે

જીવન સૌભાગ્ય ખૂલવાની ખરી ચાવી, હુકમ શો છે!
હુકમ એ સદ્‌ગુરુ દિલને રીઝવવાની જ શક્તિ છે.

હુકમ એ સદ્‌ગુરુને દિલ ધરી શકવાનું બિંદુ છે,
જીવનઆદર્શના ગુણો ખીલવવા શો હુકમ તે છે !

જીવનધ્યેય ઈમારતનો ખરો પાયો જ હુકમ છે,
જીવનશૃંગારનું ઉત્તમ હુકમ એ તો ઘરેણું છે.

હુકમનું પૂર્ણ પાલન તે થવા કેવો મથેલો છું !
હુકમ મળતાં જ ઉમળકે થઈ બેઠો, કૂદેલો છું.

હરિઃૐ

# હુકમપાલન

જીવન સમજણનું ઊઘડવા હુકમને જ્ઞાનહેતુએ
-હૃદયની ભાવનાથી તે અમે કેવો ઉઠાવ્યો છે !

મડાગાંઠો વળી ટેવો બધા શા આગ્રહો, સમજણ
-બધાયે પૂર્વગ્રહ તેથી થવા મુક્ત, હુકમપાલન.

હુકમને સદ્‌ગુરુ આત્મા હૃદય તે જાણી પાળ્યો છે,
હુકમથી ભાવ હૈયાનો અનેરો કેળવાયો છે.

હુકમને પાળતાં હેતુ જીવનના ધ્યેયનો પૂર્ણ-
-હૃદયમાં જીવતો રાખી અમે પાળ્યા કરેલો છે.

હરિઃૐ

# હુકમ તો દિવ્ય સૂરજ છે

હુકમ એ પંખીની પાંખ ગગનમાં ઊડવા કાજે,
કૃપાથી સદ્‌ગુરુની તે પતિતને શો મળેલો છે !

નીચેથી તે ઊંચે ચઢવા મને ઉદ્ધારવા કાજે,
નૂતન જીવન ઘડાવાને હુકમ મુજને મળેલો છે.

હુકમને ના હુકમ માન્યો હુકમ તો દિવ્ય સૂરજ છે,
નવીન અજવાળું પાડીને હુકમ જીવન દીપાવે છે.

હુકમ જાહોજલાલી શી ! જીવનમાં એકથી એક
-જુદી ચઢિયાતી ને દિવ્ય શું પ્રગટાવે પ્રભુજીવન !

હરિઃૐ

# જીવનની દિવ્ય આંખલડી

જીવનની દિવ્ય આંખલડી હુકમને તો ગણેલી છે,
હુકમના શા અમે બંદા ! હુકમના ભક્ત પાકાયે.

થયા બેઠા હુકમથી શા ! થયા જીવતા હુકમથીયે
-હુકમને સદ્‌ગુરુ ધારી હુકમને આવકાર્યો છે.

અમારા દિલની ગાદી પર હુકમ પધરાવિયો શો છે !
હુકમના તત્ત્વનું જ્ઞાન ગુરુએ તો પમાડ્યું છે.

જીવનભક્તિ વિના પાક્યા, હુકમનું પ્રેમપૂર્વક ને
-હૃદયની ધારણા ભાવે કદી પાલન ન થઈ શકશે.

હરિઃૐ

## હુકમને આવકાર્યો છે

જીવનવિકાસને કાજે જરૂરી ગુણ ને ભાવ,
પકવવા ધ્યેય જીવનનું હુકમને શો સ્વીકાર્યો છે !

પળેપળ ભાન જીવનનું ટકી શકવા જીવંતું તે
-જીવનહેતુ ફળવવાને હુકમને આવકાર્યો છે.

હુકમને પાળતાં પ્રેમે પરાક્રમ કેવું મળિયું છે !
પૂરાં સાહસ વળી હિંમત, ધીરજ, શક્તિ, મળેલાં છે.

ખીલવવા પૂર્ણ કેળવવા જીવનની આદ્યશક્તિને,
થવા જીવતી અનુભવમાં હુકમને શો ઝીલેલો છે !

હરિઃૐ

# હુકમ તો હાર્દ કેળવવા

હુકમ ના જોડણી અક્ષર હુકમ ના માત્ર હુકમ છે,
હુકમમાં જ્ઞાનનો હેતુ જીવંતો શો રહેલો છે !

હુકમ તો હાર્દ કેળવવા, જીવનનો મર્મ મેળવવા,
પ્રભુજીવન અનુભવવા, હુકમને દિલથી પાળ્યો છે.

જીવનનાં બારણાં સજ્જડ થયેલાં કેટલાં અક્કડ,
ચપોચપ શા ઊઘડતાં તે હુકમ ઉઠાવતાં પ્રેમે.

હુકમને શી ખુમારીથી, જીવનના ભવ્ય ગૌરવથી
-પૂરેપૂરા પરાક્રમથી, વરી ચૂકેલ શા પ્રેમે !

હરિઃૐ

# બધો ઈતિહાસ ન્યારો તે

હુકમને દિલથી જીરવવા હૃદય મર્દાનગીથી તે,
ઝઝૂમેલા મથેલા શા ! બધો ઈતિહાસ ન્યારો તે.

હુકમના પાલને કેવા થઈ ધૂની હૃદયમસ્ત !
મળેલાં કર્મને પૂર્ણ થવા, હુકમ પચેલો છે.

હુકમના પાલને ભક્તિ જીવનમાં કેવી લાગી છે !
ખરેખરું પારખું તેનું અનુભવથી મળેલું છે.

હુકમના પાલને કેવા જીવન ગુણ ભાવ જામ્યા છે,
બધાં પોતાની મેળેયે જણાઈ આવશે પોતે.

હરિઃૐ

# ઈશારો ગૂઢ ન્યારો છે

હુકમના પાલને મસ્તી જીવનની ઓર ખીલે છે,
વળી ઉત્સાહ આદિ શા ગુણો કેવા ભભૂકે છે !

જીવનની સૌ ભૂમિકાની મરામત યોગ્ય કરી કરીને,
હુકમ શો તે નૂતન ભૂમિકા વિશે કેવો પ્રવેશાવે !

હુકમ શો શારડી જેમ વીંધી તે સોંસરું નાખે !
સહી લેવાની શક્તિયે ગરજ કેવી જગાડે છે !

હુકમ એ સદ્‌ગુરુ દિલનો ઈશારો ગૂઢ ન્યારો છે !
ઈશારાને પ્રીછી વર્તે જીવનનો સાર પામે છે.

હરિ:ૐ

# નવી દૃષ્ટિ, નવી સૃષ્ટિ

હુકમ મળતાં જીવનમાંની બધી તાકાત ઊછળે છે,
હુકમનું ભક્તિથી પાલન નવો અવતાર તે લે છે.

નવાં જીવન મળે તેના હૃદયપ્રશ્નો અનેરા છે,
અને ઉકેલવા તેને ઊગે છે સૂક્ષ્મ સાધનયે.

નવાં પ્રત્યેક જીવનમાં નયન પલટાય છે ત્યારે,
નવી દૃષ્ટિ, નવી સૃષ્ટિ, જુદી જુદી જ પ્રગટે છે.

નવાં પ્રત્યેક જીવનના જુદા શા કાયદાયે છે,
નવાં પ્રત્યેક જીવનનું નવીન તે સત્ય જુદું છે.

હરિઃૐ

# હુકમ તો દિવ્ય નયનો છે

અમારા તે હૃદયકેરી નૂતનતા પ્રીછવા કાજે,
હુકમ તો દિવ્ય નયનો છે, શું કીમિયાગર હુકમ પોતે !

હુકમને કેટલાં કેવાં અનેકે દિવ્ય પાસાં છે,
અને પ્રત્યેક પાસાનો જુદોયે કર્મ હેતુ છે.

હુકમના પાલને જીવન અમારું તો ઘડાયું છે,
ઘડતામાં શું છોલાયા છતાં તે યોગ્ય ધાર્યું છે.

જીવનનો સદ્‌ગુરુ પોતે ખરેખર યોગ્ય ઘડવૈયો,
અમે એને જીવન સોંપી હૃદય નિશ્ચિંત પૂરા તે.

હરિઃૐ

# ખરેખર દર્દ કીમિયો છે

હુકમને પાળતાં દર્દ જીવનમાં ઓર જાગ્યું છે,
અને તે દર્દનો સૂર બજ્યાં કેવો કરેલો છે !

વિના દર્દ કશાનામાં કદી ના પ્રાણ પ્રગટે છે,
ખરી રંગત જમાવામાં ખરેખર દર્દ કીમિયો છે.

વિના દર્દ જીવન છૂપો હૃદયરસ તે જ ઊછળે છે,
ખરો જે દર્દી પાકો છે, હૃદય સાચો જ મર્મી તે.

જીવનનાં દર્દ એવાંયે હુકમમાંથી મળેલાં છે,
વળી એ દર્દમાંથી શી હૃદય ઝાંખી થયેલી છે.

હરિઃૐ

# હુકમ એ પ્રાણપંખેરું

હુકમ એ પ્રાણપંખેરું હૃદયમાં દર્દ પ્રગટાવે,
અને ઊડવા ગગનમાં તે શી થનગનતી લહર સેવે !

હૃદયમાં દર્દ જે જાગ્યું સમજ હુકમની પ્રેરે છે,
હુકમનું હાર્દ બિરદાવી હુકમને શો પિછાને છે !


જીવનમાં દર્દને લીધે મને જે હાર્દ જાગ્યું છે,
અને એણે લગાડ્યું છે જીવનના મર્મને હૃદયે.

વળી એ દર્દથી કેવું જીવનનું ગૂઢમાં ગૂઢ !
-રહસ્ય જે છુપાયેલું, છતું પોતે થયેલું છે !

હરિ:ૐ

# ખંડ - ૩

## ગરીબી



ગરીબી કારમી કેવી અમે તો ભોગવેલી છે,
અને અપમાન, અન્યાય અમે કેવાં સહેલાં છે !

હરિઃૐ

# ખમીર ન્યારું ગરીબનું છે

ગરીબી કારમી કેવી અમે તો ભોગવેલી છે,
અને અપમાન, અન્યાય અમે કેવાં સહેલાં છે !

પ્રભુ તારે ચરણ ઢળતાં ચરણમાં પ્રાર્થના કરતાં,
સ્મરણથી ભક્તિ સ્પર્શતાં ગરીબી શી ખીલેલી છે !

ગરીબાઈ અમારી શી હવે તે ના નમાલી છે,
ગરીબાઈ हरिचरणे અમે તો દાખવેલી છે.

ગરીબાઈ અમારીમાં અમીરાઈ ખુમારી છે,
ગરીબ કેવળ પદે છીએ, ખમીર ન્યારું ગરીબનું છે.

હરિ:ૐ

# જુદાં ચશ્માં લગાડ્યાં છે

ગરીબી કારણે કેવા સહ્યા છે ઘોર હડસેલા !
મૂંગે મોઢે અમારે તે સહી લેવા પડેલા છે.

ગરીબ પ્રત્યે ન કોઈની સહાનુભૂતિ દેખી છે,
અમે હડધૂત થયેલા ને બહુ ધપ્પા પડેલા છે.

હવે ના અણગમો હૃદયે મને તો તેમની પર છે,
નયન ઊલટાં કરાવીને જુદાં ચશ્માં લગાડ્યાં છે.

પ્રભુ વહાલાતણી એવી શી જાદુઈ કરામત કે,
ગરીબને માતબર નક્કર ચરણમાં શો બનાવ્યો છે !

હરિઃૐ

## ગરીબી તે અમીરી છે

હજી એનો હું એ જ છતાં ચરણે પડે સહુ, ને
–અગાઉની ગરીબીનો ન કોઈ ખ્યાલ રાખે છે.

ચરણમાં જે શરણ તેને ગરીબી તે અમીરી છે,
ખરેખર વહાલી હરિને છે હૃદયથી તે ગમેલી છે.

ગરીબનાયે ગરીબ થઈને હૃદય ગમવા હરિને, ને
વધારે ને વધારે તે ગરીબ દિલથી થયા છીએ.

ગરીબ સંસારી આગળ ના, ગરીબ હરિનાં ચરણમાંના,
હરિને શા ગમેલા તે, ગરીબનો માત્ર માલિક તે.

હરિઃૐ

# અમીરીથીય ચઢિયાતી

ગરીબીમાં નીચી મૂંડી કરી કરી ચાલવાનું છે !
બધો સંસાર આ કેવો ગરીબોને દબાવે છે !

કૃપા કેવી પ્રભુની કે ગરીબ મુજને બનાવીને,
મૂકી દીધો જ સંસારે હવે ના કોઈ છંછેડે.

બધો સંસાર શો ઊલટો કૃપા તે માંગતો આવે,
ચરણમાં જે થયેલો છે ગરીબ તે સર્વશ્રેષ્ઠ જ છે.

અમીરીથીય ચઢિયાતી ગરીબાઈ ચરણની છે,
પ્રભુપદની ગરીબાઈ શી દેવોનેય દુર્લભ છે.

હરિ:ૐ

# પ્રભુપદમાં ગરીબાઈ

પ્રભુપદમાં ગરીબાઈ હૃદયથી કેળવી જીવને,
સમર્પણભાવથી પાછી ચરણમાં મૂકી દીધી છે.

ગરીબાઈ થકી કેવા જીવનમાં ગુણ લાધ્યા છે,
પદે ગુણથી જીવન કેવું સુશોભિત ભવ્ય શોભે છે !

ગુણો ના સંઘરી રાખ્યા, જીવન ઉપયોગમાં આણ્યા,
વધારો શો થવા મા'ણ્યા, સમર્પણ શા થયેલા તે !

ચરણને પાત્ર જીવનને બનવવા ગુણ ને ભાવ ,
ચરણની ભક્તિથી હૃદયે અમે શા કેળવેલા છે !

હરિઃૐ

## ગરીબાઈ પ્રભુની તે

વિના ચરણે ગરીબાઈ શરણ યોગ્ય થવાયે ના,
ગરીબાઈ જ કેળવવા મને તેં તેથી શીખવ્યું છે.

જીવનની સ્થૂળ ગરીબાઈ, હૃદયની દિવ્ય ગરીબાઈ,
હૃદયની ભક્તિથી નીપજી ગરીબાઈ પ્રભુની તે.

ગરીબાઈ અમે એવી હરિને કાજ ધારી છે,
પ્રભુપદ આગળે તુચ્છ ભલીભલી બાદશાહી તે.

પ્રભુ વહાલાતણાં ચરણે સકળ બ્રહ્માંડનીયે તે
-હકૂમત શી સમાયેલી ! અમે તે મહાલી જાણી છે.

હરિઃૐ

# ગરીબીને સ્વીકારી છે

ચરણમાં નમ્રમાં નમ્ર થવા જ્યાં દિલ ચહેલું છે,
હૃદયથી પ્રેમપૂર્વક શી ગરીબીને સ્વીકારી છે !

જીવનમાં સર્વથી મુજને અહં શું આડું આવ્યું છે,
મને ખતરામહીં નાખી ઊંધું ઊંધું બતાવ્યું છે !

છતાં જે ધ્યેય જીવનનું ગરીબાઈતણું લીધું,
સતત દિલ ભાવ જાગી તે હૃદય ચેતેલ રાખે છે.

કદીક ભૂલો પડેલો છું, પથે લૂલો થયેલો હું,
છતાં તારી મદદ લઈને થવા સાવધ મથેલો છું.

હરિ:ૐ

# ગરીબી ના કઠેલી છે

ગરીબાઈમહીં શાં શાં જીવનમાં દુઃખ પડેલાં છે !
દબાઈ ના ગયા તેથી પ્રભુની મહેરબાની તે !

જીવનમાં આગળે ધપવાતણું દિલ ધ્યેય તરવરતું-
-હતું ત્યારેય, તેથી તે ગરીબી ના કઠેલી છે.

ચીંધેલાં સર્વનાંયે જે અમે કામ કરેલાં છે,
અને એ રીત જે તે ને હૃદય રીઝવેલ છે પ્રેમે.

સહાનુભૂતિ સક્રિય જીવન તેથી મળેલી છે,
મને તેથી જ અભ્યાસે મળ્યો ઉત્સાહ ધપવાને.

હરિ:ૐ

# પ્રભુનાં પદકમળની છે

ગરીબાઈ જીવનમાં જે કૃપાથી શી મળેલી તે,
જીવનમાં આગળે ધપવા અમે તેને દીપાવી છે.

ગરીબીની રિબામણ શી ! ગરીબીની પિલામણ જે,
અનુભવી શી જીવનમાં ને અમે રીઢા થયા શા તે !

ગરીબાઈ હતી ત્યારે અને તે આજ કેવી છે !
ગરીબી આજની એ તો પ્રભુનાં પદકમળની છે.

ગરીબી આજની એ તો જીવન સૌભાગ્ય સદ્‌ભાગ્ય
-મળી શોભાવવા કેવી ! પ્રભુની મહેરબાની તે.

હરિઃૐ

## ગરીબાઈ સ્વીકારી છે

જીવન અજવાળવાની શી ! જીવન તરી પાર કરવાને,
જીવનમાં દિવ્યતા શક્તિ અનુભવવા ગરીબી છે.

ગરીબી જે હૃદયની છે, હૃદયથી નીપજેલી ને
-મળેલી ભક્તિથી દિલ જે ગરીબી શી ખરેખરી તે !


પ્રભુનાં તે ચરણકમળે ગરીબી દક્ષિણારૂપ છે,
પ્રભુમય પાત્ર બનવાને ગરીબી યોગ્ય સાધન છે.

ગરીબાઈ વિના કો'થી પ્રવેશી પદ શકાયે ના,
પ્રભુને પામવા કાજે ગરીબાઈ સ્વીકારી છે.

હરિ:ૐ

# ખંડ - ૪

# સ્મરણાદિ સાધન



સ્મરણને મેં શરૂ શરૂમાં લીધા પ્રેમે કરેલું છે,
છતાં શ્રદ્ધા જીવંતી તે સ્મરણમાં ના હતી મુજને.

હરિ:ૐ

## પ્રભુપ્રીત્યર્થ સાચો છે

જીવનમાં કર્મ પરિણામ થતું વૃત્તિ વિશે ચિત્તે,
હૃદયની ભાવનામાં ને વળી સંસ્કારમાં જે તે.

અનુભવમાં મને આવ્યું જીવનમાં તેથી જાણ્યું તે,
જીવનમાં કર્મનો યજ્ઞ પ્રભુપ્રીત્યર્થ સાચો છે.

જીવનમાં આચરાતું જે પ્રભુપ્રીત્યર્થના ભાવે,
સમર્પણ તે થતાં ચરણે, જીવનને તે ફળાવે છે.

હરિઃૐ

## જીવનહેતુ ફળાવે છે !

પ્રસંગો આપમેળે જે મળે તે હેતુપૂર્વક છે,
જીવનહેતુ ફળવવાને બધું જે તે મળેલું છે.

ભલે નરસું મળે અમને જીવન તેયે મુબારક છે,
જીવનમાં હેતુનું જ્ઞાન હૃદય તેમાંય જીવતું છે.

ભયંકર કારમું કેવું તપાવાનું બનેલું છે !
જીવનમાં શા પ્રસંગોએ મને કેવો તપાવ્યો છે !

જીવનમાં તે નિરર્થક ના, સહેલું હેતુપૂર્વક જે,
તપશ્ચર્યા ખરેખર શી, જીવનહેતુ ફળાવે છે !

હરિઃૐ

# મને પંથે દૃઢાવે છે

જીવનઆદર્શ સાકાર હૃદયપ્રત્યક્ષ કરવાને,
મરણિયો દૃઢ ઊંડો નિશ્ચય સતત કેવો મથાવે છે !

પ્રવેશાવી ઊંડે અંતર રહસ્યો શાં બતાવે છે !
જતાં ભરમાઈ ત્યાં, કેવો મને તે ચેતવી દે છે !

શી એકથી એક ચઢિયાતી તહીં દુનિયા નિરાળી છે !
કૃપાથી ત્યાં છતાં ભાન જીવનના ધ્યેયનું રહે છે.

કદીક ઓછું જ વત્તું તે થયા કરતું સદા રહે છે,
છતાં એકંદરે ભાન મને પંથે દૃઢાવે છે.

હરિઃૐ

# થતાંમાં આડુંઅવળુંયે

અનેકેવાર સગડગ શી કર્યા કરવા વિશે મુજને,
ઊગીને ગડમથલ કેવી મને ભારે કરાવી છે !

સતત શી પ્રાર્થના ત્યારે નિરંતર મેં કરેલી છે,
નિવેદન ને સ્મરણકેરી શી રમઝટ મેં ચલાવી છે !

'થતાંમાં આડુંઅવળુંયે' સમજ એની પડાવે છે,
મને ત્યારે સીધે રાહે ચઢાવીને ચલાવે છે.

જીવનના સર્વ રસ્તાનો પૂરો હું ભોમિયો ન્હોતો,
હૃદયથી પાડવા સાદ તને મેં નેમ લીધો'તો.

હરિઃૐ

## થયો વિશ્વાસ પાકો તે

સતત તુજને કહ્યા કરવું, લીલીસૂકી જીવનની તે,
હૃદયની ભાવનાનો સો પડેલો મહાવરો નિત્યે !

નિવેદન સર્વ કરવાથી હૃદય હળવું શું ફૂલ રહે છે !
વળી નિશ્ચિંતતા કેવી સકળ આધાર જાગે છે !

સરળતા શી જીવન જાગે ! મુલાયમતા પ્રગટતી છે,
જીવનને તે ઘડાવાને ભૂમિકા યોગ્ય બનવે છે.

થતાં સાધન વિશે દિલથી પરોવાયેલ મસ્તીએ,
ખચીત તે ઊગી નીકળશે, થયો વિશ્વાસ પાકો તે.

હરિઃૐ

# મરણિયો યત્ન ઊગે છે !

જીવનમાં સદ્‌ગુરુએ જે બતાવેલું કર્યા કર્યું છે,
થતાં તે તે, થતાંમાં તે હૃદયમાં તેજ ઊગ્યું છે.

થતી રહેતી મહેનત જ્યાં હૃદય વિશ્વાસ ઊગ્યો છે,
'સતત મથતાં જ રહેવાતાં ઉઠાશે એક દી નિશ્ચે'.

સતત મથતાં, મથાતામાં ખરો શો સ્વાર્થ જાગ્યો છે !
અને ત્યારે જ જહેમતની અસલ ખુશબો નિહાળી છે.

ગળ્યો કેવો ગરજઅર્થ ગરજનો દર્દી પ્રીછે તે,
ફળવવા હેતુ ત્યારે શો મરણિયો યત્ન ઊગે છે !

હરિઃૐ

# મને રસ્તો સુઝાડ્યો છે

જીવનની કારમી આફત ફિરસ્તાએ બતાવી છે !
બતાવીને ઊગરવાને મને રસ્તો સુઝાડ્યો છે.

મરણિયા યત્ન આદરીને જવા પાર મથાયું છે,
કદી હિંમત ન હાર્યો છું, કૃપા એ તો પ્રભુની છે.

ઘણી વેળા ફવાતાં ના મૂકી દેવા થયું દિલ છે,
હૃદયથી પ્રાર્થનાનું ત્યાં કર્યા સાધન કર્યું છે મેં.

હૃદયના આર્ત ને આર્દ્ર નીતરતાં અશ્રુપોકારે,
વિનવણી શી નિરંતરની થયા કરતાં, ચઢ્યો વહારે.

હરિઃૐ

# તને પોકાર પાડ્યો છે

શરૂ શરૂમાં ફિરસ્તાને ન સહકાર દીધેલો છે,
થયા કરતાં જ અભ્યાસ હૃદયમાં સૂઝ ઊગેલી છે.

ફિરસ્તાની હૃદયકિંમત ખરેખરી દિલ સમજ્યો, ને
ગરજનું ભાન ત્યારે તો થયું તરવરતું શું હૃદયે !

કર્યા કરતાં, કર્યા કરતાં, સતત જહેમત ઊઠાવીને,
ચીંધેલું સર્વ આચરતાં કૃપા ગુરુની ઊગેલી છે.

ઘણીયે વેળ મૃત્યુમાં પડી ચૂક્યો પૂરેપૂરો,
ઊગરવાને પ્રયત્નો ત્યાં કર્યા કરતાં બચાયું તો.

જીવનમાં પ્રાર્થનાકેરો સહારો શો અનુપમ છે !
શી અથડામણ થતાં સહેજે તને પોકાર પાડ્યો છે !

હરિઃૐ

# हरिनी साथ छे पंगत

હૃદય વહાલો हरि મુજને સ્મરણ નેડાથી લાધ્યો છે,
સ્મરણ અભ્યાસની લતથી છતો हरि શો થયેલો છે !

હૃદય આનંદની છોળો પરે છોળો શી છલકે છે !
અને અનંત ઓવારે શી છલકાતી જતી પારે !

જીવનઆનંદને વહેવા ભલેને પ્રકૃતિ સાધન,
રમે हरि પ્રકૃતિમાં શો અનંતાનંત તે રીત !

જીવનના નેસડામાં શા અમે છીએ हरि સાથ !
જુદા હોવા છતાં **एक** જ हरिनी સાથ છે પંગત.

હરિ:ૐ

## ફનાગીરી શી જીવન છે !

જલતી જ્વાળામુખી જેવી શી ધગધગતી તમન્ના છે !
અનુભવવા જ જાગેલી હૃદય એવી તમન્ના છે.

પ્રખર અગ્નિની જ્વાળાઓ બળે ભડભડ હૃદય જેને,
અનુભવવા જીવનહાર્દ મરણિયા શા થયેલા તે !

જીવનઆદર્શને માટે શી તાલાવેલી લાગી છે !
થતા શા તે ફના રહે છે ! ફનાગીરી શી જીવન છે !

જીવનભસ્મ કરી પૂર્ણ અનુભવતા નૂતન જીવન,
નૂતન જીવન વિશે પાછા અનુભવતા જીવન નૂતન.

હરિઃૐ

# સ્મરણને મેં ગ્રહેલું છે

શરૂ શરૂમાં સ્મરણને મેં છટકબારી ગણી લઈને,
શરીરના રોગને માટે સ્મરણને મેં ગ્રહેલું તે !

જીવનમાં સ્ફૂર્તિ, ઉત્સાહ, ઉમંગ, પ્રેરણા, ખંત,
ગુણો એવા વિકસતા શા જણાયા છે સ્મરણ સદ્ય !

સ્મરણ વહાલા પ્રભુનું તે જીવંત દિવ્ય ઔષધ છે,
સહારો લઈ, પ્રયોગે તે મને સાબિત થયેલું છે.

જીવનનો પ્રાણ જાણીને સ્મરણને મેં ગ્રહેલું છે,
સ્મરણ એ તો હવે મારે જીવનઆધાર પાકો છે.

હરિઃૐ

## 'જીવનનું બળ' પ્રભુ મુજ તે

જીરવવાની હૃદયશક્તિ પ્રભુ, તું આપતો રહે છે,
કરુણા કેટલી તારી પ્રભુ, મુજ પર વરસતી છે !

તને તેથી હૃદય હરદમ હૃદયના ભાવ ઉમળકે,
ઊછળતા ધોધની પેઠે કર્યા કરું યાદ કેવોયે !

પળેપળ યાદ કરવાનું બન્યા કરતું રહે મુજને,
'જીવનનું બળ' પ્રભુ મુજ તે જીવનની શ્વાસદોરી છે.

સ્મરણ તારું સ્મરણ ના છે, જીવનશક્તિ સ્મરણ તો છે,
સ્મરણથી જિંદગાનીનું ખરું મૂળ તો મળેલું છે.

હરિઃૐ

## ક્ષમા કરવા વિનંતી છે

સ્મરણની યાદગીરીમાં ચરણમાં શિર ઝુકાવ્યું છે,
ઝુકાવીને અમે માથું, શરણ તારું સ્વીકાર્યું છે.

તને જે રીત ગમતી છે, અમારે ચાલવાનું તે,
જીવનમાં તે રીતે વર્તી તને રાજી જ કરવો છે.

પ્રસન્ન તું રહે જેથી અમારે તે ગનીમત છે,
ખરી શરણાગતિ એને અમે શી દિલથી જાણી છે.

વળ્યા જ્યાં જ્યાં જીવનમાં ત્યાં લીધો અણસાર તારો છે,
કદીક ભૂલ્યા જ હોઈએ ક્ષમા કરવા વિનંતી છે.

હરિઃૐ

## જીવનરંગત અમારે તો

‘જીવનરંગત અમારે તો પ્રભુ તુજ સાથ ખેલીને,
-ખરી બહેલાવવાની છે’ હૃદયની ધારણા શી તે !

પ્રભુ તુજ પાસ આવ્યો જ્યાં હૃદય સગપણ થયેલું ત્યાં,
મને ‘અડવો’કરેલો કાં ! ભર્યા સંતાપ દિલમાં શા !

તને મારે કહેવું શું ? નઠોર છેક તું શો છે ?
કશું કાને ધરે છે ના,અહીં અંગાર ઝરતા છે.

થવા શીતળ કને આવ્યો ઉપરથી બળતરા શી તે,
-શરીરના રોમરોમેયે પ્રભુ મુજને જલાવી છે !

હરિઃૐ

## હૃદયથી પ્રાર્થના કરતાં

અનુભવવા જીવનશક્તિ પ્રભુ આશ્રય લીધો તુજ છે,
બધી વાતે પૂરેપૂરો પ્રભુ નિષ્ણાત તું શો છે !

કંઈક મુશ્કેલી કે વિઘ્ન પથે નડતાં, ચરણ તારે
-તને મેં સંભળાવ્યું છે, જીવનનું યોગ્ય કરવાને.

જીવનમાં જ્યારે જ્યારે કંઈ મને અડચણ પડેલી છે,
હૃદયથી પ્રાર્થના કરતાં ખુલાસો તેં કરેલો છે.

મને તુજ એકલા પર શો પૂરેપૂરો ભરોંસો છે,
મને નિષ્ણાત સૌ વાતે બનવવાનો પ્રભુ તું છે.

હરિઃૐ

## રસીલો છે, છબીલો છે

અમારે તો ચરણ તારે શરણમાં પૂર્ણ જીવીને,
તને આરાધવા હૃદયે જીવનસંકેત લીધો છે.

જીવન જીવવા પ્રભુ તુજમાં હૃદય ધારી સતત તુજને,
હૃદય પોકારવામાં તો હૃદય આનંદ લાગે છે.

સ્વરૂપ આનંદનું તું છે, વળી તું 'ભાન' તેનું છે,
અને અસ્તિત્વ તેનુંયે ખરેખર માત્ર **एक** જ છે.

જીવન જીવતાં હૃદય લાગ્યું **हरि** એવો અમારો છે,
રસીલો છે, છબીલો છે, હરી લેનાર **चित्त**નો છે.

હરિઃૐ

# પ્રભુનો થઈ પ્રભુનામાં

જીવનમાં ભાળ લાગી કે પ્રભુ તું ચાહ્ય છે મુજને,
હૃદય બળવંતી શી મુજને જીવનઓથ મળેલી તે !

જીવનમાં ભાળ લેનારું ખરેખર કોક મારું છે,
થતાં ધરપત હૃદય તેવી, હૃદય શું જોમ પ્રગટ્યું છે !

પછીથી તો હૃદયમસ્તી જીવનમાં કેવી લાગી છે !
મદોન્મત્ત થઈ પ્રભુ કેવો જીવન મહાલ્યા કરેલું છે !

પ્રભુનો થઈ પ્રભુનામાં જીવન જીવવા ધરેલું છે,
પ્રભુ ઉપયોગમાં લેવા પૂરેપૂરું ચહેલું છે.

હરિઃૐ

# છતાં તું ના ભુલાયો છે

જીવનઝરણું વહેતું જે સતત ને એકધારું છે,
અનુભવવા પ્રભુ તેમાં મને રસ તેં જગાડ્યો છે.

વળી એવા હૃદયરસથી મને આકર્ષી લીધો છે,
અને આકર્ષીને મુજને જીવનમાં શો ધપાવ્યો છે !

જીવન વિશે હૃદય ઊતર્યો જતાં અંતર વિશે ઊંડે,
અનુભવ શા નવા નૂતન ! અનુભવવા મળેલા છે.

બધા તે તે અનુભવમાં તને દિલ કેંદ્ર રાખ્યો છે,
બધામાં શો પરોવાયો, છતાં તું ના ભુલાયો છે.

હરિઃૐ

## ઝર્યા કરતો હરિરસ છે

તને ચિંતન હૃદય કરીને અમે જીવવા ચહેલું છે,
પ્રભુ, તારા વિના અમને પડે ના ચેન ક્યાંયે તે.

જીવનનો પ્રાણપ્યારો ને જીવનનું કેંદ્રબિંદુ છે,
જીવનથી તું ન અળગો છે, જીવન શો ઓતપ્રોતે છે !

સળંગાકાર જીવનમાં રસાયેલો રસે શો છે !
જીવનમાં સર્વ ક્ષેત્રો ને બધાં પાસાં વિશે પણ છે.

હૃદય તેથી સદા અમને બધાંનામાં, બધાં વિશે
–સતત જીવતો નીગળતો શો ઝર્યા કરતો હરિરસ છે !

હરિ:ૐ

# જીવનનું ધ્યેય પ્રત્યક્ષ

જીવનનાં ગીત ગાવાને હૃદય લહાવો મળેલો છે,
જુદા જુદા તબક્કાના અનુભવ શા જુદા તે છે !

મળી જે જે પરિસ્થિતિ વિશે, તે ધ્યેય જીવનનું
-મને તેં તો કૃપા કરીને હૃદય જીવતું રખાવ્યું છે.

જીવનના ધ્યેયને પૂર્ણ થવા સાકાર જીવનમાં,
મથાયા ત્યાં કરાયું છે, શું એની એ જ તે ધૂનમાં !

સતત મથતાં રહેવાતાં હૃદયમાં ધ્યેયનું ચિંતવન,
થતાં એકાગ્ર કેંદ્રિત જીવનનું ધ્યેય પ્રત્યક્ષ.

હરિઃૐ

# બધું બળ મુજ, પ્રભુ તું છે

જીવનમાં જે થઈ સેવા ચમત્કારિક નીવડી છે,
ઊગ્યું કરવાની તે સેવા કૃપા બલિહારી તારી છે.

હતો કેવો, હવે કેવો ! ઉભય જીવન નિરાળાં છે,
હૃદય ઉગાડીને સાચું મને મથતો કરાવ્યો છે.

મને બેસી ન રહેવા દઈ સતત મહેનત કરાવી છે,
હૃદય સાકાર તે ધ્યેય થવા દોડાવિયો શો છે !

બધો આધાર જીવનનો પ્રભુ, તુજ પર ટકેલો છે,
તું શ્વાસોશ્વાસ જીવનનો, બધું બળ મુજ, પ્રભુ તું છે.

હરિઃૐ

## જીવનસગપણ થયેલું છે

હવે તારે અને મારે જીવનસગપણ થયેલું છે,
તને છોડી કહીં મારે હવે બીજે જવાનું છે ?

ચરણ તુજ પ્રેમથી મેં શા હૃદયમાં તો ગ્રહેલા છે !
વિખૂટા કેમ તે ક્યાંથી પ્રભુ મુજથી પડી શકશે ?

વિખૂટા પાડવાકેરું, ન બળ તે કોઈનુંયે છે,
હૃદય, મન, પ્રાણથી લગ્ન શું તું સાથે થયેલું છે.

હવે તો ઝંખના ઉત્કટ પ્રભુ તુજ સાથ જીવવાની,
સતત આનંદમાં જીવન રહી તુજ સાથ રમવું છે.

હરિઃૐ

# પુરુષાર્થે ફવાશે તે

પૂરું દૈવત જો મુજમાં છે, પછી ફિકર મને શી છે !
પૂરી હિંમત ભીડી હૃદયે કરીશ ફાવ્યા સતત પથ તે.

જઈશ અટવાઈ અધવચ જો, પરાક્રમથી ઝઝૂમતાં તે
-હૃદય અભ્યાસમાં જો છે, જરૂર મળવાનો રસ્તો છે.

કૃપા તારી શી મુજ પર છે છતાં યત્નો ન છોડ્યા છે !
મરી મથતાં, મરી મથતાં પુરુષાર્થે ફવાશે તે.

જીવનનો રાહબર સાચો તને મેં એકલો જાણ્યો,
તને વરવાનું રાખી હું પ્રભુ તુજ સાથ પરણ્યો છું.

હરિઃૐ

# જહેમત તેં કરાવી છે

જીવનનાં સર્વ પાસાંનાં મને દર્શન કરાવ્યાં છે,
અજુગતું જે બધું તેને પ્રભુ, તેં ઠીક બનાવ્યું છે.

અજુગતું યોગ્ય કરવાને જહેમત તેં કરાવી છે,
છતાં કેવું ઘણી વેળા ખરે ! તૂટી પડાયું છે !

પડાતાં ત્યાં ટૂંકું હૈયે મને શું શૂળ પ્રગટ્યું છે !
પડ્યાનું ભાન પ્રેરીને મને શો ચેતવેલો છે !

હૃદય ત્યારે તને સ્તવતો, હૃદયથી પ્રાર્થના કરતાં
અનુભવ બળ મળ્યાનો શો મને ત્યારે થયેલો છે !

હરિ:ૐ

## હૃદય મહોબત હરિ સાથે

હૃદય મહોબત હરિ સાથે સ્મરણનામે લગાડી છે,
હૃદય લાગ્યાથી મહોબતને તને દિલમાં લગાડ્યો છે.

હૃદય તુજ **एक**નું દર્શન, અનેકે ફેરવાયું છે,
અનેકે શાં જુદાં જુદાં, છતાં કેંદ્રે તું **एक** જ છે.

હૃદયમાં શી હરિ સાથે રમત રમવાની લહેજત છે !
છુપાઈ શો જતાં **हरि** તું બનાવી બહાવરો દે છે.

હૃદયમાં ભાન તુજ વિશે શું ઉત્કટ તીવ્ર જગવે ને
-હૃદયના તીવ્ર તે ભાને હરિ શો હાથ લાગે છે !

હરિઃૐ

# મને દર્શન કરાવ્યું છે

હૃદય શો ભાવ જીવનનો કૃપાથી જ્યાં ખીલેલો છે,
જીવનનાં સર્વ પાસાંનું તહીં દર્શન થયેલું છે,

હૃદય સન્મુખ પ્રભુ પણ શો ગતકડાં શાં કરે છે તે !
હૃદય વિશ્વાસ સંપૂર્ણ 'ન તૂટવાનું સ્મરણ તુજ તે.'

હૃદયનો આત્મવિશ્વાસ હૃદયથી શો હૃદયમાં તે,
કૃપા કરીને પતિત મુજ પર જીવનમાં તેં જગાડ્યો છે.

જગાડ્યો તો જગાયું છે, જિવાડ્યો તો જિવાયું છે,
શરણ તારે લઈ અદ્‌ભુત મને દર્શન કરાવ્યું છે.

હરિ:ૐ

## પ્રભુ કેવો તું દિલબર છે !

તને ના ઓળખેલો કે પ્રભુ કેવો તું દિલબર છે !
નયન અણસારથી ખેંચી મને તુજમાં ફસાવ્યો છે.

હવે ચસવા જરા ના દે તું સન્મુખ શો રખાવે છે !
સ્મરણની ભાવના તારી મને પળ ના ભુલાવે છે.

હૃદયમાં પ્રેમની જબ્બર અહા ! શી ચોટ લાગી છે !
હવે તો એકલું તારું મને શું ભૂત વળગ્યું છે !

કરાવે છે બધું જે તે મને શો ફોસલાવીને,
લઈ કબજો પૂરેપૂરો મને શો તું નચાવે છે !

હરિઃૐ

## ખડો શો તું થયેલો છે !

સ્મરણ તો મેં કર્યું ના છે, સ્મરણ તો **તેં** કરાવ્યું છે,
સ્મરણના ભાવથી શું **તેં** હૃદય તુજમાં લગાડ્યું છે !

જીવન આરાધના વિશે મહત્ત્વ શું સ્મરણનું તે,
સ્મરણ અભ્યાસની લતથી હૃદય ઊગી ગયેલું છે.

સ્મરણથી ભાવ જાગ્યો છે, હૃદયમાં ભક્તિ સ્ફુરી છે,
જીવન લાગ્યું જ સમજાવા, ત્યહીંથી દી ઊગેલો છે.

થતાંમાં લીન તુજ વિશે ખડો શો તું થયેલો છે !
રહ્યો સન્મુખ સતતે શો હૃદયઘેલું લગાડીને !

હરિઃૐ

## પછી બાકી હવે શું છે ?

ચરણસેવક થવાનું જ્યાં હૃદયમાં તાન ઊપડ્યું છે,
મહત્ત્વ ના કશાનામાં મને ક્યારેય લાગ્યું છે.

હૃદય તારો થઈ જાવા શી તાલાવેલી ઊગી છે !
મનેન્દ્રિયો હૃદય તુંમાં પરોવાવી રખાવે છે.

'મને **તું** ચાહતો કેવો' ! થતાં અનુભવ જીવન જ્યાં તે,
સતત મુજ લક્ષ જીવંતું, પ્રભુ તારા વિશે રહે છે.

હવે તો શી લઢણ લાગી ! થઈ બેઠો તું અસ્વાર-
-પ્રભુ મુજ પર પૂરેપૂરો, પછી બાકી હવે શું છે ?

હરિઃૐ

# છતાં સેવક ચરણનો છું

ચરણની રજનીયે રજ ના, છતાં સેવક ચરણનો છું,
ચરણમાં હું ઢળ્યો શરણે, ચરણનો દાસ તેથી છું.

શરૂ શરૂમાં હૃદય મુજને મહત્ત્વ શું ચરણ તુજ તે
-બહુ પેરે વિચારાતાં કદી ના ખ્યાલ આવ્યું છે.

ચરણઆશ્રય લઈ લઈને સ્મરણ જીવતું થતાં હૃદયે,
સ્મરણના ભાવથી ઊંડો શું આહ્‌લાદક હૃદયરસ છે !

જીવનમાં લાગતાં મુજને ચરણનું મૂલ્ય સમજ્યો છું,
ચરણ તેથી હૃદય સાથે જડાઈ શાં ગયેલાં છે !

હરિઃૐ

# અમારે દિલ ઉમળકો છે

જીવનનો યોગ્ય આહાર યજ્ઞ અવશેષ જે કૈં છે,
અમારે તે જ આરોગી, ધર્યા કરીએ જીવનચરણે.

જીવનના પ્રેમના યજ્ઞે સતત હોમાઈ જવાનું છે,
જીવનઆહુતિ થઈને શી ભભૂત કેવી બને છે તે !

અમે તન પર લગાડી તે હૃદયથી ભેખ ધાર્યો છે,
પદે અહાલેક પુકારી, અમારો સ્વાંગ બદલ્યો છે.

હવે સંતોષ શો તુજને હૃદયથી પૂર્ણ દેવાને,
હૃદયથી તુજ પરે વારી, અમારે દિલ ઉમળકો છે.

હરિઃૐ

## જીવનના પ્રેમના યજ્ઞે

જીવનના પ્રેમના યજ્ઞે જીવનને હોમી દીધું છે,
અને તે હોમવાથી તો સમર્પણ તે થયેલું છે.

સમર્પાયા વિના પૂર્ણ કશાનોય નિવેડો તે,
-કદી કેમે કર્યોયે ના જીવનમાં ક્યાંય આવે છે.

સમર્પણ યજ્ઞ કરવાનું ચરણભક્તિથી ઊગ્યું છે,
વળી તે યજ્ઞ કર્મે શો ઉમળકો ધોધ ફૂટ્યો છે !

શી સરવાણી જ ભક્તિથી કૃપા તારીથી ફૂટીને,
જીવનનું અસ્ખલિત ઝરણું વહેતું તેં કરેલું છે.

હરિઃૐ

## હજારો હાથવાળો તું

પ્રભુને પ્રેમ કરી કરીને સંબંધો શા દીધા મુજને !
પ્રભુ મુજ કર્મ સૌ જે તે સંબંધોથી થયેલું છે.

મને તેં ભાગ્યશાળી શો પૂરેપૂરો બનાવ્યો છે !
જીવનમાં ધારિયાં કર્મ પૂરાં તેં શાં કરાવ્યાં છે !

સ્વજન કેવાં જીવનમાં તેં મદદ કરવા જ બક્ષ્યાં છે !
'હજારો હાથવાળો તું' કરી સાબિત બતાવ્યું છે.

પ્રભુ જીવન વિશે મારે ખરે પ્રત્યક્ષ કેવો છે !
મને જ્યાં ખપ પડ્યે ત્યાં તું ખરેખર શો ઊભેલો છે !

હરિઃૐ

# સ્મરણ અદ્ભુત જાદુ છે

જીવનની ખુશનસીબી કે સ્મરણ નેડો જ લાગ્યો છે !
સ્મરણની શક્તિ શી શી છે ! સ્મરણની શી શી અસરો છે !

વિના અનુભવ ન સમજાયે સ્મરણ અદ્ભુત જાદુ છે.
નર્યા કાદવ થકી કેવું કમળને જન્મ આપે છે !

સ્મરણ ઉપજાવતું કેવું અજાયબી શી ભરેલું તે !
સ્મરણ અજમાવી જોયું છે સતત સેવન કરેલું છે.

સ્મરણની ખુશબો કેવી કરી દે તરબતર દિલને !
બધુંયે ફેરવાવીને શું નંદનવન કરી દે છે !

હરિઃૐ

## હરિ શો બાથ લીધો છે !

અમારું સારું કે નરસું ઉભયમાંનું કશું ના છે,
હરિરસની લીલા જ્યાં ત્યાં નીરખવાની અમારે છે.

બધે જેમાં અને તેમાં રમી વહાલો રહેલો છે,
કહીંક ઊંધો, કહીંક છત્તો, છટા એની મધુરી છે.

વહાલાનું બધું મધુરું, બધું રસથી છલોછલ છે,
જગત સૌંદર્ય, માધુર્ય બધું રસથી રસાયું છે.

હરિરસને પૂરેપૂરો ભરી પેટ જીરવવો છે,
હરિચરણે, ઢળી શરણે હરિ શો બાથ લીધો છે !

હરિઃૐ

## તપશ્ચર્યા વિના કાંઈ

સ્મરણને મેં શરૂ શરૂમાં લીધા પ્રેમે કરેલું છે,
છતાં શ્રદ્ધા જીવંતી તે સ્મરણમાં ના હતી મુજને.

સ્મરણનો ભાવ હૈયામાં ન એની મેળ ઊગ્યો છે,
સ્મરણને જીવતું કરવા મહેનત કેવી લીધી છે !

તપશ્ચર્યા વિના કાંઈ ન એની મેળ ઊગે છે,
હૃદયની તીવ્ર જિજ્ઞાસા મને **एणे** મથાવ્યો છે.

કૃપાનો પ્રેમઆધાર સદા એ તો જીવંતો છે,
થતાં જ્યાં પાત્રતા પૂર્ણ અનુભવમાં જ પ્રગટે તે.

હરિઃૐ

# જીવનમાં જાગતાં જોયું

જીવનમાં જાગતાં જોયું થયેલું સર્વ ફોગટ તે,
છતાં એવાં થયાં કર્મે મને કેવો જગાડ્યો છે !

જીવન જીવતો થયો ત્યારે થતાં સૌ કર્મ તે જે તે,
થયેલાં કર્મથી સાવ નિરાળાં, જુદી રીતનાં છે.

પહેલાંનું, હવેનું જે જીવન શાં સાવ નોખાં છે,
પરસ્પર તે જીવનકેરા ઉભયના હેતુ જુદા છે.

અમારે તો હવે સઘળાં ગતકડાં શાં હરિ સાથે !
જીવનની મોજ જીવંતી હરિ સહ મહાલવાની છે.

હરિઃૐ

## ગમે તેવાં ભલે સંકટ

હૃદય તુજ શો વળી વળીને અમારે પ્યાર કરવો છે,
કરી કરી વહાલ હૈયાથી સુખાનંદે નીતરવું છે.

તપશ્ચર્યા ભયંકર હો પ્રભુ તુજ પ્રેમને કાજે,
હૃદયથી નાચી નાચી જે ઉમંગે કરશું વારીને.

ગમે તેવાં ભલે સંકટ અમે વહોરી લઈશું તે,
ગગણશું ના જરી દિલમાં, હશે થડકાર ના ક્યાંયે.

અમારે તો ગમે તેમ કરી કરીને **હરિ**ચરણે
–હૃદયથી પ્રીત કરવાની જીવનનેમ ફળવવી છે.

હરિઃૐ

## હવે વહાલો જ પાસે છે

અમારું સૌ અમે જોઈ પ્રભુ તે તો મઠાર્યું છે,
જીવનઠેકાણું તો પડતાં હૃદય શાતા વળેલી છે.

સતત દિલ વહાલ કરવાને હવે વહાલો જ પાસે છે,
રમત તે સાથ માંડીને અમારે ગેલ કરવો છે.

હવે તો ગાળ પણ દઈને બને શું ભાંડવું તુજને,
કદીક લડવું પડે છે જો લડી લઉં છું ઉમંગે તે.

હરિઃૐ

# અમે આરોપી દીધો છે !

થતું જેમાંથી સર્જન છે હૃદયથી ત્યાં નમી, લળીને
-હૃદયના ભક્તિભાવેથી નમસ્કારો અમારા છે.

હૃદયના ભાવને ત્યાં ત્યાં કર્યા આરોપી, જીવનને
-નીગળતા શા હૃદયપ્રેમે પરોવી પૂર્ણ દીધું છે !

જીવન ચેતનતણું કેંદ્ર, વળી સર્જનતણું કેંદ્ર,
ઉભય છે શાં નિરાળાં તે ! છતાં તે મૂળમાં **एक**.

હૃદય સર્જનતણાં મૂળે પરોવી દીધું છે પ્રેમે,
સમર્પણભાવ શો કેંદ્રે અમે આરોપી દીધો છે !

હરિઃૐ

## ચરણકમળે પ્રભુ તારે

હૃદયની લાગણીઓને ચરણમાં ઠાલવ્યા કરી છે,
કદીક આંસુ બહેલાવી તને વીનવ્યા કરેલો છે.

'પ્રભુ તું સાંભળે કે ના', અમારે ના નીરખવું છે,
તને જે તે કહ્યા કરવું, અમે શો ધર્મ માન્યો છે !

બધું નિવેદવું જે તે ચરણકમળે પ્રભુ તારે,
અમારું કર્મ રોજિંદું, સકળ વ્યવહાર અમ તે છે.

તને સંબોધવું ભાવે જીવનનો પ્રાણ અમ તે છે,
જીવન વ્યવહાર તેવાથી, જીવનશક્તિ મળેલી છે.

હરિઃૐ

## ખરેખર વાંક મારો છે

જીવનની રાહ પર મુજને પ્રભુ **તેં** શો ચઢાવ્યો છે !
ચઢાવીને, મને પાછો બહુ જ રખડાવી માર્યો છે.

ભરોંસો દિલ મુજને કે મને તું ઠીક ચલવે છે,
મને શું જવાબદારીનું હૃદયમાં ભાન જગવ્યું છે !

હૃદયના ભાનથી તેવા પ્રભુ મૂર્ખામીનું મુજને-
થયું દર્શન પૂરેપૂરું, હૃદય તેથી જગાયું છે.

પ્રભુ, **તેં** બુદ્ધિ આપી છે, સમજવાને બધું જે તે,
પછી હું ઢોળું તુજ પર તે ખરેખર વાંક મારો છે.

હરિઃૐ

# ધણીધોરી પ્રભુ તું છે

અમોને ના જીવન પરવા, હૃદય પરવા તમારી છે,
અમારો સર્વ આધાર તમારા એકલા પર છે.

અમારા સર્વ જીવનનો ધણીધોરી પ્રભુ તું છે,
રહી છે આળપંપાળ અમારે કંઈ હવે ના તે.

બધી સંભાળ લેનારો ધણીધીંગો હરિ જ્યાં છે,
જીવનમાં કંઈ જ કરવાનું અમારે શું પછી રહે છે ?

પૂરેપૂરો બધી વાતે નિયંતા દક્ષ જીવનનો,
અમારે શી પછી ચિંતા ! સૂતેલો સોડ તાણી શો !

હરિઃૐ

## અમે દિલ રાખ ચોળી છે

મહામુસીબત થકી ભારે પ્રભુ તું હાથ આવ્યો છે,
હૃદયમાં કેટલો કેવો મને તપવ્યા કરેલો છે !

હવે તો શો તને બથમાં લઈ ! ના છોડવાનો છે,
છતાં કેવો દઈ તાળી પ્રભુ તું છટકી જાયે છે !

અજંપો કેટલો તીવ્ર ભયંકર દિલ જગાડે ! ને
-મને આરામ જીવનમાં ન વળવા તે જરા દે છે.

જીવનમાં વેદના એવી કશાનીયે ન જાણી છે,
છતાં શી વેદનાની તે અમે દિલ રાખ ચોળી છે.

હરિઃૐ

# પ્રભુ તારાં ચરણમાં છે

જીવનની સર્વ તાકાત **हरि** તારી મદદથી છે,
જીવનની સર્વ સમજણ તે **हरि** મતિથી મળેલી છે.

બધું અસ્તિત્વ મારું તે પ્રભુ અસ્તિત્વ તુજથી છે,
પ્રભુ જેવો હું તેવો તે પ્રભુ આધાર તુજથી તે.

કંઈક જો જાગ્યું છે મુજમાં પ્રભુ તુજ ભાનથી તે છે,
નમાલો તુજ વિનાનો સો ખરેખર સૌ રીતે તે છે !

જીવનસૌંદર્ય **हरि** તું છે, જીવનગૌરવ પ્રભુ તું છે,
અમારું સર્વ જે તે કંઈ પ્રભુ, તારાં ચરણમાં છે.

હરિ:ૐ

## સમજવા ભાવ હૈયાનો

નિમિત્તના તત્ત્વના જ્ઞાનતણો અનુભવ જીવન જે છે,
રહી ત્યાં પ્રકૃતિ સાધન વળી ગુણ દ્વંદ્વ સાધન છે.

મળે જે સારું કે નરસું ન તે રીતે નીરખવું છે,
નિમિત્ત છો ગમે તેવું છતાં ત્યાં ભાવ તરતો છે.

ભલેને દ્વંદ્વ ને ગુણ નિમિત્તો છો પ્રવર્તે તે,
છતાં તે વર્તને હેતુ રહેલો જીવતો શો છે !

સમજવા ભાવ હૈયાનો વળી હેતુ અનુભવવા,
કહીંથી લાવવી બુદ્ધિ સમત્વવાળી જીવતી ત્યાં ?

હરિઃૐ

# ખરો તું માત્ર બેલી છે

હૃદય સમજણ ઊગેલી કે જીવનકલ્યાણ હરિથી છે,
હૃદય તેથી હરિ સ્મરવાતણો શો ભેખ લીધો છે !

જીવનમાં તો સ્મરણ વહાલું અખંડ તેં કરાવ્યું છે,
ભજાવીને હૃદય તુજને ચરણમાં તેં જિવાડ્યો છે.

પતિતને શો નવાજીને મને તારો બનાવ્યો છે !
ગરીબની પર કરી કરુણા રહમ મુજ પર શી કીધી છે !

ગરીબનો એકનો એક ખરો તું માત્ર બેલી છે,
શરણ તારું ગ્રહી તેથી ચરણ તારે પડેલો છે.

હરિઃૐ

## પ્રભુની ભાવશક્તિથી

જીવન પ્રત્યક્ષ પુરાવો કૃપાનો શો મળેલો છે !
'બધાંયે કેટલાં દર્દ સહેવાયે,' અનુભવ છે.

દર્દની વેદના ઉત્કટ થતી શી તીવ્ર રહે ભારે !
છતાં મન વેદનામાં તે કદી પણ ના ભરાયે છે.

શરીરની તે વજન સ્થિતિ કશી ના ફેરવાયે છે,
બધાં હોવા છતાં દર્દ શરીર નિજ કર્મ ચલવે છે.

પ્રભુનો ભાવ હૈયામાં જીવન જે અવતરેલો છે,
પ્રભુની ભાવશક્તિથી બધો વ્યવહાર ચાલે છે.

હરિઃૐ

# જીવનને ધન્ય કરવું છે

પ્રભુના પ્રેમના પંથે જવાનું છે, જવાનું છે,
સ્મરણ, કીર્તન, ભજનભાવે તને સંબોધવાનો છે.

હૃદયમાં પ્રાર્થનાભાવે તને પોકારવાનો છે,
હૃદયના આત્મનિવેદન થકી તુજને રીઝવવો છે.

શું વારંવાર ભેટીને જીવનરસ ચાખવાનો છે,
થતાં પળવારયે નોખા હૃદયથી જીરવાયે ના.

ચરણ પ્રેમામૃતે રસથી જીવન છલકાવી દેવું છે,
અને તરબોળ થઈ તેમાં જીવનને ધન્ય કરવું છે.

હરિઃૐ

# હરિને માત્ર ભજનારા

જીવન સંસારની રસીલી શી રોશની ભવ્ય ઝળકે છે !
થઈ ગુલતાન સૌ તેમાં નશે ડૂબી ગયેલાં છે.

ઉપર તરી આવવા શક્તિ ન કોઈનીય ચાલે છે.
છતાં તેમાંય મથનારા જવલ્લે કોક ભાગ્યે છે.

હૃદય મથનાર એવામાં જીવન કુરબાન કરી દઈને,
હરિને માત્ર ભજનારા મહા કોઈ ભાગ્યશાળી છે.

હરિ ભજવાતણો નેડો હૃદય સંપૂર્ણ જાગે છે,
ખરે તેવા જ પરવાર્યા બધી રીતે જીવનમાં છે.

હરિઃૐ

# નિરાંતે સુવડાવ્યો છે !

જુદા જુદા પ્રકારે શો જીવનમાં રસ ઝરે છે શો !
રસાસ્વાદે કરણ ઇંદ્રિય મહાલી ભાન ભૂલી સૌ.

પ્રકૃતિની શી વૃત્તિમાં કરણ ઇંદ્રિય રસથી શાં
-ડૂબેલાં રહે પૂરેપૂરાં, પૂરું બસ એટલું ના છે.

કરણ, ઇંદ્રિયને કેવી તહીં મધલાળ વળગે છે !
છૂટા તેથી થઈ, મુક્ત ન કોઈ થઈ શકે છે તે.

મહા કો' ભાગ્યથી લાધ્યું સ્મરણનું એક સાધન જે,
ઉગારી શો મને **એણે** નિરાંતે સુવડાવ્યો છે !

હરિઃૐ

# અનુભવથી ઝરે રસ તે

હૃદયથી દિલ ખોલીને હૃદયથી ગેલ કરી કરીને,
જીવનરંગતથી ખેલીને અનુભવવો મહારસ છે.

નકામું રસ વિના લૂખું જીવનમાં સર્વ લાગે છે,
હૃદય સંકળાયેલા રસથી જીવ્યા કરવું જીવનમાં છે.

તપશ્ચર્યા પ્રભુ ભારે જીવનમાં **તેં** કરાવી છે,
કરાવી તપ જીવનમાં **તેં** જીવન લહાવો ફળાવ્યો છે.

જીવનરસથી જ વહાલું છે, મહત્ત્વે મોખરે રસ છે,
ખરેખર શો હરિ રસ છે ! અનુભવથી ઝરે રસ તે.

હરિઃૐ

# કસોટી કારમી કેવી

કસોટી કારમી કેવી જીવનમાં તો થયેલી છે !
કદીક ઢીલું પડાયું છે, કદીક કેવું ટકાયું છે !

ઊભું રહેવાતણી કેવી ટકી શકવા ટટારી તે,
મહત્ત્વાકાંક્ષી દિલકેરા મથામણની નિશાની છે.

ચહેલું મેળવી લેવાતણી લાગેલી લહે શી તે !
કર્યા કરી કેમ ગોદાટી સતત ચલવ્યા કરેલું છે.

જરાપણ રાહ જોવાને ન કંઈ આરામ લીધો છે,
ન જ્યાંથી પાછું ફરવાનું વહેલા તે પરમ ધામે.

હરિ:ૐ

# પ્રભુની મહેરબાની તે

'અમે તો દેડકાંકેરી છીએ તે પાંચશેરીની-
ગણતરી ના કશામાં છે' અમે એવાની શક્તિ શી !

છતાંયે તારી શક્તિની મને શી ઓથ લાધી છે !
જીવનમાં આંધળી દોટ સહારે તે મૂકી મેં છે.

'ફવાશે કે ફવાશે ના' કશી એની ન છે પરવા,
કર્યા કરવાનું ધારીને રહેવાયું જ મંડેલા.

સતત નિશાનને લક્ષે ભૂલ્યાચૂક્યા વિના હૃદયે,
ધરી ધરીને મથાયું છે, પ્રભુની મહેરબાની તે.

હરિઃૐ

## જીવનરંગત ફરી ગઈ છે

અમારી બુદ્ધિની કિંમત પ્રભુ આગળ નકામી છે,
અમારી બુદ્ધિનું ડહાપણ કને તારી ન ચાલ્યું છે.

પડી હેઠા બધી રીતે અમારી બુદ્ધિ ત્યારે તે,
બહુ મારી જ તરફડિયાં જઈ હારી, શરણ ઢળી છે.

થઈ જ્યાં માનતી તુજમાં જીવનરંગત ફરી ગઈ છે,
નીરખવામાં હૃદય તુજને હવે શો સ્વાદ એને છે !

ખૂબી ખૂબી જીવનમાંની મને મતિએ બતાવી છે,
ચરણની પ્રેમભક્તિમાં મને **એણે** જ જોડ્યો છે.

હરિ:ૐ

## સ્મરણની ભાવશક્તિ શી !

ગરજના ભાનથી કેવું સ્મરણ દિલમાં થયેલું છે !
સ્મરણથી જે ચલાયું છે જુદી પગથી પડેલી છે.

સ્મરણના ભાવથી કેવો જીવનપટ સાવ બદલાઈ-
-નવો ચીલો જ પાડ્યો છે સ્મરણની ભાવશક્તિ શી !


નવો પટ શો પડાવીને જીવન બદલાયું કેવું છે !
અનુભવથી જણાતાં શી પ્રતીતિ દિલ પ્રસરી છે !

હવે તો **આ** જીવનમાં ના મનાવવાપણું રહ્યું છે,
અનુભવથી જ સાબિતી મળી રહે જેની તેનીયે.

હરિ:ૐ

# ખંડ - ૫

# અનુભવ હકીકત



જીવનમાં મળ બધા ધોવા અમે મેલું ઉપાડ્યું છે,
ઉપાડ્યું માત્ર એટલું ના, અમે મેલુંય ખાધું છે.

હરિઃૐ

# થતાં સાકાર અનુભવથી

હૃદયરસનું ખરેખર જે જીવનનું કેંદ્રબિંદુ છે,
મનાદિ સર્વ કરણોને પરોવેલાં જ રાખે તે.

જીવનના હેતુને પૂર્ણ જીવનના કેંદ્રના રસને
-ઝરાવીને ઝરાવીને, અમે સાકાર પરખ્યો છે.

નિરાકાર હૃદયરસ જે થયું અવતરવું હૃદભાવે
શું પ્રસરી રોમરોમેયે થતો સાકાર કેવો તે !

થતાં સાકાર અનુભવથી નિરાકાર હૃદયનું જે
-ખરેખરું તત્ત્વ અનુભવમાં પૂરું તે દિલ પ્રગટે છે.

હરિઃૐ

# પ્રભુ સત્‌માં, અસત્‌માં છે

અમે દોસ્તી હરિ સાથે જીવન ભરની જ માંડી છે,
હરિને શું ગમે તેની હૃદય સમજણ પડેલી છે.

હરિ ખેલી રહ્યો શો છે,પૂરો તે પ્રકૃતિ વિશે !
બધે સારાંય નરસાંમાં, કળાલીલા હરિની છે.

પ્રભુ સત્‌માં અસત્‌માં છે, બધામાં છે, પરંતુ તે
-વળી સાક્ષી રહેલો છે, ભળેલો પૂર્ણ છે તોયે.

અમારાયે જીવનમાંયે હરિ ખેલી રહ્યો છે તે,
જીવન પ્રત્યક્ષ અનુભવીને લહેરે ભાવ ઊછળે છે.

હરિઃૐ

## જીવનમાં મળ બધા ધોવા

જીવનમાં મળ બધા ધોવા અમે મેલું ઉપાડ્યું છે,
ઉપાડ્યું માત્ર એટલું ના, અમે મેલુંય ખાધું છે.

જીવનના કંઈ પ્રસંગોમાં થઈ શા આંધળા પૂરા !
તહીં નાખેલું પડતું, તે હવાં નિવારવાનું છે.

સ્મરણ, કીર્તન, ભજનભાવ, નિવેદન ને સમર્પણથી,
નિરંતર તે થયા કરતાં, જીવન સ્વચ્છ થતું રહે છે.

હરિ:ૐ

## સકળ આધાર તમો પર છે

સકળ આધાર જીવનમાં અમારે તો તમો પર છે,
બધો વ્યવહાર ધરી ચરણે ચલવવાનો અમારે છે.

ચરણમાં જીવતું લક્ષ સતત રાખ્યા કરી હૃદયે,
હૃદય સ્મરતાં, હૃદય ભજતાં મનાદિને ધરાવ્યાં છે,

શરૂ શરૂમાં ન માન્યાં તે, કદીક આડાં જ ફાટ્યાં છે !
ન રોકાયાં જ રોકાયાં, કરી હિકમત શી વાળ્યાં છે,

મનાદિને લગન તારી કઈ રીતે લગાડી છે !
હૃદય શો મુગ્ધ તેથી તો થઈ તુજ પર વર્યો તુજને.

હરિઃૐ

## જતો કરજે, જતો કરજે

કરી બેસું હું ઝઘડો શો કદીક કંઈ અણસમજથી તે,
મને બોથડ પૂરો સમજી જતો કરજે, જતો કરજે.

કદીક આવી શું ગુસ્સામાં લડી બેસું હું તુજ સાથે,
મને તું સાવ નાદાન ગણી કાઢી જતો કરજે.

ખરેખર શો સ્વજન વહાલો તને મેં દિલથી માન્યો છે !
તને નિજનો પૂરેપૂરો ગણું તેથી લઉં છૂટ શો !

અજુગતું કંઈક હું તો શું કરી બેસું, છતાંયે તે
-હૃદય ચણચણતું ના તેથી, પ્રભુ જ્યાં તું જ મારો છે.

હરિ:ૐ

## હરિ સાથે મઝા શી છે !

ગતકડાં કંઈક હરિ સાથે કર્યા કેવાં કરેલાં છે !
હૃદયથી ગેલ કરવાની હરિ સાથે મઝા શી છે !

હૃદયથી ખેલ કરવાનું, રમત રમવાનું હરિ સાથે,
મહત્ત્વાકાંક્ષા દિલની તે હરિ શો પૂરી પાડે છે !

કદીક મૂકી દઈ પડતો, મને દિલ એકલાને તે,
છતાં હરિની અસર હૃદયે પૂરી શી જીવતી રહે છે !

હરિ ને હું જુદા જુદા ભલેને લાગતા છીએ,
છતાં તેવી જુદાઈમાં ફરક તલભાર ના કંઈ છે.

હરિઃૐ

# તું રાજાનોય રાજા છે

હૃદયથી લક્ષમાં લેવા અમે અરજી ધરી તુજને
હવે જો તું ન લે ધ્યાને અમારે કેમ કરવું તે ?

તું રાજાનોય રાજા છે, નજરમાં તુજ આવે ને
-સ્વતંત્ર સર્વ કરવાને પૂરેપૂરો તું માલિક છે.

સ્વતંત્રતા જ બક્ષેલી ચરણ તે સોંપી દીધી છે,
અમારે કૈં ન કારણ છે પછી તુજને કહેવાને.

અમારે તો સતત હૃદયે તને લક્ષે જ ધરવો છે,
મનાદિમાં રસે તારે અમારે મસ્ત બનવું છે.

હરિઃૐ

## બધા ખુલ્લા જ દરવાજા

રજાચિઠ્ઠી ફડાવીને વળી મંજૂરી મેળવીને,
પ્રભુ દરબારમાં તારા પ્રવેશેલા અમે છીએ.

અરે ! અહીં આવી જોયું તો કશી ગણના ન અમ કૈં છે,
'ગણતરી ના અમારી છે' અરે! એ તો થયું ઠીક છે.

અમે તો ના કશું છીએ, ગણતરી છો ઊડી જાયે,
અમારે શૂન્ય થઈ જઈને ભળી તુજમાં જવાનું છે.

અમારો પ્રેમ છે રાજા, બધા ખુલ્લા જ દરવાજા,
તને તન મન સમર્પીને અમારે ન્યાસ કરવો છે.

હરિઃૐ

## પ્રભો, માલિક તું મારો છે.

નયનકેરા ઈશારાથી છૂપા સંકેત પાઠવીને,
મને બોલાવીને પાસે હવે સામું ન જુએ છે !

'ન ઓળખતો કશું હોયે' પ્રભુ કાં એમ વર્તે છે ?
'મને દિલમાં થતું શું તે' તને શું જાણ ના તે છે ?

હૃદયના ટુકડા થઈને શો કચ્ચરઘાણ નીકળે છે !
હજારોવાર શા દિલથી તને પોકાર પાડ્યા છે !

સ્વતંત્ર શો પૂરેપૂરો પ્રભો ! માલિક તું મારો છે,
પછી ફરિયાદ કરવાનો કશો હક ના મને રહે છે.

હરિઃૐ

# જુદાઈ ના રહેવા દે

કદીક ડહાપણ હું ડો'ળું છું પ્રભુ તુજ આગળે કેવું !
મને ના ભાન કે યોગ્ય કથોલું બોલવું જે તે.

તને વિવેક વિનાનું કરું સંબોધવાનું તે,
થયા કેડે ઊગે ભાન શરમ તેથી શી આવે છે !

ભલે તું ધ્યાન તે અંગે કશું ના મુજ પરે લેશે,
છતાં હીણપત કદીક કેવી મને દિલ લાગી જાયે છે !

જીવનમાં બાળપણ ઊગી ગમે તેવું બકાવે તે,
હૃદય સગપણનું જે વહાલ જુદાઈ ના રહેવા દે.

હરિઃૐ

## નીરખતાં મસ્તી છૂટે છે !

અમારે જિંદગીભરની સગાઈ તારી સાથે છે,
કૃપાથી તેં નિભાવી છે નભી છે તો જ પ્રેમે તે.

અમારે સંકળાવાનું જીવનમાં માત્ર તુજ સાથે,
તમારામાં જ જીવવાનું તમારાથી જ વહાલું છે.

પ્રભુ, તારા વિના ચિંતવન કશું બીજું ન ચાલે છે,
હૃદય તુજને જ ચિંતવવા હૃદય શું નાચી ઊઠે છે !

જીવન સાથે તને માત્ર હૃદય શો સંઘરેલો છે !
તને જ્યાં ત્યાં બધે કેવું નીરખતાં મસ્તી છૂટે છે !

હરિઃૐ

# પ્રભુના પ્રેમસિંધુમાં

તને મળવા શી ઝળહળતી હૃદયની ઝંખના તીવ્ર !
સતત ને એકધારું તે હૃદય તુજમાં રખાવે છે.

પ્રભુના પ્રેમસિંધુમાં હૃદય તરબોળ તરવું છે,
પ્રભુના પ્રેમના રસના રસામૃતથી જ જીવવું છે.

હૃદયમાં તે બિરાજી શો હુકમ કેવો ચલાવે છે ?
હુકમનો શો અમલ કરવા અમારું દિલ ઉમંગે છે !

બધું જે તે પ્રભુકેરું હૃદય શું વહાલું લાગે છે !
પ્રભુને જે ગમે હૃદયે અમોને પ્રાણપ્યારું છે.

હરિઃૐ

# બધાંનાં મૂળમાં હરિ શો

અમારે તો હવે એક જ પ્રભુ ભજવાતણો ધંધો,
પૂરેપૂરા હૃદય રસથી જીવનમાં મુખ્ય જામ્યો છે.

કરીએ છો બધું જે તે, પરોવાયેલ તેમાં તે,
ભલેને હોઈએ પૂરા, છતાં તું કેંદ્રસ્થાને છે.

જીવનના મધ્યબિંદુમાં પ્રભુ કેવો બિરાજે છે !
હૃદય ત્યાંથી નિહાળતાં બધું જે તે નિરાળું છે.

ભલેને પ્રકૃતિ તે હો છતાં તે પ્રકૃતિમાંહે,
બધાંનાં મૂળમાં હરિ શો છુપાયેલો જણાયો છે !

હરિ:ૐ

## હૃદયનો ભાવ નોખો છે

જીવનમાં સત્ અસત્‌માં શો સમન્વય તેં કરાવ્યો છે !
ઉભય શાં એક તે પળમાં શું જોડાજોડ તે રહે છે !

વિરોધાત્મક પરસ્પરથી નિમિત્ત કારણે મળતાં,
અમે શા તેની સંગાથે છીએ તદ્રૂપ ત્યાં પૂરા !

છતાં વહાલો અમારો તે અને હું શા ઉભય ત્યારે !
પરસ્પર સંકળાયેલા હૃદયની ભક્તિના ભાવે.

પરસ્પર જે મળે તે તે પરસ્પરથી નિરાળાં છે,
પરસ્પરમાં પરસ્પરનો હૃદયનો ભાવ નોખો છે.

હરિઃૐ

## સમર્થ શો પ્રભુ મારો !

મને આધાર તુજ વિના જીવનમાં કોઈનો ના છે,
કૃપાબળનો જ શો ટેકો જબરજસ્ત મળેલો છે !

ભરોંસો તે હૃદય મારે જીવનમાં અગ્નિની પેઠે,
અનુભવથી જણાયું કે ભભૂકીને જ પ્રગટ્યો છે.

સમર્થ શો પ્રભુ મારો ! બધાંમાં ને બધી રીતે,
જીવનના સર્વ વ્યવહારે પૂરેપૂરો જ કાબિલ છે.

છલાંગો પર છલાંગો મેં કૂદી કૂદી જ મારી છે,
હતો કારણ કે તું સાથે ખરે ! બળ તેથી ફાવ્યું છે.

હરિઃૐ

# જીવનનો તું જ નિર્માતા

સમર્પણયજ્ઞ જીવનનો પળેપળનો જીવંતો ને
મનેન્દ્રિયો હૃદયથી શો ! ચલાવેલો જ ચાલ્યો છે.

જીવનની આગળે પાછળ મને ધક્કેલિયો તેં છે,
પ્રભુ તારા વિના ડગલું ન મુજથી કંઈ ભરાયે છે.

જીવનનો તું જ નિર્માતા, વળી ઘડનાર પણ તું છે,
ઘડી ઘડીને ચરણ **તારે** સમર્પાવે જ તું જે તે.

જીવનનું ના રહેવા દે અમારું કંઈ જ બાકી તું,
અમારું સર્વ જે તે કંઈ બનાવી તું જ બધું દે છે.

હરિઃૐ

# અમે નિશ્ચિંત સૌ વાતે

પ્રભુ, તારાં ચરણકેરી બલિહારી જ કેવી છે !
કંઈ કંઈ જન જઈ વારી જીવન ઓવારી નાખ્યાં છે !

ગયા છે વારી ચરણો પર વળી વળી પી રસામૃતને,
હૃદય પૂરા ધરાતા ના, જીવે તે ઝંખના ધારે.

સતત હૃદયે તને ધારી જીવનનો નેમ લીધો છે,
હૃદયમાં એકલા તારા મનન ચિંતનથી જીવવું છે.

પ્રભુ, તારા વિના બીજો ધણીધોરી ન કોઈ છે,
પડેલા પાલવે તારા, અમે નિશ્ચિંત સૌ વાતે.

હરિઃૐ

## પ્રભુચરણે પતેલો છે

બહુ બહુ રાહ બતલાવી મને લબડાવી મારે છે,
નીરખી નીરખી નયન થાક્યાં છતાં ના ભાળ લાગે છે.

કદીક દીદાર દર્શન છે, છતાં આનંદ સંતોષ-
-પૂરેપૂરો વળે છે ના, જિગરનો કારમો રોષ.

હૃદય શું ઊકળી ઊકળીને પડવવા રાડ શી તુજને
-ઘડે મનમાંહી વિચાર, છતાં અમલી બને ના તે.

હૃદય ના રીસ રાખે છે છતાં મન વળ ન મૂકે છે,
હૃદય મનનો કંઈક ઝઘડો પ્રભુચરણે પતેલો છે.

હરિઃૐ

## હૃદયના ઈશ્કને ચશ્મે

નયનમાં તુજ નયન કેવાં મિલાવીને ઈશારે તે
-સમજવાનું અમારું શું જીવન કર્તવ્ય સઘળુંયે.

જુદો જુદો જુદી રીતનો નયન અણસાર તારો તે
-હૃદયના ઈશ્કને ચશ્મે સમજવાનો અમારે છે.

હૃદય ને તે નયનકેરી જુદી જુદી શી ભાષા છે !
છતાંયે શાં હૃદય નયનો અહીં તો એક બંને છે !

હરિઃૐ

## ચરણના મસ્ત ઉપાસક

હરિ બસ એકલા સાથે જીવન મસ્તીથી રમવું છે,
લહેરો પર લહેરોની જીવનમસ્તી નશીલી છે.

નયન અમ કેફનો કેવો ઈશારો શો છૂપો તુજને !
નયન શાં બોલી તે દે છે હવે છૂપું ન તુજથી કૈં !

શું જાદુગરતણી બાજી તુરત લે જાણી જંબૂરો !
હૃદય તુજ ઇશ્કી જીવન તે નજરમાં તું સતત તેને.

અમે તો શા હૃદય તારાં ચરણના મસ્ત ઉપાસક !
પ્રતિષ્ઠા રોમરોમે શી અમે તારી ધરાવી છે !

હરિઃૐ

## હવે તો દિલ બન્યું ઈશ્કી

કદીક તો ક્લેશ કરવાનું કરી બેસું છું તુજ સાથે,
છતાં કેવું વદન હસતું પ્રભુ રાખે જ મુજ સાથે !

સહન કરનાર કોઈએ પ્રભુ તારા સમો ના છે,
અહો ! દરિયાથીયે મોટું પ્રભુ તુજ પેટ મોટું છે.

અમારાં પાપ ને દોષ પ્રભુ તેં તો ન જોયા છે,
બધાં તે તે નિવારાતાં અમોને ઉર લીધેલા છે.

હવે તો દિલ બન્યું ઈશ્કી, ગયું શું વારી તુજ પર તે !
કશું તારા વિના એને બીજું અસ્તિત્વ ના કૈં છે.

હરિઃૐ

# જુદાઈ ત્યાં ન લાગે છે

હૃદય જ્યાં ભાવ જાગે છે ન ત્યાં છે રૂપ કે રંગ,
બધુંયે એકરસથી શું ભર્યું ભરપૂર સૌ અંગ !

હૃદયરસના પ્રવાહોથી જુદી દુનિયા થયેલી જે,
જુદાઈ ત્યાં ન લાગે છે, હૃદયની એકતા શી છે !

શી રેલવવા હૃદયરસને મળેલી પ્રકૃતિ કેવી !
મળી સાધનરૂપે પોતે છતાં તે દાસી ચેતનની.

જીવનનો સ્વામી એક જ છે, બીજો સ્વામી ન નીરખ્યો છે,
અવર હો સ્વપ્નમાંયે તે ન જન્મેલો જ જાણ્યો છે.

હરિઃૐ

## ચરણરસ એક અદ્‌ભુત છે

જીવનમાં પ્રિયમાં પ્રિય કશું હો, તો પ્રભુ તું છે,
જીવન વહાલો તને પ્રીછી હ્રદય મેં તો લગાડ્યો છે.

હવે ચસવા તને ના દઉં હ્રદય જડી રાખવો તુજને,
મીઠું મીઠું હ્રદય વહાલું મને તુજથી શું લાગે છે !

રમત રમવાની તુજ સાથે જીવનમાં શી વહાલી છે !
ચરણરસ-પ્રેમઅમૃતનું જીવનલહાણું મળેલું છે.

જીવનનાં સર્વ પાસાંના અનેકે રસ અનેરા છે,
બધા તે રસતણાં મૂળમાં ચરણરસ એક અદ્‌ભુત છે.

હરિઃૐ

# અમે સેવક થઈ તારા

ધરી આધાર તારા પર અમારે જીવવાનું છે,
અમારે તો પૂરું તુજ પર જીવન અવલંબવાનું છે.

જીવનમૌલિકતા ભવ્ય શી પાંગરતી જ આવી છે !
મને તે પારખું કેવું અનુભવવા મળેલું છે !

પ્રભુના દિવ્ય દરબારતણો છડીદાર હું તો જે,
છડી પોકારવાકેરી અમારી નોકરી શી છે !

અમે સેવક થઈ તારા તને સંતોષ દેવાને,
જીવનને ખર્ચી દેવાને અમે તત્પર પૂરા છીએ.

હરિઃૐ

# પ્રીતિથી દિલ સધાયું છે

ખુદાની બંદગી પ્યારીતણી લહે કેવી લાગી છે !
બધું ચરણે નિવેદીને સમર્પું પ્રાર્થના ભાવે.

બધું જે તે કહેવાની પડી ગઈ ટેવ શી મુજને !
પૂરેપૂરું હૃદય ખુલ્લું કરી દેવાય છે ચરણે.

હૃદય નિકટ પ્રભુ તેથી ચરણ આવી શકાયું છે,
પરસ્પર દિલની સાંકળ શી તેથી સંકળાયે છે !

હૃદય તારા વિના તે ના અવર સથવાર કોઈ છે,
હૃદય સગપણ શું તુજ સાથે ! પ્રીતિથી દિલ સધાયું છે.

હરિ:ૐ

## ચરણની પ્રેમ મહોબતમાં

અમારે તો હવે જીવવું ચરણમાં લોટી લોટીને,
ચરણરસ-પ્રેમઅમૃતમાં અમારે મસ્ત નાહવું છે.

હૃદય તારે અમારે તો લપાઈને સૂવાની તે
-લહેજત શી અમારી તે અરે ! કથવી કઈ રીતે?

ચરણની પ્રેમ મહોબતમાં રસાયેલ તે હૃદયમસ્તી
-બધી ઓળંગી મર્યાદા જતી, શી ઠેકડા દેતી !

ચરણના પ્રેમના પાશે હવે તો શા અમે પૂરા
-હૃદયમાં સંકળાયેલા ! ચરણસેવક ખરા પ્યારા.

હરિઃૐ

# થવા પધરામણી હરિની

અપેક્ષાએ જ ચેતનની જીવનનું સર્વ ભૂંડું છે,
અનુભવવા નયનથી તે નીરખતાં ત્યાંય ચેતન છે.

ભયંકર કારમી ભૂખ **हरि** મળવાની લાગી'તી,
ભભૂકી શો રહ્યો ઉત્કટ હૃદય તલસાટનો અગ્નિ !

ખરેખર તો જ જીવનમાં મથ્યા કરવાનું ઊગ્યું છે,
જીવનમાં સહેજેય સરખો ન વળવા જંપ દીધો છે.

સતત ઉથલાવી ઉથલાવી થરે થર શા વળાવ્યા છે !
થવા પધરામણી હરિની બધું યોગ્ય બનાવ્યું છે !

હરિ:ૐ

# હવે એક જ અમારે તે

જીવન મહોબત હરિ સાથે અમારે શી થયેલી છે !
જીવનની એકલી સાચી અમારી તે કમાણી છે.

પહેલાં તો જગતમાયા વરી ચૂકેલી શી અમને !
સકંજામાંથી છૂટવાને કશી તાકાત ના અમને.

હરિ સ્મરવાતણો લહાવો જીવનમાં જે મળેલો છે,
હૃદય નિશ્ચિંતતા પાકી પછી અમને વરેલી છે.

જગતમાયા અમારા તે હરિ વહાલાની લીલા છે,
હવે એક જ અમારે **તે** જીવન જીવવાનું સાધન છે.

હરિઃૐ

# હૃદય મહોબત હરિની છે

હરિનો પ્રેમ મેળવવા જીવન જો નેમ પાકી છે,
રમ્યા કરવો ઘટે हरि તો મનાદિના કરણમાં તે,

રમ્યા કરતું રહે જેને વિશે દિલ ઝંખનાથી, તે
-हरिनो એક શો માત્ર ખરો ભક્ત થવાનો છે !

હૃદય ભજવાની રઢ લાગી, ચરણમાં દિલ લગાડ્યું છે,
પ્રભુ કેડે જીવન કેવું હૃદય રસબસ થયેલું છે !

જીવનની ઝંખના એક જ હરિ કાજે અમોને છે,
જીવનમાં જીવવાની શી હૃદય મહોબત હરિની છે !

હરિઃૐ

# ભજનથી તો તરાયું છે

અમારે તો હરિ ભજવા, હરિ રટવા, હરિ સ્મરવા,
હરિને પ્રાર્થનાકેરો હૃદય અભ્યાસ પાડ્યો છે.

મળ્યું જીવન બધું જે જે થયો અનુરાગ તેમાં છે,
હૃદયનાં પ્રાર્થના, કીર્તન, ભજનથી તો તરાયું છે.

હૃદય ભજવાથી શો ભાવ અકલ્પ્ય ઓર સ્ફુરે છે,
અખંડિત ભાવના બળથી સમર્પાયું જીવન મુજ છે.

હરિ ભજવાતણો લહાવો જગતજનથી ન સમજાશે,
ઝુકાવ્યું છે હૃદય પૂર્ણ અનુભવી એક તે શકશે.

હરિઃૐ

## તને રાજી કરી, જીવવું

હૃદયના કર્મયજ્ઞોથી તને સંતોષ ધરવો છે !
તને રાજી કરી, જીવવું અમોને વહાલું લાગે છે.

બધી રીતે અમારું મુખ સતત તારી તરફ રહે છે,
તને નીરખી હૃદય હરદમ ગમે છે જીવવું અમને.


'નયન સામે, હૃદય સામે, મનાદિના કરણ સામે,
તને એકીટશે ધારી જીવન જીવવું જ,' જીવન છે.

'અમારાં ચિત્ત, મન, પ્રાણ, અહં, મતિને પરોવીને
-ચરણમાં સાવ નિશ્ચિંત અમે કેવા થયેલા તે !

હરિઃૐ

# ખંડ - ૬

# તમે અને અમે



તમારા ને અમારા તે જીવનમાં મેળ પડવાને,
અમે શા અવતરી નીચે તમો સાથે ભળી જઈએ.

હરિઃૐ

## હૃદય તત્પર નથી શાને ?

અમારે ને તમારે તે કશું શું વહેંચવાનું છે ?
કશી લેવડ ન દેવડ છે, પછી તકરાર શેની છે ?

જીવનમાં મૈત્રી કેળવવા પરસ્પર દિલ ઝંખે છે,
પરસ્પરમાં પછી ભળવા હૃદય તત્પર નથી શાને ?

પરસ્પરમાં હજી પૂર્ણ, પરસ્પરથી હૃદય ભાવે
-ભળાતું ના, હૃદય તેનું હજી શૂળ કાં ન પ્રગટે છે ?

મળ્યાં છીએ જીવનમાં જો મળી, ભળીને, ગળી જઈને,
જીવનલહાવો અનુભવવા હવે કૂદી ન કાં પડીએ ?

હરિઃૐ

## જીવન યાહોમ કરી દ્યોને !

પરસ્પર एक બનવાને પરસ્પરનું હૃદય જો છે,
પરસ્પર કાં પછી દિલમાં નજીક ના આવતાં છીએ ?

પરસ્પરના જીવન વિશે કશુંક કંઈ ખૂંચતું જે છે,
જરૂર તે ખોળી કાઢીને પૂરું નિર્મૂળ કરી દઈએ.

જીવનના હેતુને વિશે પરસ્પર એક જો છીએ,
તમન્ના ધ્યેયની હૃદયે લગાડી કાં ન દિલ દઈએ ?

અમે જો યોગ્ય ના હોઈશું અમોને છોડશે ના તે,
અયોગ્ય જે અમારું સૌ અમારી પાસ રહેવા દો.

તમારું સૌ તપાસી લો તમે યોગ્ય થઈ જઈને,
વળી જઈને પ્રભુચરણે જીવન યાહોમ કરી દ્યોને !

હરિઃૐ

## નશો એનો અનોખો છે

રૂઆબી જો જીવનમાં છે બીજા પર કાં ચલાવો છો ?
ખૂણો તમ વાંકોચૂકો કાં અવરને ખૂંચવા દો છો ?

જીવનની મસ્તીનો સાચો હૃદય પ્રગટેલ રૂઆબ,
હૃદય નિસ્પૃહતાકેરો ફૂટી શો નીકળે આપ !

જગતજન સમજી ના શકશે જીવનની મસ્તી એવાની,
જીવનના મસ્ત ખેલાડી ધરે પરવા ન કૈં તેવી.

જીવનની મસ્તીથી ખેલે નશો એનો અનોખો છે,
બધાં સાથે હળે કેવો છતાં તરતો રહે શો તે !

હરિ:ૐ

## વળગવું હો જુઓ વળગી

જીવનની જો પડી ના છે, જીવનને કાજ પછી યત્ન
-તમારાથી થવાના ના, મરી  મથતાં ભલે છેક.

તમારું સૌ કરી દેશે બીજું કોક 'હૃદય શ્રદ્ધા
-જીવંતી જો તમારી હો' પછી તેવી ન કાં સ્પૃહા ?

ગરજ સાચી પૂરેપૂરી તમારે જો અમારી છે,
પછી વરતાય છે તેમ ન કેમ શું જીવનમાં તે ?

વળગવાનું કર્યે ખાલી નીપજવાનું કશું ના છે,
વળગવું હો જુઓ વળગી જીવન યાહોમ કરી દઈને.

હરિઃૐ

# મળેલાંને વિનંતી છે

જીવનમાં સ્વાર્થ જેમાં છે પરોવાયેલ મન રહે છે,
જીવનવિકાસને માર્ગે તપાસી લ્યો, ગરજ શી છે ?

અમારે તો જીવનમાં શી તમારી સાથ નિસ્બત છે !
અમે વળગેલ તમને શા ઉમળકાથી હૃદે ચહીને !

પ્રભુકર્મ ફળવવાને જરૂર અમને તમારી છે,
અમારે તો તમારો શો હૃદયસંબંધ ખપનો છે !

અમે ના ખોળવા આવ્યા, મળેલાં આપમેળે છો,
અમોને લાગજો ખપમાં મળેલાંને વિનંતી છે.

હરિઃૐ

# ચલો હોમાઈએ સાથે

જીવનમાં કર્મનો યજ્ઞ પ્રભુપ્રીત્યર્થ માંડ્યો છે,
અમારા એકલાથી તે કદી પૂરો ન થઈ શકશે.

લીધેલું કર્મ ફળવાને બધાંનો સાથ જરૂરી છે,
કૃપાથી જો મળેલાં છો, ચલો હોમાઈએ સાથે.

જિગર હોમાઈ જવાની તે મળેલાંમાં ન હિંમત છે,
છતાં તોયે અમારે સૌ શું જોતરવાં જ યજ્ઞે છે !

તમે સૌ સાથ દેવામાં હૃદયનો હર્ષ ઉમળકો,
પૂરો ઊભરાવવા દેજો, મને તો જ ફળે તે સૌ.

હરિઃૐ

## અનુભવી લ્યો બને છે શું ?

તમે જો મારી પાસેથી કશુંક મેળવવું ઈચ્છો છો,
ગરજ તેવી તમારામાં મને ના કાં જણાયે છે ?

તમારાં મનહૃદય મુજને પૂરેપૂરાં સમર્પી દો,
પ્રયોગ તે કરી જોઈ અનુભવી લ્યો બને છે શું ?

નકામા તે પછી દિલ જો અમે પુરવાર થઈ જઈએ,
અમો પર થૂંકજો પ્રેમે અને ફિટકાર સૌ દેજો.

જીવનમાં જે મળેલાં છે હૃદય વીનવું હું તે સહુને,
મને એકવાર અજમાવી જુઓ, સન્માર્ગ પળવાને.

હરિ:ૐ

## જીવનખેલ અમારો છે

કરી યાહોમ જીવનમાં કૂદી પડવાની તત્પરતા
-હૃદય જો લાગી હો તમને પ્રભુને માર્ગ તો પળજો.

મળેલાંને બધાંનેયે અમારી સાથ લેવાં છે,
હૃદય મહોબત થવા કાજે જીવનખેલ અમારો છે.

અમે સંસારી જીવનના પૂરા ના જાણીએ ખેલ,
તમારી સાથ ભળવામાં ન કંઈ અમ કાઢશો તેલ.

હરિઃૐ

## અમારા યત્ન શા શા છે !

વફાદારી પૂરેપૂરી હૃદયની રાખીને પ્રેમે,
અમારી સાથ જીવનમાં જુઓ વર્તી ખબર પડશે.

ન કોઈયે થતું ખાલી ન નિઃસંકોચ કોઈ છે,
મુલાયમ પણ ન કોઈ છે, જીવનપરવા ન કોઈને.

અમારો ન્યાય કાં તોળો ? તમારું તોળી તો જુઓ,
તમારું સૌ નીરખી લઈને, પછી આવો નીરખવાને.

અમારે તો તમો સાથે જીવનમંડાણ કરી હૃદયે,
તમોમાં પેસવા કાજે અમારા યત્ન શા શા છે !

હરિઃૐ

## તમારી સાથ જીવવું છે

તમે માનો, ન માનો છો અમારે ખપ તમારો છે,
અમારે વળગી રહી તમને તમારી સાથ જીવવું છે.

કુટુંબ-પરિવારની સાથે તમારું વહાલ કેવું છે ?
અમારે એટલું ભાગે શું આવે કાં ન સરવાળે ?

અમારી ના જબરજસ્તી 'તમારે આપવું જોઈએ,'
હૃદય આતુરતા લેવા જરૂર ત્યાં હોવી તો જોશે.

અમારી પાસ લેવાની હૃદયઇચ્છા તમારી છે,
તમારા દિલની તેવી ગરજ અમને ન લાગે છે.

હરિઃૐ

# કૃપા કરી આપજો હાથ

અમારે ફૂંકવો પ્રાણ જીવનના રોમરોમેમાં,
પરંતુ સૌ ભરેલું છે જગા સહેજે ન ખાલી ત્યાં.

પહાડો દુર્ગ સમ દુર્ઘટ પથે અધવચ ઊભેલા છે,
ગમે તેવા કર્યે યત્ને ન કોરાઈ શકાયે તે.

અમારે ભાગ આવેલું અમે સઘળું મથી મથીને,
કર્યા કરીને, કર્યા કરીને સતત મથતા રહીશું તે.

પરંતુ દિલમાં સાચો તમારો પૂર્ણ સહકાર,
ઘડાવાને જરૂરી છે કૃપા કરી આપજો હાથ.

હરિઃૐ

## તમોને ક્યાંથી આવે તે ?

અમારે તો હૃદયસગપણ તમારી સાથ કરવું છે,
હૃદયસગપણ કરી હૃદયે તમોને જોડવાનાં છે.

પરંતુ એકલે હાથે પડે તાલી શકે તે ના,
હૃદયમેળ તમો સાથે હજી ખાતો અમારો ના.

હૃદય સહકાર સંપૂર્ણ ગરજ ઉત્કટપણા સાથે,
-તમારા દિલનો કાં ના હૃદય અમને મળે છે તે ?

જીવનવિકાસ અર્થેની હૃદય ના ભૂખ લાગી છે,
વિકાસે તેથી બરકત તો તમોને ક્યાંથી આવે તે ?

હરિઃૐ

# ઉભય મથીએ રૂડી રીતે

કશા કોઈ હેતુને માટે મળેલાં શાં જીવનમાં તે !
ફળવવા હેતુ તે સાથે ઉભય મથીએ રૂડી રીતે.

ભલેને ભાન તમને ના જીવનના હેતુકેરું કૈં,
કૃપાથી ભાન યત્કિંચિત્ હૃદય અમને જીવંતું છે.

હૃદયના જાગતાં ભાને જવાબદારી શી પ્રેરી છે !
મળેલાં તો જરા સરખાં ન કેમેયે ચસે છે તે.

બળાપો શો હૃદય અમને થતો તેથી રહે હરદમ !
મળેલાંને જ કરગરીને હૃદય મથવા સ્તવું કંઈ પણ.

હરિઃૐ

## હૃદય તમને ઊગ્યું છે ક્યાં ?

તમારી સાથ જીવવામાં હૃદય કાં જંપ વળતો ના ?
જીવન સમૃદ્ધ કરવાને હૃદય ખ્વાહેશ તમને ના.

જીવનને જેમનું તેમ તમે રાખી, ચહો જીવવા,
'જીવન તે ના જીવન સાચું' હૃદય તમને ઊગ્યું છે ક્યાં ?

તમે તો સ્વાર્થમાં કેવાં પૂરા રસથી ડૂબેલાં છો ?
હૃદયથી ચાહવા અમને પછી ફુરસદ કહીં દિલ તો ?

તમારો માર્ગ જુદો છે, અમારોયે જુદો શો છે !
છતાં છીએ મળેલાં તો જીવનહેતુ ફળવીએ જે.

હરિઃૐ

## ખબરદારી તમારી શી !

જીવનની જીવવાકેરી તમારી રીતરસમ જે છે,
કશું તેમાં ન મૌલિક છે જીવન પછી **ए** ગણાયે શેં ?

તમારી સાથ શાં પાનાં અમારાં તો પડેલાં છે !
તમારા ને અમારા તે ફરક જીવવામહીં શો છે !

તમારા ને અમારા તે જીવનમાં મેળ પડવાને,
અમે શા અવતરી નીચે તમો સાથે ભળી જઈએ.

છતાં તોયે તમે તો શાં હતા ત્યાંના જ ત્યાં જીવો !
ચસો છો એક ડગલું ના, ખબરદારી તમારી શી !

હરિઃૐ

## પૂરેપૂરો મુબારક હો

તમોને વહાલું જે જે છે, હૃદય વળગાડ્યું તેને છે,
વિખૂટું ના થવા કદીયે તમે યત્નો કરેલા છે.

હરિ ભજવા, હરિ સ્મરવાતણી વાતો પછી શાને ?
ભલે સંસાર તો તમને પૂરેપૂરો મુબારક હો.

અમારી સાથ સંબંધ જીવનમાં જો થયેલો છે,
જીવનમાં આવવા ખપમાં અમે સંબંધ રાખ્યો છે.

જીવનની ખૂબ નિસ્બતથી તમારી સાથ જીવનમાં
-અમે સંકળાયેલા કેવા ? છતાં જાણે જ શા મિથ્યા !

હરિઃૐ

# જીવનની ખુશનસીબી શી

મળેલાં સાથ જીવનમાં અમે છીએ ભળેલા શા !
ભલામાં તેમના પૂરા અમે છીએ રસેલા શા !

છતાં તોયે મળેલાંએ અમારાં ખૂન બહુ રીતે,
જીવનમાં કેટલી વાર ખરેખર શાં કરેલાં છે !

કશી ના ગણતરી એની અમે તો દિલ ધરેલી છે,
બન્યું ના કૈં જ હો એવી સરળતા દિલ ધરેલી છે.

પ્રસાદી પ્રેમની એવી સ્વજનથી જે મળેલી છે,
જીવનની ખુશનસીબી શી અમે માનેલી દિલ છે તે !

હરિઃૐ

# જીવન રળવા ન તત્પર છે

મળેલાંએ ઊંધી રીતે વળી વળી અન્યથા રીતે,
-સમજવાનું કરેલું છે, જીવનકથની ફૂટી અમ તે !

કંઈક મેળવવું જેનાથી ગરજ જ્યાં લાગી એવી છે,
કશુંયે આડું કે અવળું ન તેનું કોઈ નીરખે છે.

અમારી પાસ જે ધન છે અમે શા આપવા તત્પર !
-પૂરેપૂરા છીએ તોયે ન લેવા કોઈ તત્પર છે.

રડાકૂટા નકામા શા મળેલાંના જ સંસારે !
ફનાગીરી વહોરીને જીવન રળવા ન તત્પર છે.

હરિઃૐ

# સકળ કથની અમારી જે

બધાં સાથે મળી ભળીને અમારે જીવવાનું છે,
છતાં અમ સાથ ભળવાને ન રાજી કો' જીવનમાં છે.

પ્રસન્ન રાખવા હૃદયે અમે શા જાગતા રહીએ !
પ્રસન્ન રાખવા અમને છતાં તૈયાર કો' ના છે !

અમે જે જે લખેલું છે સ્વજનને, વક્ર ઉક્તિ તે,
સ્વજન જીવનને લાગુ તે પડે એવું, લખાયું છે.

અમારા ગત જીવનકેરી સકળ કથની અમારી જે,
સ્વજન સંબોધીને કેવું અમે તે તે લખેલું છે !

અમારી જીવદશામાં શા વળાંકો કેટલા આવ્યા !
વટાવ્યા શી રીતે તેને અમે સ્પષ્ટ કથેલું છે !

હરિઃૐ

## જગતજન કેમ સ્વીકારે ?

અરે ! સંસારના લોક જીવનની ઉન્મની સ્થિતિને
-શકે સમજી કઈ રીતે ? સમજી અવળું કદી લે તે.

જીવનમાં જેની જેવી હો ખરેખર પહોંચ તે રીતે
-ગ્રહણ કરી લે હૃદય તેમ, ઉઘાડી તે હકીકત છે.

પ્રભુ શો સત્ અસત્ વિશે રસે ભરપૂર તેમાં છે,
અનુભવીનુંય જીવન તે જગતજન કેમ સ્વીકારે ?

હરિઃૐ

# છતાં મસ્તીથી જીવે તે

પ્રભુની શક્તિનો અંશ કદીક કોઈક નિમિત્તે,
અનુભવી તેમ પ્રત્યક્ષે છતો વ્યક્ત કરી દે છે.

છતાં પ્રસંગયે તેવો ભૂલી નરદમ જતાં લાગે,
મહત્ત્વ વ્યક્તતાનું તે ન કોઈને ગળે ઊતરે.

જીવનનો જે અનુભવી છે યથાર્થ યોગ્યભાવે તે
-જીવનમાં કોઈયે એને ન એ રીતે જ પરખ્યો છે.

સદા એને જીવનમાં તો પૂરો અંધારપિછોડો
-છવાયેલો રહે કેવો ? છતાં મસ્તીથી જીવે તે.

હરિઃૐ

# પિછાને કોઈક એવો તે

તમારા દિલને અમમાં રસે રંગાયેલાં કરવા,
અમારાથી થયા યત્નો બધા ફોગટ થયા શું તે ?

जीवति–रागादि વૃત્તિથી તમારી સાથ ભળવાને,
હૃદય કેવું મથેલા તે ! વ્યથા ઉત્કટ અમારી છે.

ભળ્યા તોયે અનોખોયે વળી તરતાં રહ્યા કરીને,
અમે જે વેશ ભજવ્યો છે પિછાને કોઈક એવો તે.

અમારાં દિલ દિલનાં શાં બધાં ઘમસાણ ન્યારાં છે !
જીવનસંગ્રામમાં કેવાં અમારાં દિલ ઘવાયાં છે !

ઘવાયાં છે છતાં પોતે સજીવન તે થયેલાં છે,
સદા તત્પર જીવનપ્રિય આ થવા શાં ઓતપ્રોત તે !

હરિઃૐ

## ચહો નમવું હૃદયથી જો

તમારી સાથ સંસારે અમારે જીવવાનું છે,
તમારાથી અમારે તો પ્રભુનાં કર્મ કરવાં છે.

પ્રભુનાં તે ચરણકમળે સ્વજન નૈવેદ્ય ધરવું છે,
સ્વજનનો દિલ ઉમળકો ઊછળતો કાં ન લાગે છે ?

સ્વજન લાગે પગે અમને હૃદય તે વેળ શો ભાવ
-પ્રગટતો ના જ વરતાયે, નમવું એવું નકામું છે.

ચહો નમવું હૃદયથી જો મનાદિ સર્વ કરણોને-
-નમંતાં ને પીગળતાંયે થવા ભક્તિથી, હો નેમ.

હરિઃૐ

## જીવનનો મર્મ પરખોને

અમારે ના ઝઘડવું છે, સુમેળે જીવવા દિલ છે,
હૃદય મહોબતથી જીવનમાં જીવીને મહાલવાનું છે.

તમારી સાથ જીવીને હૃદયરંગત મહાલીને,
જીવનના તત્ત્વ અમૃતનો અનુભવવો ખરા રસને.

અછકલું સાવ ક્ષુલ્લક તે જીવન કેવું નકામું છે !
નજર ઊંચી કરી વહાલાં ! જીવનનો મર્મ પરખોને.

કુટુંબ-પરિવારના સ્વાર્થે ગળાબૂડ શાં બૂડેલાં છો,
અમારીયે તરફ તમ શી નજર કૂણી થવા દેજો !

હરિઃૐ

## ઝલક શી તે ગગનગામી !

જીવનનો ભાવ વહેંચીને હૃદયથી મહાલી ભોગવવા
-તણો શો યજ્ઞ માંડ્યો છે અમે સંસારમાં પ્રેમે !

અમે જે આપવા ચહીએ નકામું લાગતું સહુને,
ન તેમાં કોઈનું દિલ છે, વ્યથા કેવી અમારી છે !

છતાં સંસારમાં કેવો અમારો તે હરિ વહાલો !
-રમે છે શો છૂપો છૂપો ! અમે મશગૂલ નીરખવામાં !

જીવનરસને હૃદય મહાલી જતો વ્યાપી જ શો સઘળે !
ઝલક શી તે ગગનગામી જીવનને ન્યાલ કરી દે છે !

હરિઃૐ

## રમતલીલા શી સંસારે !

તમારામાં અમારે તો જીવનનું બીજ મૂકવાની
-રમતલીલા શી સંસારે રમ્યા કરવાની છે ભાવે !

ભલેને લાગીએ એકલ, છતાં સહુની જ સંગાથે,
-અમે જીવવું ચહેલું છે, હૃદયની નેમ એવી છે.

અમે વિકસાવ્યું જીવનને, બધાંનાંયે જીવનમાં તે,
-જીવનમાં ગુણ ને ભાવ અમે વિકસાવવા ચહીએ.

મથાયું જે રીતે અમથી, પથે જેવું ફળાયું છે,
અમે તે રીતથી સહુને ફળવવા યત્ન કરીએ તે.

હરિ:ૐ

# અમારે ચાહી જીવવું છે.

રઝળતાને, રખડતાને, પતિત, રખડેલ, એવાને
-પ્રભુની મહેરબાની કે મને શો ઠામ પાડ્યો છે !

અમારે તો તમો સાથે હૃદયમૈત્રી જ કરવી છે,
ચહી ચહીને હૃદયપ્રેમે ગમે છે જીવવું અમને.

સ્વજનની ક્યાં નજર ઘૂમતી ન અમમાં તે વળેલી છે,
નજર ભટકેલ છે કેવી ! સ્વજનને રસ ન અમમાં છે.

છતાં તોયે અમારે તો બધાંની સાથ રમવું છે,
ભલે ચાહે, ન ચાહે છો અમારે ચાહી જીવવું છે.

હરિઃૐ

# જીવનની પ્રેમપંગતમાં

જીવનની પ્રેમપંગતમાં તમે આવી ન કાં બેસો ?
જરા સંસારથી ચસકી, હૃદય પ્રેમે પ્રવેશોને.

હૃદયનો પ્રેમ ન્યારો છે, મળે અમથો ન તે કેમે,
જીવન દેતાં ફળે કે ના કશું નિશ્ચિત ન કહેવાયે.

પરંતુ ક્યાં તમારે તો જીવનમાં જોઈએ છે તે ?
લવારો કાં નકામો તું બધિર આગળ કર્યા કરતો !

છતાં તે તે હૃદય વહાલા થકી ભરપૂર ભરેલું છે,
હૃદય અમને બધું તેથી જીવનમાં વહાલું વહાલું છે.

॥ **હરિઃૐ** ॥

## સાધનામર્મ

૧. મુખથી કે મનમાં જાગૃતપણે જપ, સાથે સાથે હૃદયપ્રદેશે ધ્યાન તથા ચેતનના ચિંતન સહ ભાવાત્મક ભાવનું રટણ.

૨. પ્રત્યેક પળે સતત સમર્પણ, સારું તેમ જ નરસું-બંનેનું.

૩. સાક્ષીભાવ, જાગૃતિ, વિચારોની સાંકળ ન જોડો.

૪. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો અને ખૂબખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યા કરો.

૫. આગ્રહો—પ્રભુચિંતન સિવાયના સર્વ આગ્રહો છોડો, નમ્રતા કેળવો, શૂન્ય થવાનું ધ્યેય રાખો.

૬. ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર અને આર્તભાવથી પ્રાર્થના કરો, ભગવાનને સર્વ સુખદુઃખ જણાવતા રહો, તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો, મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.

૭. આવી પડતાં કામો પ્રભુનાં સમજો, જરાયે કચવાટ વિના ખૂબ પ્રેમપૂર્વક તે કરો. પ્રત્યેક પ્રસંગ-બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે. પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.

૮. આત્મલક્ષી-અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી-જોઈને જાતને સંડોવવા દો નહિ.

૯. પર (પારકાંની) સેવા પ્રભુની સેવા સમજો, સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે આપ્યું છે અને રામને દઈએ છીએ, ત્યાં 'મારું મારું ' ક્યાં રહ્યું ? તારું આ જગતમાં છે શું ?

૧૦. પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વ્યવહાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવતું રાખીને કરવાં. વાંચતી-લખતી વખતે અને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ ધારણાનો અભ્યાસ કેળવ્યા કરો.

૧૧. વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક અને સ્વસ્થતાપૂર્વક નિહાળો.

૧૨. પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં

રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ થવા પ્રાર્થના કરવી.

૧૩. ઊર્મિ, આવેશ અને લાગણીને એમ ને એમ વહી જવા ન દો, તેમ જ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો, તાટસ્થ્ય કેળવો.

૧૪. જમતી વખતે અને પાણી પીતી વખતે જીવનમાં ચેતનશક્તિના અવતરણ-ભાવની પ્રાર્થના કરવી, શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઇત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

૧૫. સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મતત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો, ભાવની વૃદ્ધિ કરો.

૧૬. પ્રભુ સચરાચર છે. आत्मवत् सर्वभूतेषुની ભાવના કેળવો.

૧૭. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ, કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો, વાદવિવાદ ના કરો, પોતાનો આગ્રહ ન રાખો, બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો, માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો, ખૂબ પ્રેમભાવ કેળવો, પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે, તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ ન થતાં કર્મોની ઉપરવટ વર્તો. ફળની આસક્તિ છોડો. પોતાને થતા અન્યાયો-આવી પડતાં દુઃખો-આદિનું મૂળ પોતામાં જ છે એમ દઢાવો, ગુરુમાં પ્રેમભક્તિભાવ દઢતર કર્યા કરો. અભીપ્સા, ઇન્કાર અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્‌ભવાવો, સદાય પ્રસન્નતા પ્રવર્તાવો, કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો, પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો, મન નિઃસ્પંદ કરો, રાગદ્વેષ નિર્મૂળ કરવાની જાગૃતિ રાખો, થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વહેવારમાં જીવતા કરો, ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય, યદચ્છા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો. ક્યાંય કોઈની સરખામણી ના કરો, અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે, જીવનસાધના સારુ સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે, પ્રભુમય-તેના મૂક યંત્ર-થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.

૧૮. કર્મમાં, કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતન રહ્યા કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો. - **શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

# પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૧૯-૨૦:** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૧:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૧ :** ગૂજરાત વિદ્યાપીઠ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૩ :** 'તુજ ચરણે' તથા 'મનને'ની રચના.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૨૮ :** સાકોરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકોરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

૧૯૩૪થી ૧૯૩૯ દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં ૨૧ છાણાંની ૨૧ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. ‘મનને’ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું ‘ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ’ અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

## પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો

૧. મનને (પદ્ય)
૨. તુજ ચરણે (પદ્ય)
૩. હૃદયપોકાર (પદ્ય)
૪. જીવનપગલે (પદ્ય)
૫. શ્રીગંગાચરણે (પદ્ય)
૬. કેશવચરણકમળે (પદ્ય)
૭. કર્મગાથા (પદ્ય)
૮. પ્રણામપ્રલાપ (પદ્ય)
૯. પુનિત પ્રેમગાથા (પદ્ય)
૧૦. જીવનસંગ્રામ (પત્રો)
૧૧. જીવનસંદેશ (પત્રો)
૧૨. જીવનપાથેય (પત્રો)
૧૩. AT THY LOTUS FEET ('તુજ ચરણે'નો અનુવાદ)
૧૪. જીવનપ્રેરણા (પત્રો)
૧૫. TO THE MIND ('મનને'નો અનુવાદ)
૧૬. જીવનપગરણ (પત્રો)
૧૭. જીવનપગથી (પત્રો)
૧૮. જીવનમંડાણ (પત્રો)
૧૯. જીવનસોપાન (પત્રો)
૨૦. જીવનપ્રવેશ (પત્રો)
૨૧. જીવનગીતા (ગદ્ય-પદ્ય)
૨૨. જીવનપોકાર (પત્રો)
૨૩. આર્તપોકાર (પ્રાર્થના)
૨૪. હરિજન સંતો (ગદ્ય-પદ્ય)
૨૫. Life's Struggle ('જીવનસંગ્રામ'નો અનુવાદ)
૨૬. જીવનમંથન (પત્રો)
૨૭. જીવનસંશોધન (પત્રો)
૨૮. નર્મદાપદે (પદ્ય)
૨૯. જીવનદર્શન (પત્રો)
૩૦. જીવનપરાગ (સારસંચય)
૩૧. અભ્યાસીને (પદ્ય)
૩૨. જિજ્ઞાસા (પદ્ય)
૩૩. જીવન અનુભવ ગીત (પદ્ય)
૩૪. જીવનઝલક (પદ્ય)
૩૫. જીવનલહરિ (પદ્ય)
૩૬. જીવનસ્મરણ (પદ્ય)
૩૭. શ્રદ્ધા (પદ્ય)
૩૮. ભાવ (પદ્ય)
૩૯. જીવનરસાયણ (પદ્ય)
૪૦. નિમિત્ત (પદ્ય)
૪૧. રાગદ્વેષ (પદ્ય)
૪૨. જીવનઆહ્‌લાદ (પદ્ય)
૪૩. જીવનતપ (પદ્ય)
૪૪. જીવનસૌરભ (પદ્ય)
૪૫. જીવનસ્મરણ સાધના (પદ્ય)
૪૬. જીવનરંગત (પદ્ય)
૪૭. જીવનમથામણ (પદ્ય)
૪૮. કૃપા (પદ્ય)
૪૯. સ્વાર્થ (પદ્ય)
૫૦. શ્રીસદ્‌ગુરુ (પદ્ય)
૫૧. જીવનકથની (પદ્ય)
૫૨. પ્રેમ (પદ્ય)
૫૩. જીવનસ્પંદન (પદ્ય)
૫૪. મોહ (પદ્ય)
૫૫. ગુણવિમર્શ (પદ્ય)
૫૬. જીવનપગદંડી (પદ્ય)
૫૭. જીવનકેડી (પદ્ય)
૫૮. જીવનચણતર (પદ્ય)
૫૯. જીવનઘડતર (પદ્ય)
૬૦. ભાવકણિકા (પદ્ય)
૬૧. ભાવરેણુ (પદ્ય)
૬૨. ભાવજ્યોતિ (પદ્ય)
૬૩. ભાવપુષ્પ (પદ્ય)
૬૪. ભાવહર્ષા (પદ્ય)
૬૫. જીવનપ્રવાહ (પદ્ય)
૬૬. જીવનપ્રભાત (પદ્ય)
૬૭. કર્મઉપાસના (પદ્ય)
૬૮. મૌનએકાંતની કેડીએ (પ્રવચન)
૬૯. મૌનમંદિરનું હરિદ્વાર (પ્રવચન)
૭૦. મૌનમંદિરનો મર્મ (પ્રવચન)
૭૧. મૌનમંદિરમાં પ્રભુ (પ્રવચન)
૭૨. મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા(પ્રવચન)
૭૩. શેષ-વિશેષ (સત્સંગ)
૭૪. જન્મ-પુનર્જન્મ (સત્સંગ)
૭૫. તદ્રૂપ-સર્વરૂપ (સત્સંગ)
૭૬. અગ્રતા-એકાગ્રતા (સત્સંગ)
૭૭. જોડાજોડ (સત્સંગ)
૭૮. અન્વય-સમન્વય (સત્સંગ)
૭૯. ગ્રહગ્રહણ (સત્સંગ)
૮૦. એકીકરણ-સમીકરણ (સત્સંગ)
૮૧. પગલે પગલે પ્રકાશ (પત્રો)
૮૨. કૅન્સરની સામે (પત્રો)
૮૩. ધનનો યોગ
૮૪. મુક્તાત્માનો પ્રેમસ્પર્શ (પત્રો)
૮૫. સંતહૃદય (પત્રો)
૮૬. સમય સાથે સમાધાન (પત્રો)

આ ઉપરાંત ઉપરનાં પુસ્તકોમાંથી થયેલાં ૧૫ સંકલનો.